RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 413 Dt. 29-08-2026 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

આમારી Whatsapp Channel માં
જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

### ૩૨૦ ભારતીયો હજુ સંપર્કવિહોણા

# નેપાળમાં પૂરનો ખતરો : ૬૦૦ મોત

નવી દિલ્હી, તા.૨૮

નેપાળ-તિબ્બત સરહદી ક્ષેત્રમાં ગ્લેશિયર તૂટવાને કારણે આવેલા ભીષણ પૂર અને ભૂસ્ખલનથી હિમાલયી વિસ્તારોમાં ભારે વિનાશ સર્જાયો છે. નેપાળ અને તિબ્બત બંને વિસ્તારોમાં મળીને અત્યાર સુધીમાં ૬૦૦ લોકોના મોત થયા છે, જ્યારે બંને દેશોમાંથી કુલ ૧,૪૬૮ લોકો હજુ પણ ગુમ છે. નેપાળના નેશનલ ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન એન્ડ મેનેજમેન્ટ ઓથોરિટી મુજબ માત્ર નેપાળમાં મૃત્યુઆંક વધીને ૫૭૯ પર પહોંચ્યો છે, જ્યારે પીટીઆઈ અનુસાર આપત્તિમાં ૫૪૭થી વધુ લોકોના મોત અને ૯૭૭થી વધુ લોકો ગુમ થયા છે. આ કુદરતી હોનારતમાં ભારતના ૩૨૦ નાગરિકો સાથે હજુ સુધી સંપર્ક થઈ શક્યો નથી, જેમની શોધખોળ માટે ભારતીય દૂતાવાસ અને સ્થાનિક વહીવટીતંત્ર સતત પ્રયાસ કરી રહ્યા છે.

હિમાલયમાં અચાનક ગ્લેશિયરનો મોટો હિસ્સો તૂટી પડતાં બરફ, પથ્થર, માટી અને પાણીનો ભારે પ્રવાહ નીચે તરફ ધસી આવ્યો હતો. કાઠમંડુ અને



લ્હાસાને જોડતા આ મુખ્ય માર્ગ પર આવેલા ગામડાં, રસ્તાઓ, પુલ અને પાવર સ્ટેશનો જોતજોતામાં તણાઈ ગયા હતા. ભૂસ્તરશાસ્ત્રીય તપાસ મુજબ, શરૂઆતમાં જે ૪.૪ ની તીવ્રતાનો ભૂકંપ મનાતો હતો તે વાસ્તવમાં ગ્લેશિયર તૂટવાથી પેદા થયેલી ઊર્જા હતી. સેટેલાઇટ તસવીરોના વિશ્લેષણ અનુસાર, રસુવાગઢી સરહદથી લગભગ ૧૮ કિલોમીટર ઉપર લેન્ડે નદીનું વહેણ કાટમાળથી સંપૂર્ણ બંધ થઈ ગયું છે અને ત્યાં કામચલાઉ સરોવર બની ગયું છે. નેપાળ-ચીન સરહદે ભૂસ્ખલનથી બનેલું આ કુદરતી સરોવર ઓવરફ્લો થવા લાગતાં ફરી એકવાર વિનાશક પૂર આવવાની દહેશત ફેલાઈ છે, જેના કારણે બચાવ કામગીરી પણ થોડા સમય માટે અટકાવવી પડી હતી. નીચાણવાળા વિસ્તારોમાં ભારે જોખમ હોવાથી સેન્સર અને કેમેરા દ્વારા તેના પર સતત નજર રાખવામાં આવી રહી છે.

રસુવા સ્થિત ભોટેકોશી અને ત્રિશૂલી નદી કોરિડોરમાં આવેલા પૂરમાં કન્ટેનર પરિવહન વ્યવસાયને ભારે ફટકો પડ્યો છે. તહેવારો માટે માલસામાન લેવા રસુવાગઢી-કેરુંગ નાકા પર પહોંચેલા ૪૦૦થી વધુ કન્ટેનર ટ્રક પૂરમાં વહી ગયા છે. નેપાળ ટ્રક કન્ટેનર વ્યવસાયી સંઘ મુજબ, ૪૦૦થી વધુ ડ્રાઈવરો ઉપરાંત ક્લીનર, મજૂરો અને કસ્ટમ એજન્ટો સહિત ૧૦૦૦થી વધુ લોકો સાથે હાલ કોઈ સંપર્ક થઈ શકતો નથી. ભોટેકોશી અને ત્રિશૂલી નદી કિનારે આવેલા રસુવાગઢી, ટિમુરે અને ત્રિશૂલી બજાર જેવા ધમધમતા વિસ્તારો કાટમાળ અને કાદવ નીચે દબાઈને સંપૂર્ણ વેરાન બની ગયા છે. કાઠમંડુમાં હાઈવે સુમસામ બન્યા છે અને ડ્રાઈવરો બંધ ચેકપોસ્ટ પર ફસાયેલા છે. ત્રિશૂલી વિસ્તારમાં બચી ગયેલા લોકોની શોધખોળ માટે ભારે મશીનરી કામે લગાડવામાં આવી છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જાયસવાલ ના જણાવ્યા અનુસાર, ૩૨૦ ભારતીય નાગરિકો ઉપરાંત વિદેશી નાગરિકતા ધરાવતા ભારતીય મૂળના આશરે ૧૦૦ લોકો પણ સંપર્કવિહોણા છે, જેઓ કૈલાશ માનસરોવર યાત્રા કે ટ્રેકિંગ માટે ગયા હોવાનું માનવામાં આવે છે. વિદેશ મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે આ ઘણો મોટો પહાડી વિસ્તાર છે અને ભૂસ્ખલનને કારણે લોકો જે રસ્તો અનુકૂળ મળે ત્યાંથી બહાર નીકળી રહ્યા છે. ચીન તરફ તિબ્બત ક્ષેત્રમાં રહેલા ૪૦૦ જેટલા ભારતીયો સુરક્ષિત છે, જેમાંથી ૯૬ ભારતીયો અગાઉ ચીન તરફથી જમીન માર્ગે નેપાળમાં પ્રવેશ્યા હતા અને ૧૪૯ ભારતીયો ત્યારબાદ પહોંચ્યા છે. બીજી તરફ, તમિલનાડુના ૨૧ નાગરિકોને નેપાળી સેના દ્વારા સુરક્ષિત બચાવીને દિલ્હી પહોંચાડી દેવાયા છે. ત્રિશૂલી વન હાઇડ્રોપાવર પ્રોજેક્ટની ટનલમાં ફસાયેલા ૬૩ ભારતીયો સહિત કુલ ૩૫૦ કામદારો અને કર્મચારીઓને સેનાએ સલામત રીતે બહાર કાઢી લીધા છે.

# E20 પેટ્રોલ બંધ નહીં થાય

### જૂના વાહનો માટે E10નો અલગ વિકલ્પ મળશે? BPCLની વાર્ષિક સામાન્ય સભા પછી યોજાયેલી મીડિયા સાથેની વાતચીત

નવી દિલ્હાહી, તા.૨૮

રત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL)ના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર સંજય ખન્નાએ સ્પષ્ટ કર્યું છે કે દેશમાં E20 પેટ્રોલના બદલે E10 કરવાનો હાલમાં કોઈ પ્રસ્તાવ નથી. તેમણે જણાવ્યું કે હાલમાં ચાલી રહેલી ચર્ચા માત્ર એ બાબત પર છે કે શું જૂના વાહનો માટે ૧૦% ઈથેનોલ મિશ્રણ ધરાવતા E10 ઈંધણનો વિકલ્પ આપવો જોઈએ કે નહીં. BPCLની વાર્ષિક સામાન્ય સભા પછી યોજાયેલી મીડિયા સાથેની વાતચીતમાં તેમણે આ મહત્ત્વપૂર્ણ માહિતી આપી હતી.



સંજય ખન્નાએ જણાવ્યું કે જો સરકાર ઈથેનોલ મિશ્રણ નીતિમાં કોઈ ફેરફાર કરવાનો નિર્ણય લેશે, તો BPCL માટે E20 માંથી E10 માં શિફ્ટ થવામાં કે તેને સંભાળવામાં કોઈ ઓપરેશનલ અથવા લોજિસ્ટિકલ પડકાર નથી. તેમણે સ્પષ્ટતા કરતા કહ્યું, ''મેં એવું ક્યારેય નથી કહ્યું કે E20 ને E10 માં બદલવામાં આવશે. કેટલાક વર્તુળોમાં માત્ર એ જ ચર્ચા થઈ રહી છે કે જૂના વાહનોના ચાલકોને ઓછું ઈથેનોલ ધરાવતા પેટ્રોલનો વિકલ્પ મળવો જોઈએ કે નહીં.''

ઉલ્લેખનીય છે કે E10 પેટ્રોલમાં ૧૦% ઈથેનોલ અને ૯૦% પેટ્રોલ હોય છે, જ્યારે E20 માં ૨૦% ઈથેનોલ અને ૮૦% પેટ્રોલ હોય છે. BPCLના પ્રમુખે ઉમેર્યું કે જૂના વાહનો માટે E10 ઉપલબ્ધ કરાવવાના વિકલ્પો ચકાસવામાં આવી રહ્યા છે. એક જ સમયે પેટ્રોલના અલગ-અલગ ગ્રેડને સપ્લાય કરવા અને તેને હેન્ડલ કરવા સંબંધિત કેટલાક પડકારો ચોક્કસ છે, અને તે બાબતે હાલમાં વિચારણા ચાલી રહી છે.

તાજેતરમાં પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે એક ફેક્ટશીટ બહાર પાડીને એવા અહેવાલોને નકારી કાઢ્યા હતા કે ૨૦૨૩ પહેલાં બનેલા વાહનો E20 પેટ્રોલ પર ચાલી શકતા નથી. મંત્રાલયના જણાવ્યા મુજબ, દેશમાં છેલ્લા ૩.૫ વર્ષથી વધુ સમયથી E15-પ્લસ અને ૨.૫ વર્ષથી વધુ સમયથી E19-E20 ઈંધણનો વ્યાપક ઉપયોગ થઈ રહ્યો છે. આ સમયગાળા દરમિયાન એન્જિન ખરાબ થવાની કે વાહન ખોટકાયાની કોઈ સત્તાવાર ફરિયાદ નોંધાઈ નથી. જો ઈથેનોલ મિશ્રણથી એન્જિનને નુકસાન થતું હોત તો મોટી સંખ્યામાં વોરંટી ક્લેમ કે ફરિયાદો સામે આવી હોત.

# પરીક્ષા પદ્ધતિ સુધારવા જનતાના મંતવ્યો મંગાવતી કેન્દ્ર સરકાર

### પારદર્શી અને નિષ્પક્ષ પરીક્ષા માટે હાઈ-પાવર્ડ ટાસ્ક ફોર્સ દ્વારા ૧૩ સપ્ટેમ્બર સુધી સૂચનો આમંત્રિત

નવી દિલ્હી, તા.૨૮

દેશમાં લેવાતી સાર્વજનિક પરીક્ષાઓને વધુ પારદર્શી અને નિષ્પક્ષ બનાવવા માટે કેન્દ્ર સરકારે એક અત્યંત મહત્વપૂર્ણ અને સકારાત્મક પહેલ કરી છે. વર્ષ ૨૦૨૬ ના પરીક્ષા સુધારા અંતર્ગત ભારત સરકાર દ્વારા વિશેષ હાઈ-પાવર્ડ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે. આ ટાસ્ક ફોર્સે દેશની પરીક્ષા પ્રણાલીમાં આમૂલ પરિવર્તન લાવવા માટે દેશભરના વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને સામાન્ય નાગરિકો પાસેથી સૂચનો અને મંતવ્યો મંગાવ્યા છે. નાગરિકોને હિન્દી, અંગ્રેજી અથવા કોઈપણ પ્રાદેશિક ભાષામાં પોતાના મંતવ્યો સબમિટ કરી શકે તેવી વિશેષ છૂટ આપવામાં આવી છે.

સરકાર દ્વારા આ સમગ્ર પ્રક્રિયાને



અત્યંત સરળ બનાવવામાં આવી છે જેથી દરેક વ્યક્તિ આસાનીથી પોતાના મહત્વપૂર્ણ સૂચનો રજૂ કરી શકે. જે નાગરિકો કે શિક્ષણવિદો પોતાના મંતવ્યો આપવા ઈચ્છે છે, તેઓ સીધા જ વોટ્સએપ નંબર ૯૧-૭૮૨૭૦૪૨૮૩૦ પર ''વારિં'' લખીને મેસેજ મોકલી શકે છે. આ ઉપરાંત ટાસ્ક ફોર્સની સત્તાવાર વેબસાઈટ યઢફળયિરજ્ઞળિત-ફિંતસરજ્ઞભિય.મજ્ઞદ્બ.લજ્ઞદ.શક્ષ મારફતે પણ સૂચનો નોંધાવી શકાશે. જે લોકો ડિજિટલ માધ્યમથી અનુકૂળ ન હોય તેઓ ટોલ-ફ્રી નંબર ૧૮૦૦-૧૮૦-૪૭૪૭ પર સંપર્ક કરીને અથવા ઈમેઈલના માધ્યમથી પણ પોતાના અભિપ્રાય તંત્ર સુધી પહોંચાડી શકશે.

ટાસ્ક ફોર્સ દ્વારા આ તમામ માધ્યમો પર સૂચનો સબમિટ કરવાની અંતિમ તારીખ ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ નક્કી કરવામાં આવી છે. શિક્ષણ નિષ્ણાતોના મતે, સરકારની આ આવકારદાયક પહેલ પરીક્ષા પ્રણાલીને વધુ મજબૂત અને ક્ષતિરહિત બનાવવાની સાથે સાથે વિદ્યાર્થીઓ દ્વારા સામનો કરવામાં આવતી વાસ્તવિક સમસ્યાઓને સમજવામાં અને તેનું કાયમી નિરાકરણ લાવવામાં ખૂબ જ મદદરૂપ સાબિત થશે.

### કેન્દ્ર સરકાર સોના પરની આયાત ડ્યુટી ૧૫થી ઘટાડીને ૬ ટકા કરવા પર કરી રહી છે ગંભીર વિચારણા

# સોનું સોંઘુ થવાના એંધાણ, આયાત ડ્યુટી ઘટશે?

નવી દિલ્હી, તા.૨૮

મનીકંટ્રોલના અહેવાલ મુજબ, કેન્દ્ર સરકાર સોના પર લાગતી કસ્ટમ ઈમ્પોર્ટ ડ્યુટી ૧૫% થી ઘટાડીને ૬% કરવા માટે ગંભીરતાથી વિચારણા કરી રહી છે. જો સરકાર દ્વારા આ નિર્ણય અમલી બનાવવામાં આવશે, તો દેશના સ્થાનિક બજારમાં સોના અને ચાંદીના ભાવમાં મોટો ઘટાડો નોંધાશે. ઈમ્પોર્ટ ડ્યુટીમાં ઘટાડો થવાથી સ્થાનિક બજારમાં સોનાની આયાત અને ઉપલબ્ધતા વધશે, જેનાથી આગામી તહેવારો અને લગ્નસરાની સીઝનમાં જ્વેલરીની માંગમાં મોટો ઉછાળો આવવાની સંભાવના છે.

અગાઉ મે ૨૦૨૬માં વિદેશી મુદ્રા ભંડાર પર વધતા દબાણને ધ્યાનમાં રાખીને સરકારે સોના પરની ઈમ્પોર્ટ ડ્યુટી વધારીને ૧૫% કરી દીધી હતી. તે સમયે સોના અને ચાંદીના વધતા આયાત બિલને અટકાવવા અને રૂપિયાના ગગડતા મૂલ્યને સાચવવા માટે આ કડક પગલું ભરવામાં આવ્યું હતું. પરંતુ હાલમાં આર્થિક સ્થિતિ સામાન્ય થતાં સરકાર ફરીથી ઈમ્પોર્ટ ડ્યુટીના દરમાં ઘટાડો કરવા વિચારી રહી છે.

ભારત પોતાની વાર્ષિક જરૂરિયાત પૂરી કરવા માટે દર વર્ષે અન્ય દેશોમાંથી આશરે ૭૦૦ થી ૮૦૦ ટન સોનાની આયાત કરે છે. જો ઈમ્પોર્ટ ડ્યુટી ૧૫% થી ઘટીને ૬% થશે, તો દિલ્હી સર્રાફા બજારમાં હાલમાં પ્રતિ ૧૦ ગ્રામ રૂ. ૧,૬૩,૮૯૦ ની આસપાસ રહેલા સોનાના ભાવમાં પ્રતિ ૧૦ ગ્રામે રૂ. ૧૪,૦૦૦ થી વધુનો સીધો કડાકો આવી શકે છે. તેવી જ રીતે ૨૨ કેરેટ સોનાના ભાવમાં પણ રૂ. ૧૩,૦૦૦ થી વધુનો ઘટાડો થવાની ગણતરી આર્થિક નિષ્ણાતો દ્વારા કરવામાં આવી રહી



છે. આ નિર્ણયથી સોનાની ગેરકાયદે દાણચોરી પર પણ મોટી લગામ લાગશે.

સોના અને ચાંદીના સ્થાનિક ભાવ ઘટવાની સાથે ગોલ્ડ અને સિલ્વર ETF (એક્સચેન્જ ટ્રેડેડ ફંડ) ના ભાવમાં પણ ઘટાડો જોવા મળશે. બજારના નિષ્ણાતો અને આર્થિક વિશ્લેષકોની સલાહ મુજબ, જો ETF ના ભાવમાં ઘટાડો થાય તો રોકાણકારો માટે તે નવી ખરીદી કરવાનો એક શ્રેષ્ઠ સમય અને તક સાબિત થઈ શકે છે. આથી રોકાણકારોએ ઘટેલા ભાવનો લાભ લઈને તબક્કાવાર ખરીદી કરવાની વ્યૂહરચના અપનાવવી જોઈએ.

### નેપાળના ભયાનક જળપ્રલય વચ્ચે આશાનું કિરણ

# ત્રિશૂલી ટનલમાંથી ૩૫૦ શ્રમિકનો બચાવ

### હજુ પણ ૧૦૦થી વધુ લોકો ફસાયેલા હોવાની આશંકાઃ ગત ૨૬ ઓગસ્ટની તબાહીમાં અત્યાર સુધીમાં ૬૦૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા

નવી દિલ્હી, તા.૨૮

નેપાળમાં ભોટેકોશી નદીમાં આવેલી ભયાનક પૂરની હોનારત અને કુદરતના પ્રકોપ વચ્ચે મોત અને જીવન વચ્ચે ઝોલા ખાતા અનેક લોકો માટે આશાનું એક કિરણ પ્રગટ્યું છે. રસુવા જિલ્લામાં આવેલા અપર ત્રિશૂલી હાઇડ્રોપાવર પ્રોજેક્ટની અંધારી ટનલમાં ફસાયેલા ૩૫૦ જેટલા લાચાર શ્રમિકો અને સ્થાનિક ગ્રામજનો માટે નેપાળી સેના સાચા અર્થમાં તારણહાર બનીને આવી છે. સેનાએ અત્યંત કાળજીપૂર્વક ધસમસતા જળપ્રવાહ અને ખરાબ મોસમ વચ્ચે દિલધડક રેસ્ક્યુ ઓપરેશન પાર પાડીને આ કમનસીબ લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢી નવજીવન આપ્યું છે. વિશેષ રાહતની વાત એ છે કે, સુરક્ષિત બચાવાયેલા આ લોકોમાં ૬૩ જેટલા ભારતીય નાગરિકોનો પણ સમાવેશ થાય છે, જેમના પરિવારજનો પોતાના સ્વજનોની એક ખબર માટે કાળજું હાથમાં રાખીને બેઠા હતા.

અંધારી ટનલમાં હજુ પણ ૧૦૦થી વધુ લોકો ફસાયેલા હોવાની આશંકા હાલમાં પણ વિનાશક પૂરના પાણી વચ્ચે બચાવ કામગીરી પાર પાડવી અત્યંત જોખમી અને પડકારજનક સાબિત થઈ રહી છે. રેસ્ક્યૂ અધિકારીઓના જણાવ્યા મુજબ, ટનલના ભયાનક અંધકાર વચ્ચે હજુ પણ ૧૦૦થી વધુ કમનસીબ લોકો આશા અને નિરાશા વચ્ચે ફસાયેલા છે. તેમને સલામત રીતે બહાર લાવવા માટે સેનાના સાહસિક જવાનો યુદ્ધના ધોરણે રેસ્ક્યૂ ઓપરેશન ચલાવી રહ્યા છે. ત્રિશૂલી સ્થિત સેનાના સેકન્ડ મુવમેન્ટ ટેક્ટિકલ હેડક્વાર્ટરના વોરંટ ઓફિસર ભક્તજન બસનેટ અને સેકન્ડ લેફ્ટનન્ટ અભિષેક શાહીના નેતૃત્વ હેઠળ જુદી જુદી ટુકડીઓએ અત્યંત પ્રશંસનીય કામગીરી કરી છે. આ ટુકડીઓએ અતિ સંવેદનશીલ એવા સ્યાફ્રુબેસી, ટિમુરે, મેલુંગ અને હાકુબેસી વિસ્તારોમાંથી અત્યાર સુધીમાં કુલ ૮૮૩ પીડિતોને સુરક્ષિત સ્થાને ખસેડ્યા છે.



ગ્લેશિયર ફાટવાથી થયેલો વિનાશઃ ૫૦૦થી વધુ લોકો કાળનો કોળિયો બન્યા ઉલ્લેખનીય છે કે, નેપાળમાં ગત ૨૬ ઓગસ્ટે ગ્લેશિયર ફાટવાને કારણે બરફ, મોટા પથ્થરો અને કાંપના ધસમસતા પ્રવાહે માર્ગમાં આવતું બધું જ તહસ-નહસ કરી નાખ્યું હતું. આ ભયાનક આપત્તિમાં અત્યાર સુધીમાં ૫૦૦થી વધુ લોકો કાળનો કોળિયો બની ચૂક્યા છે અને અસંખ્ય લોકો હજુ પણ ગુમ છે. ચારેતરફ સ્વજનો ગુમાવનારા લોકોનો આક્રંદ અને વિનાશના બિહામણા દ્રશ્યો પથરાયેલા છે. અસંખ્ય ઘરો, રસ્તાઓ અને પુલ જમીનદોસ્ત થઈ ગયા છે. આ ઉપરાંત, હાઈડ્રોપાવર પ્રોજેક્ટ્સને ભારે નુકસાન પહોંચતાં ૪૩૧ મેગાવોટ જેટલું વિશાળ વીજ ઉત્પાદન સંપૂર્ણપણે ઠપ થઈ ગયું છે, જેના કારણે અનેક વિસ્તારો અંધારપટમાં ગરકાવ થયા છે.

### ચીન સરહદ નજીક ડેમ તૂટવાની દહેશત ભોટેકોશી અને ત્રિશૂલી નદીઓમાં ફરી વિનાશક પૂરનો ખતરો, નીચાણવાળા વિસ્તારોમાં હાઈ એલર્ટ જારી

કુદરતી આફતના જુના ઘા હજુ તાજા જ છે ત્યાં નેપાળ પર ફરી એકવાર જળપ્રલયનો ખતરો મંડરાઈ રહ્યો છે. તિબેટ સરહદ તરફ એક અસ્થાયી ડેમ (બેરીયર લેક) તૂટવાના અહેવાલો પ્રાપ્ત થઈ રહ્યા છે. આ ડેમ તૂટવાની શક્યતાને પગલે ભોટેકોશી અને ત્રિશૂલી નદીઓના જળસ્તરમાં ફરીથી અચાનક અને વિનાશક વધારો થવાનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. પરિસ્થિતિની ગંભીરતાને પારખીને નેપાળ પોલીસ અને આપત્તિ વ્યવસ્થાપન વિભાગે રસુવા, નુવાકોટ, ધાદિંગ અને ચિતવન જેવા નીચાણવાળા કાંઠાના વિસ્તારોમાં હાઈ એલર્ટ જારી કર્યું છે. તંત્ર દ્વારા સ્થાનિક લોકોને નદી કિનારાથી દૂર રહેવા અને તાત્કાલિક સલામત સ્થળે ખસી જવા માટે સતત અપીલ કરવામાં આવી રહી છે.

### રમતવીરોના DNAનો અભ્યાસ કરવા સેમ્પલ લેવાની શરૂઆત કરી

# નેશનલ સ્પોર્ટ્સ ડે : 'સ્પોર્ટ્સ જીનોમિક્સ' કાર્યક્રમ લોન્ચ

### કાર્યક્રમ હેઠળ ગુજરાત એથ્લીટ જીનોમ ડેટાબેઝ (G-AGD) તૈયાર કરાશે : આ ડેટાબેઝમાં આનુવંશિક, શારીરિક અને રમતગમતના પ્રદર્શન સંબંધિત માહિતીને એકત્રિક કરવામાં આવશે

ગાંધીનગર, તા.૨૮

રમતવીરોના વિકાસમાં વિજ્ઞાનનો નવો આયામ ઉમેરાય તેવી પહેલરૂપે ગુજરાતે સ્પોર્ટ જીનોમિક્સ પ્રોગ્રામ શરૂ કર્યો છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ રાજ્યનાં રમતવીરોની આનુવંશિક, શારીરિક અને રમતગમતની કામગીરી સંબંધિત વિશેષતાઓને સમજવાનો છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં નેતૃત્વ હેઠળ દેશે સ્પોર્ટ્સ સાયન્સ, રમતવીરોની ઓળખ અને હાઈ-પરફોર્મન્સ ટ્રેનિંગ માટે પુરાવા આધારિત અભિગમ અપનાવ્યો છે. ગુજરાતનાં વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનાં માર્ગદર્શન હેઠળ, વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ ગુજરાત બાયોટેક્નોલોજી રિસર્ચ સેન્ટર (GBRC) દ્વારા આ પહેલ હાથ ધરવામાં આવી છે. તેનો ઉદ્દેશ જીનોમિક્સને સ્પોર્ટ્સ સાયન્સ, ફિઝિયોલોજી અને પોષણ વિજ્ઞાન સાથે સાંકળીને રમતગમતની પ્રતિભા માટે વધુ વૈજ્ઞાનિક અને પુરાવા આધારિત અભિગમ વિકસાવવાનો છે. સ્પોર્ટ્સ જીનોમિક્સ કાર્યક્રમ શરૂ કરનાર ગુજરાત ભારતનું પ્રથમ રાજ્ય બન્યું છે,''.

GBRCનાં વૈજ્ઞાનિકોએ વિવિધ રમતોમાં ભાગ લેતા રમતવીરોના સેમ્પલ એકત્રિત કરવાનું શરૂ કરી દીધું છે. પ્રથમ તબક્કામાં ગુજરાત સ્ટેટ ટેનિસ એસોસિએશન (GSTA)નાં ટેનિસ ખેલાડીઓનાં સેમ્પલ લેવામાં આવ્યા છે. આ કાર્યક્રમ હેઠળ આગામી તબક્કામાં વિજયી ભારત ફાઉન્ડેશનના તીરંદાજી, ફેન્સિંગ, જુડો અને શૂટિંગના રમતવીરોના સેમ્પલ લેવામાં આવશે. ચાલુ વર્ષે કુલ ૨,૦૦૦ સેમ્પલ એકત્ર કરી તેનું વિશ્લેષણ કરવાનો લક્ષ્યાંક છે. તેમ અર્જુનભાઈ મોઢવાડિયાએ વધુમાં જણાવ્યું હતું. વર્ષ ૨૦૩૦માં ગુજરાત કોમનવેલ્થ ગેમ્સની યજમાની કરવાની તૈયારીઓ કરે છે ત્યારે આ પહેલનું મહત્વ ઘણુ વધી જાય છે. વૈજ્ઞાનિક રીતે રમતવીરોની પ્રોફાઇલ



તૈયાર કરવાથી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સ્પર્ધા કરી શકે તેવા ખેલાડીઓની ઓળખ અને તૈયારીમાં મદદ મળી શકે છે.

સ્પોર્ટ જીનોમિક્સ એક ઊભરતું ક્ષેત્ર છે, જેમાં આનુવંશિક ભિન્નતાઓ અને રમતવીરની લાક્ષણિકતાઓ વચ્ચેના સંબંધનો અભ્યાસ કરવામાં આવે છે. તેમાં સ્નાયુઓની રચના, સહનશક્તિ, ચયાપચય, કસરત પ્રત્યે શરીરની પ્રતિક્રિયા, રિકવરી અને ઈજાની સંભાવના જેવા પાસાંનો સમાવેશ થાય છે.જોકે, આ કાર્યક્રમમાં એ બાબતને ધ્યાનમાં રાખવામાં આવી છે કે રમતગમતની કામગીરી માત્ર આનુવંશિકતા પર આધારિત નથી. તાલીમ, કોચિંગ, પોષણ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સામાજિક સહયોગ અને અન્ય પર્યાવરણીય પરિબળો પણ રમતવીરના વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવે છે.

વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગના સચિવ પી. ભારથીએ જણાવ્યું કે, પરંપરાગત રીતે રમતગમતની પ્રતિભાની ઓળખ શારીરિક માપદંડો, કોચિંગ મૂલ્યાંકન અને ટ્રાયલ દરમિયાનના પ્રદર્શનના આધારે કરવામાં આવે છે. ગુજરાતનું પ્રસ્તાવિત મોડલ આ પ્રક્રિયામાં આનુવંશિક અને જૈવિક માહિતીનો ઉમેરો કરવાનો પ્રયાસ કરે છે, જેથી રમતવીરની વધુ વ્યાપક પ્રોફાઇલ તૈયાર કરી શકાય.પી. ભારથીએ ઉમેર્યું કે, આ કાર્યક્રમમાં પાવર, એન્ડ્યુરન્સ, ઈજાનું જોખમ અને કસરત પ્રત્યેની પ્રતિક્રિયા સાથે ન્યૂટ્રિજિનોમિક્સ, લાઇફસ્ટાઇલ જીનોમિક્સ, વ્યક્તિત્વ સંબંધિત લક્ષણો અને સર્કેડિયન રિધમ્સ જેવા પાસાંનો પણ અભ્યાસ કરવાનો પ્રસ્તાવ છે.ગુજરાત સ્ટેટ બાયોટેક્નોલોજી મિશનના મિશન ડિરેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાએ જણાવ્યું કે, પ્રતિભાશાળી રમતવીરોનું હોલ-જિનોમ સિક્વન્સિંગ આ કાર્યક્રમનો મુખ્ય હિસ્સો રહેશે. આગામી પાંચ વર્ષમાં ૧૦,૦૦૦ સેમ્પલ લેવાનો લક્ષ્યાંક છે. વિવિધ રમતગમતની શાખાઓના અગ્રણી રમતવીરોનું સ્ક્રીનિંગ કરવાની યોજના છે. દર વર્ષે આશરે ૨,૦૦૦ સેમ્પલનું હોલ-જિનોમ સિક્વન્સિંગ અને વિશ્લેષણ કરાશે, તેવું જાહેર કરાયું છે.

આ યોજના હેઠળ એથ્લેટિક્સ, સ્વિમિંગ, બોક્સિંગ, કુસ્તી, જુડો, તાઈક્વોન્ડો, જિમ્નાસ્ટિક્સ અને ફેન્સિંગ જેવી રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ફૂટબોલ, હોકી, હેન્ડબોલ, વોલીબોલ અને બાસ્કેટબોલ જેવી ટીમ તથા બોલ આધારિત રમતો ઉપરાંત બેડમિન્ટન, ટેબલ ટેનિસ, લોન ટેનિસ, કબડ્ડી અને ખો-ખોનો પણ સમાવેશ થાય છે.તીરંદાજી, શૂટિંગ અને ચેસ જેવી ચોકસાઈ અને કૌશલ્ય આધારિત રમતો પણ આ વ્યાપક યોજનાનો હિસ્સો છે.

વિવિધ વયજૂથના રમતવીરોને આવરી લેવાનું આયોજન છે. તેમાં ૧૪ વર્ષથી ઓછી ઉંમરના, ૧૪થી ૧૮ વર્ષથી ઓછી ઉંમરના અને ૧૮ વર્ષથી વધુ ઉંમરના ખેલાડીઓનો સમાવેશ થાય છે. રાજ્ય અને રાષ્ટ્રીય ચેમ્પિયન ખેલાડીઓને પ્રાથમિકતા આપવામાં આવી છે, જેના માધ્યમથી ઉચ્ચ સ્તરે પ્રદર્શન કરતા રમતવીરોની આનુવંશિક અને શારીરિક લાક્ષણિકતાઓનો અભ્યાસ કરવાની તક મળશે તેવું માનવામાં આવે છે.

# ગેરકાયદે કોસ્મેટિક્સ પ્રવૃત્તિ સામે તંત્રની લાલ આંખ

### અમદાવાદના ત્રાગડ વિસ્તારમાં 'આનકી હર્બલ' પર સપાટો, લાયસન્સ વિના ચાલતું હતું ઉત્પાદન : ૨.૬૮ લાખનો મુદ્દામાલ જપ્ત




રાજકોટ, ૨૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાની સૂચનાથી ખોરાક અને ઔષધ નિયમન તંત્ર (FDCA) દ્વારા રાજ્યભરમાં ગેરકાયદેસર કોસ્મેટિક ઉત્પાદન અને રીપેકિંગ કરતી પ્રવૃત્તિઓ સામે સઘન ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરતી આવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે રાજ્ય સરકારના 'ઝીરો ટોલરન્સ' અભિગમ હેઠળ આગામી સમયમાં પણ કડક કાર્યવાહી ચાલુ રહેશે તેવી સ્પષ્ટતા આરોગ્ય મંત્રીએ કરી છે.

આ ઝુંબેશ અંતર્ગત FDCA કમિશનરને મળેલી ગુપ્ત બાતમીના આધારે, ગત તા. ૨૫ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ તંત્રની ટીમ દ્વારા અમદાવાદના ત્રાગડ વિસ્તારમાં આવેલી 'આનકી હર્બલ' નામની પેઢી પર સરપ્રાઇઝ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. તપાસમાં ખૂલ્યું હતું કે, આ પેઢી જરૂરી લાઈસન્સ મેળવ્યા વિના તથા ગુણવત્તાના કોઈપણ પરીક્ષણ વગર જ ગેરકાયદેસર રીતે કોસ્મેટિક્સનું ઉત્પાદન અને બલ્ક પેકમાંથી રીપેકિંગ કરી રહી હતી. રૂ. ૨.૬૮ લાખથી વધુનો મુદ્દામાલ સીઝ અધિકારીઓએ સ્થળ પરથી ફેરનેસ ક્રીમ, ડાર્ક સર્કલ ક્રીમ, શેમ્પુ, હેર ઓઇલ, બોડી વોશ, ફેસ વોશ, સ્ક્રબ, સોલિડ પરફ્યુમ તેમજ ગ્લિસરીન બેઝ સાબુનો જથ્થો જપ્ત કર્યો હતો. આ ઉપરાંત કાચો માલ, પેકિંગ મટીરીયલ અને છાપેલા લેબલ્સ સહિત કુલ રૂ. ૨.૬૮ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ઓઢવના 'રવી માર્કેટીંગ' પર તપાસનો ધમધમાટ

તંત્રની વધુ તપાસમાં મોટો ખુલાસો થયો છે કે, આ ગેરકાયદેસર પ્રવૃત્તિ માટેનું બલ્ક મટીરીયલ અમદાવાદના ઓઢવ સ્થિત 'રવી માર્કેટીંગ' પાસેથી ખરીદવામાં આવતું હતું. જ્યારે શિવાન્તા રીગેલના ફ્લેટમાં કોસ્મેટિક્સનું રીપેકીંગ અને ગ્લિસરીન સાબુનું ગેરકાયદે ઉત્પાદન ચાલતું હતું. આ કડીના આધારે 'રવી માર્કેટીંગ' ખાતે પણ તપાસ લંબાવવામાં આવી છે અને સ્થળ પરથી ઔષધિય ગુણવત્તાની ચકાસણી માટે ૧૦ વિવિધ કોસ્મેટિક પ્રોડક્ટ્સના નમૂનાઓ લઈ લેબોરેટરીમાં પૃથક્કરણ અર્થે મોકલી અપાયા છે.

### બીપી ની નકલી દવાઓ બનાવતી સિન્ડિકેટનો પર્દાફાશ

તાજેતરમાં જ અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ અને ખોરાક અને ઔષધ નિયમન તંત્રના સંયુક્ત ઓપરેશનમાં બ્લડ પ્રેશર (B.P.) ની નકલી દવાઓ બનાવી તેનું વેચાણ કરતી આંતરરાજ્ય સિન્ડિકેટનો પણ પર્દાફાશ કરાયો છે. આ કૌભાંડમાં સામેલ અમદાવાદ અને લખનઉ (ઉત્તર પ્રદેશ)ના કુલ ૩ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આ સફળ કામગીરી બદલ આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ અમદાવાદ શહેર પોલીસ કમિશનર, ક્રાઇમ બ્રાન્ચ અને FDCA ના અધિકારીઓ-કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા છે.

### ઓલ ઈન્ડિયા નેશનલ લેવલ હોકી ટુર્નામેન્ટનો રોમાંચ

# ઈન્કમટેક્સ ગુજરાત ગોલ્ડ કપ સેમીફાઈનલ તબક્કે પહોંચ્યો

### દેશભરની અગ્રણી ટીમો વચ્ચે ટ્રોફી માટે ખરાખરીનો જંગ, 30 ઓગસ્ટના રોજ રમાશે ગ્રાન્ડ ફાઈનલ મુકાબલો : રાજકોટ ઈન્વેસ્ટીગેશન વિંગના ડેપ્યુટી ડાયરેક્ટર અજેશ સિંહ સેંગર રહ્યા ઉપસ્થિત

રાજકોટ, તા. ૨૮

ઈન્કમટેક્સ સ્પોર્ટ્સ એન્ડ રિક્રિએશનલ ક્લબ, અમદાવાદ દ્વારા 'ઓલ ઈન્ડિયા નેશનલ લેવલ હોકી ટુર્નામેન્ટ'નું અદ્ભુત આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રેસ્ટિજિયસ ટુર્નામેન્ટમાં દેશભરની અગ્રણી અને રાષ્ટ્રીય સ્તરની હોકી ટીમોએ ભાગ લીધો છે. રાજકોટના આંગણે રમાઈ રહેલી આ ટુર્નામેન્ટને કારણે સ્થાનિક રમતપ્રેમીઓ અને હોકી ચાહકોમાં ભારે ઉત્સાહ અને રોમાંચ જોવા મળી રહ્યો છે.

સેમીફાઈનલનું ચિત્ર સ્પષ્ટ થઈ ચુક્યું છે અને ૪ ટીમો વચ્ચે અત્યંત રોમાંચક ટક્કર જામશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. ક્વાર્ટર ફાઈનલના કડક અને રોમાંચક મુકાબલાઓ પૂર્ણ થયા બાદ હવે 'ઈન્કમટેક્સ ગુજરાત ગોલ્ડ કપ' તેના





અંતિમ અને સૌથી રસપ્રદ તબક્કામાં પ્રવેશ્યો છે. સેમીફાઈનલની ચાર દમદાર ટીમો નક્કી થઈ ચૂકી છે, જેમના વચ્ચે ફાઈનલમાં પહોંચવા માટે ખરાખરીનો જંગ ખેલાશે. જેમાં પ્રથમ સેમિફાઈનલ Incometax Gujarat vs ASF Coorg તથા બીજો સેમિફાઈનલ MP Academy vs R K Roy Academy વચ્ચે રમાશે.

સેમીફાઈનલમાં જીત મેળવનારી બે સુપરસ્ટાર ટીમો વચ્ચે ૩૦ ઓગસ્ટના રોજ ફાઈનલ મેચ રમાશે. આ પ્રતિષ્ઠિત ગોલ્ડ કપ પર કબજો જમાવવા માટે તમામ ટીમોએ મેદાન પર શ્રેષ્ઠ પ્રદર્શન કરવાની તૈયારીઓ કરી લીધી છે. ઈન્કમટેક્સ સ્પોર્ટ્સ એન્ડ રિક્રિએશનલ ક્લબ દ્વારા કરવામાં આવેલું આ આયોજન ઊભરતા અને અનુભવી ખેલાડીઓને એક ઉત્કૃષ્ટ રાષ્ટ્રીય મંચ પૂરો પાડે છે. ગુજરાતમાં હોકી રમતને વધુ વેગ આપવા અને યુવાનોને સ્પોર્ટ્સ તરફ આકર્ષિત કરવા માટે આ ટુર્નામેન્ટ અત્યંત મહત્વપૂર્ણ સાબિત થઈ રહી છે. આ આયોજન પાછળ રાજકોટ ઈન્કમટેક્સ વિભાગની ટીમ પણ ભારે જહેમત ઉઠાવી રહી છે.

રક્ષાબંધનના દિવસે યોજાયેલા ક્વોટર ફાઈનલ મેચમાં રાજકોટ ઈન્વેસ્ટીગેશન વિંગના ડેપ્યુટી ડાયરેક્ટર અજેશ સિંહ સેંગર ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો. સાથો સાથ આ સફળ આયોજન પાછળ ઈન્કમટેક્સ સ્પોર્ટ્સ એન્ડ રીક્રીએશનલ ક્લબના સેક્રેટરી રાજીવ કુમાર, દુષ્યંત ગર્ગ તથા ટ્રેઝરર રાજેશ રોશને ભારે જહેમત ઉઠાવી છે .

# નકલી દવા કાંડઃ 'ઓપરેશન સંજીવની' શરૂ

### ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીની કડક સૂચના બાદ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ મેદાનમાં : અમદાવાદથી લઈને જયપુર અને લખનૌ સુધી આંતરરાજ્ય નેટવર્કનો ઘટસ્ફોટ

અમદાવાદ, તા. ૨૮

રાજ્ય સરકાર અને મંત્રી હર્ષભાઈ સંઘવીની કડક નીતિના અમલના ભાગરૂપે અમદાવાદ પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત, જોઈન્ટ પોલીસ કમિશનર શરદ સિંઘલના માર્ગદર્શન હેઠળ ડીસીપી અજીત રાજીયાણ અને પીઆઈ વી.બી. આલની ટીમે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ સાથે મળીને નકલી દવાઓનું આંતરરાજ્ય કૌભાંડ ઝડપી પાડ્યું છે.

લોકોના આરોગ્ય સાથે ગંભીર ચેડાં કરતી હાઈ બ્લડ પ્રેશરની નકલી દવાઓનું ઉત્પાદન અને વિતરણ કરતી સિન્ડિકેટનો પર્દાફાશ કરી ક્રાઈમ બ્રાન્ચે અમદાવાદ અને ઉત્તર પ્રદેશના લખનઉથી ત્રણ શખ્સોની ધરપકડ કરી છે.







ગત ૧૯ ઓગસ્ટના રોજ અંકલેશ્વરની જે. બી. કેમિકલ્સ એન્ડ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ દ્વારા તેમની NICARDIA RETARD ૧૦ (બેચ નં. ACG૨૫૦૦૭) નામની હાઈ બ્લડ પ્રેશરની દવાની નકલી આવૃત્તિ બજારમાં ફરી રહી હોવાની ફરિયાદ નોંધાવાઈ હતી.

આરોપીઓએ અસલી દવા જેવું જ પેકિંગ, લેબલ અને બેચ ડિટેલ રાખીને દર્દીઓ માટે જીવલેણ સાબિત થઈ શકે તેવી ડુપ્લિકેટ દવાઓ બજારમાં ઉતારી હતી. તપાસ દરમિયાન ખૂલ્યું હતું કે અમદાવાદ, નડિયાદ અને ભુજ સહિતના સ્થળોએથી મળેલ નકલી દવાનો જથ્થો લખનઉથી અમદાવાદના એક સપ્લાયર મારફતે અને કચ્છ-ભુજમાં જયપુરથી ઘૂસાડવામાં આવ્યો હતો.

આ ગંભીર ગુના સબબ ડીસીબી પોલીસ સ્ટેશનમાં બીએનએસની જોગવાઈઓ હેઠળ ગુનો નોંધી પોલીસે ગત ૨૬ ઓગસ્ટના રોજ પાલડી (અમદાવાદ)ના દર્શિલ ગિરીશભાઈ સંઘવી તેમજ લખનઉના દેવેન્દ્ર રામનાથ યાદવ અને ઉમંગ અભય રસ્તોગીની સત્તાવાર ધરપકડ કરી છે. પોલીસ અને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના આ સંયુક્ત અને સઘન ઓપરેશનથી તબીબી જગતમાં સન્નાટો મચી ગયો છે.

### નેપાળના જળપ્રલયમાં ફસાયેલા ગુજરાતીઓની સંખ્યા ૨૪ પર પહોંચી

# નેપાળમાં ૧૫૦ ગુજરાતી અસરગ્રસ્ત હોવાની આશંકા

### કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલનું નિવેદનઃ નેપાળમાં ફસાયેલા નાગરિકોની વહારે આવતી ભારત સરકાર, તાત્કાલિક ૪૭.૫ ટન રાહત સામગ્રી મોકલાઈ સુરત, અમરેલી, ગાંધીનગર અને આણંદના પ્રવાસીઓનો સંપર્ક તૂટ્યોઃ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ નેપાળ સરકાર સાથે સતત સંપર્કમાં

રાજકોટ, તા.૨૮

પડોશી દેશ નેપાળમાં સર્જાયેલી પૂર અને ભૂસ્ખલનની અત્યંત ગંભીર પરિસ્થિતિ વચ્ચે ફસાયેલા ગુજરાતીઓની સંખ્યામાં સતત ચિંતાજનક વધારો નોંધાઈ રહ્યો છે. શરૂઆતમાં ૧૨ ગુજરાતી નાગરિકો સંપર્ક વિહોણા હોવાની માહિતી સામે આવી હતી, ત્યારબાદ આ આંકડો વધીને ૧૮ થયો હતો અને હવે ૨૮ ઓગસ્ટના રોજ સવારે ૭:૪૫ વાગ્યા સુધીમાં પ્રાપ્ત અહેવાલો મુજબ કુલ ૨૪ ગુજરાતીઓનો તેમના પરિવાર કે તંત્ર સાથે કોઈ સંપર્ક થઈ શક્યો નથી. રાજ્યના સ્ટેટ ઈમર્જન્સી ઓપરેશન સેન્ટર (જીઓઇઈ) દ્વારા તૈયાર કરાયેલા સત્તાવાર ડેટામાં આ ગંભીર વિગતો સામે આવી છે.

ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી નેપાળ દર્શન અને ટ્રેકિંગ માટે ગયેલા અનેક પરિવારો આ કુદરતી આફતમાં ફસાયા છે. સુરતથી ૨૩ ઓગસ્ટે નેપાળ પ્રવાસે નીકળેલા પરેશભાઈ પટેલ, જ્યોતિબેન પટેલ અને મીનાક્ષીબેન રમાણી સહિતના ગ્રુપની છેલ્લી લોકેશન માહિતી નેપાળ-તિબેટ બોર્ડર તરફની હતી, ત્યારથી તેમનો કોઈ જ સંપર્ક થઈ શક્યો નથી. બીજી તરફ, અમરેલી જિલ્લાના જાફરાબાદ સ્થિત ખંઢેરી હનુમાન મંદિરના પૂજારી ચૌહાણ કામતાપ્રસાદ (ગોમતીબાપુ) છેલ્લા ૧૦ દિવસથી અદ્રશ્ય છે. પૂજારી ગોમતીબાપુ જાફરાબાદથી ટ્રેન મારફતે અયોધ્યા ગયા હતા અને ત્યાંથી



સુલતાનપુર આશ્રમના સંતો-મહંતોના સંઘ સાથે નેપાળ જવા રવાના થયા બાદ તેમનો કોઈ પત્તો લાગ્યો નથી.

આ ઉપરાંત, ગાંધીનગરના કેટલાક પ્રવાસીઓ 'નેપાળ ટ્રેકિંગ પ્લાનર' મારફતે પ્રવાસે ગયા હોવાનું નોંધાયું છે, જ્યારે આણંદના બે પ્રવાસીઓ 'હિમાલયન ગ્લેશિયર એન્ડ એડવેન્ચર પ્લાનર' મારફતે



કૈલાશ માનસરોવર યાત્રા માટે રવાના થયા હતા. આ તમામ લોકોનો પણ અત્યારે કોઈ સંપર્ક થઈ રહ્યો નથી. સત્તાવાર યાદીમાં હાલ આ ૨૪ નાગરિકોને (ગુમ/સંપર્ક વિહોણા) તરીકે નોંધવામાં આવ્યા છે. રાજ્યનું તંત્ર કેન્દ્ર સરકાર અને નેપાળ એમ્બેસીના સંકલનમાં રહીને આ તમામ નાગરિકોનું લોકેશન ટ્રેસ કરવા



માટે યુદ્ધના ધોરણે મોનિટરિંગ કરી રહ્યું છે.

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલે આ દુર્ઘટના અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, નેપાળમાં વાઈરલ થઈ રહેલા ભયાવહ વીડિયોમાં મકાનો, વાહનો અને માણસો પાણીના ધસમસતા પ્રવાહમાં તણખલાની જેમ વહી જતા જોવા મળે



છે. નેપાળના રસૂવા સહિતના પર્વતીય વિસ્તારોમાં આવેલી આ વિકરાળ આફતમાં અત્યાર સુધીમાં ૩૯૨થી વધુ લોકોના કરુણ મોત નિપજ્યા છે અને ૧,૪૦૦થી વધુ લોકો હજુ પણ ગુમ છે, જેમાં ૨૯૦ ભારતીયોનો સમાવેશ થાય છે. પ્રાથમિક અહેવાલો મુજબ, આ જળપ્રલયમાં ૧૫૦થી વધુ ગુજરાતી પ્રવાસીઓ પણ અલગ-



અલગ વિસ્તારોમાં ફસાયા હોવાની કે અસરગ્રસ્ત થયા હોવાની પૂરી શક્યતા છે.

ભારત સરકારે આ મામલે અત્યંત ગંભીરતા દાખવી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સતત નેપાળ સરકાર અને સ્થાનિક બચાવ એજન્સીઓના સંપર્કમાં છે. ફસાયેલા નાગરિકોના રેસ્ક્યુ અને પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવા માટે ભારત તરફથી તાત્કાલિક ધોરણે ૪૭.૫ ટન જેટલી બચાવ અને રાહત સામગ્રી નેપાળ મોકલી આપવામાં આવી છે. પરિસ્થિતિ થાળે પડતા હજુ લાંબો સમય લાગી શકે છે, ત્યારે તંત્ર દ્વારા ગુજરાતમાં રહેતા તેમના પરિવારજનોને સાંત્વના આપવાની સાથે હેલ્પલાઇન નંબરો મારફતે સતત અપડેટ્સ પૂરા પાડવામાં આવી રહ્યા છે. રાજ્ય સરકારના સ્ટેટ ઈમર્જન્સી ઓપરેશન સેન્ટર (SEOC) દ્વારા ૨૪ કલાક મોનિટરિંગઃ પરિવારજનો માટે હેલ્પલાઇન નંબર - ૦૭૯-૨૩૨૫૧૯૦૦, ૯૯૭૮૪૦૫૩૦૪, ૧૦૭૦ જાહેર કરવામાં આવ્યા છે.

રાજકોટ મહાનગરપાલિકાના આવાસ યોજના વિભાગ દ્વારા EDP શાખાના સહયોગથી

# આવાસમાં ગેરરીતિ અટકાવવા માસ્ટરસ્ટ્રોક?

## ડુપ્લીકેશન રોકવા રેડ-ફ્લેગ અને ઓટો-એક્સેલ સુવિધા : પ્રારંભિક તપાસમાં જ ૧૧ બોગસ લાભાર્થીઓ પકડાયા



રાજકોટ, તા. ૨૮

રાજકોટ મહાનગરપાલિકાના આવાસ યોજના વિભાગ દ્વારા ઊઉઙ શાખાના સહયોગથી આવાસ યોજનાના અરજદારોની ચકાસણી વધુ સરળ, ઝડપી અને પારદર્શક બનાવવાના હેતુથી એક વિશેષ સોફ્ટવેર તૈયાર કરવામાં આવ્યું છે. આ સોફ્ટવેરની મદદથી અરજદારનો આધારકાર્ડ નંબર અથવા ચૂંટણીકાર્ડ નંબર દાખલ કરીને સંબંધિત વ્યક્તિએ અગાઉ મહાનગરપાલિકા પાસેથી આવાસ મેળવ્યો છે કે નહીં તેની ત્વરિત માહિતી મેળવી શકાશે.

આ સોફ્ટવેરમાં એવી ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે કે જો કોઈ અરજદારના આધારકાર્ડ કે ચૂંટણીકાર્ડ નંબરની ડુપ્લીકેટ એન્ટ્રી જોવા મળે તો સિસ્ટમ દ્વારા તુરંત 'રેડ-ફ્લેગ' અલર્ટ જનરેટ થાય છે. સાથે જ આવા ડુપ્લીકેટ રેકોર્ડની અલગ એક્સેલ-શીટ પણ આપમેળે તૈયાર થઈ જાય છે, જેના પરિણામે એક જ અરજદારે બે આવાસ મેળવ્યા હોય તેવા કેસો ઝડપથી ધ્યાને આવી શકે છે.

હાલમાં આ સોફ્ટવેર પ્રારંભિક તબક્કામાં છે અને તેમાં ડેટા ફીડ કરવાની કામગીરી ચાલુ છે. છતાં પણ, ફોર્મ-ચેકિંગ અને ફરિયાદોની તપાસ દરમિયાન અત્યાર સુધીમાં ૧૧ એવા અરજદારોની ઓળખ કરવામાં આવી છે જેમણે પોતાના નામે બે આવાસ મેળવ્યા હોવાનું ધ્યાને આવ્યું છે. આવા તમામ અરજદારો સામે નિયમોનુસાર કાયદેસરની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આ સોફ્ટવેરને વધુ અસરકારક બનાવવા માટે આગામી તબક્કામાં એક મહત્વપૂર્ણ સુવિધા ઉમેરવાનું આયોજન છે. જેમાં લાભાર્થીના પ્રથમ નામ, મધ્ય નામ અને અટક પૈકી કોઈપણ બે નામ સમાન જણાશે તો પણ રેડ-ફ્લેગ અલર્ટ જનરેટ થશે અને તેની અલગ યાદી બનશે. આ વ્યવસ્થાથી પતિ-પત્ની બંનેના નામે અલગ-અલગ આવાસ ફાળવાયા હોય તેવા કિસ્સાઓ પણ સરળતાથી પકડી શકાશે.

હાલમાં આ સોફ્ટવેરના રાઈટ્સ ફોર્મ-ચેકિંગની કામગીરી સાથે સંકળાયેલા અધિકારીઓ અને આવાસ યોજના વિભાગના સ્ટાફને આપવામાં આવ્યા છે. સંપુર્ણ ડેટા ફીડ થઈ ગયા બાદ તેના રાઈટ્સ રાજકોટ મહાનગરપાલિકાના તમામ અધિકારીઓ અને કર્મચારીઓને આપવાનું આયોજન છે. આ વ્યાપક ઉપયોગથી Peer Audit અને Social Auditની પ્રક્રિયા વધુ મજબૂત બનશે તેમજ માનવીય ક્ષતિ કે ગેરરીતિ ત્વરિત ધ્યાને આવી શકશે. ટેકનોલોજીના આ ઉપયોગથી આવાસ ફાળવણીની સમગ્ર પ્રક્રિયા વધુ પારદર્શક અને વિશ્વસનીય બનશે.

ઘણી વખત લોકો ઓળખપત્રના નંબર સિવાય નામમાં થોડા ફેરફાર કરીને અથવા પરિવારના સભ્યોના નામે એકથી વધુ આવાસ મેળવવાનો પ્રયાસ કરતા હોય છે. આ માટે આગામી સમયમાં સોફ્ટવેરમાં લાભાર્થીના પ્રથમ નામ, મધ્ય નામ (પિતા/પતિનું નામ) અને અટક - આ ત્રણમાંથી કોઈ પણ બે વિગતો સમાન મળે તો પણ રેડ-ફ્લેગ જનરેટ થાય તેવું ફીચર ઉમેરાશે. આ નવા ફીચરના કારણે જો પતિ અને પત્ની બંનેએ અલગ-અલગ ફોર્મ ભરીને બે આવાસ મેળવવાનો પ્રયાસ કર્યો હશે, તો પણ સિસ્ટમ તેને ત્વરિત પકડી પાડશે. પ્રાથમિક તપાસમાં જ ૨ આવાસ મેળવી ચૂક્યા હોય તેવા ૧૧ બોગસ લાભાર્થીઓ પકડાયા છે. આવા કિસ્સાઓમાં મેળવેલા આવાસ રદ કરવા અને કાયદેસરની કાર્યવાહી કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. હાલમાં આ સોફ્ટવેર આવાસ વિભાગ અને ફોર્મ-ચેકિંગ સ્ટાફ પુરતું મર્યાદિત છે. સોફ્ટવેરમાં તમામ જૂનો ડેટા ફીડ થઈ ગયા બાદ RMCના તમામ અધિકારીઓ અને કર્મચારીઓને આ સોફ્ટવેરનો એક્સેસ આપવામાં આવશે.

# જન્માષ્ટમી બાદ શિક્ષણ સમિતિની ચૂંટણીનો ધમધમાટ

## ભાજપ શાસનનાં ૩ મહિના બાદ પણ નિમણૂક ઠપ, હવે અઢી વર્ષની ટર્મ અંગે મોટો વિચારવિમર્શ




રાજકોટ, તા. ૨૮

રાજકોટ સહિત રાજ્યની મહાનગરપાલિકાઓમાં ભાજપ શાસકોની નવી બોડી કાર્યરત થયાને ત્રણ મહિના જેટલો સમય વિતી ગયો હોવા છતાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના નવા ચેરમેન અને વાઇસ ચેરમેન સહિતના પદાધિકારીઓની નિમણૂક લટકેલી પડી છે. સામાન્ય રીતે કોર્પોરેશનની નવી બોડી રચાયાના એક મહિનામાં જ શિક્ષણ સમિતિ આકાર લઈ લેતી હોય છે, પરંતુ આ વખતે અમદાવાદ સિવાય રાજ્યની અન્ય ૧૬ મહાપાલિકાઓમાં શિક્ષણ સમિતિનું ગઠન હજુ સુધી થઈ શક્યું નથી. જોકે, હવે સાંપડતા અહેવાલો મુજબ જન્માષ્ટમીના તહેવારો બાદ પ્રદેશ ભાજપ દ્વારા આ નિમણૂકો માટે આખરી કાર્યવાહી શરૂ કરવામાં આવે તેવી પ્રબળ શક્યતા છે.

રાજકોટ કોર્પોરેશનમાં ચૂંટણી પરિણામો બાદ પ્રથમ મહિને મુખ્ય પદાધિકારીઓ અને બીજા મહિને વિવિધ પેટા સમિતિઓની રચના કરી દેવાઈ હતી. શિક્ષણ સમિતિમાં સ્થાન મેળવવા ઉત્સુક ભાજપના કાર્યકરો અને આગેવાનો પાસેથી બાયોડેટા અને ઈચ્છા યાદી મંગાવવામાં આવતા ૧૫૦થી વધુ દાવેદારોએ દાવો નોંધાવ્યો હતો. જોકે, આ પ્રક્રિયા બાદ મામલો થાળે પડી ગયો હતો અને કોઈ આગળની હિલચાલ થઈ નહોતી. હવે તમામની નજર જન્માષ્ટમી પછી પ્રદેશ કક્ષાએથી શરૂ થનારી કવાયત પર મંડાયેલી છે. મહાનગરપાલિકામાં મેયર અને અન્ય સ્ટેન્ડિંગ કમિટી સહિતની સમિતિઓની મુદત અઢી વર્ષની હોય છે, જ્યારે શિક્ષણ સમિતિના ચેરમેન પદ પર પદાધિકારી સતત ૫ વર્ષ સુધી સત્તા ભોગવતા હોય છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, હવે પ્રદેશ કક્ષાએથી જ આ નિયમમાં ફેરફાર કરવાનો ગંભીરતાપૂર્વક વિચાર ચાલી રહ્યો છે. અન્ય સમિતિઓની જેમ શિક્ષણ સમિતિના ચેરમેન અને વાઇસ ચેરમેનની મુદત પણ અઢી-અઢી વર્ષની બે ટર્મમાં વહેંચી દેવા અંગે વિચારણા થઈ રહી છે, જેથી વધુ કાર્યકરોને સત્તાકીય હોદ્દો ભોગવવાની તક આપી શકાય.

મહાનગરપાલિકામાં મેયર, ડેપ્યુટી મેયર કે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જેવી તમામ મહત્વની પોસ્ટ અઢી-અઢી વર્ષની બે ટર્મ માટે હોય છે. માત્ર શિક્ષણ સમિતિના ચેરમેન જ સતત ૫ વર્ષ સુધી ખુરશી પર બેસી રહેતા હોય છે. આ અસમાનતા દૂર કરવા અને વધુમાં વધુ કાર્યકરોને તક આપવાના હેતુથી પ્રદેશ ભાજપ દ્વારા શિક્ષણ સમિતિના હોદ્દેદારોની મુદત પણ અઢી વર્ષ કરવાની વિચારણા અંતિમ તબક્કામાં હોવાનું સામે આવ્યું છે. જન્માષ્ટમી બાદ જાહેર થનારા નવા માળખા સાથે જ આ નવો નિયમ અમલી બને તેવી પૂરી શક્યતા છે.

### ચૂંટણીનું ગણિત અને પક્ષોનું બળ

- કુલ સભ્ય સંખ્યા : શિક્ષણ સમિતિમાં કુલ ૧૫ સભ્યો હોય છે, જેમાંથી ૩ સભ્યો રાજ્ય સરકાર દ્વારા સીધા નિયુક્ત કરવામાં આવે છે.
- ૧૨ સભ્યોની ચૂંટણી : બાકીના ૧૨ સભ્યો માટે ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાય છે. શિક્ષણ સમિતિના એક સભ્ય માટે ઓછામાં ઓછા ૬ કોર્પોરેટરોનું સંખ્યાબળ જરૂરી છે.
- પક્ષીય સ્થિતિ : ગત ટર્મમાં તમામ ૧૫ સભ્યો ભાજપના જ હતા. પરંતુ આ વખતે કોર્પોરેશનમાં કોંગ્રેસના ૭ કોર્પોરેટરો ચૂંટાયેલા હોવાથી, ગણિત મુજબ વિપક્ષ કોંગ્રેસનો ૧ સભ્ય સમિતિમાં સ્થાન મેળવશે. જ્યારે ભાજપના ૧૧ સભ્યો રહેશે.
- અનામત બેઠકોની ફાળવણી : ૧૨ બેઠકોમાંથી ૧ બેઠક અનુસૂચિત જાતિ/જનજાતિ માટે, ૩ બેઠકો શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો માટે અને ૮ બેઠકો સામાન્ય કેટેગરી માટે અનામત રાખવામાં આવી છે.

રાજકોટમાં પુરવઠા તંત્રના લોચાઃ બજાર ભાવ કરતાં પણ મોંઘા ભાવ બાંધી આપ્યા!

# તહેવારોમાં 'રાહત'નો ઘંટારવ કે પછી ભાવવધારાનો 'ઓર્ડર'?



રાજકોટ, તા. ૨૮

જનતાને તહેવારોમાં સસ્તું અને ગુણવત્તાયુક્ત મિઠાઈ-ફરસાણ મળી રહે તે માટે તંત્ર દ્વારા બેઠકોનો દોર યોજાયો હતો, પરંતુ જે ભાવ નક્કી કરવામાં આવ્યા છે તેને જોઈને રાજકોટવાસીઓ આશ્ચર્યમાં મુકાઈ ગયા છે. તંત્રના અધિકારીઓ વેપારીઓ સામે નમી ગયા હોય તેમ બજાર ભાવ કરતાં પણ વધારે ભાવનું 'ભાવ બાંધણું' કરી પ્રજાની આંખમાં ધૂળ નાખવાનો પ્રયાસ કર્યો હોવાનો વિરોધ ઊઠ્યો છે. રાજકોટના સ્વાદપ્રિય લોકો માટે તંત્ર દ્વારા નક્કી કરાયેલા ભાવ હાસ્યાસ્પદ સાબિત થઈ રહ્યા છે. શહેરમાં સામાન્ય દિવસોમાં સારામાં સારી દુકાને રૂ. ૬૦૦ના ભાવે મળતા ગાંઠિયાનો તહેવાર માટે ભાવ રૂ. ૭૪૦ નક્કી કરાયો!

બજારમાં રૂ. ૫૫૦ આસપાસ વેચાતા સીંગતેલના ફરસાણનો સરકારી ભાવ રૂ. ૬૨૦ રાખવામાં આવ્યો છે. આ આંકડા જોઈને નાગરિકો સવાલ ઉઠાવી રહ્યા છે કે, સરકારી એરકન્ડિશન્ડ કેબિનોમાં બેસતા અધિકારીઓને શું રાજકોટના વર્તમાન બજાર ભાવની ખબર જ નથી કે પછી વેપારી મંડળના દબાણ હેઠળ આ નિર્ણય લેવાયો છે? સ્વાસ્થ્યના પાઠ પણ માત્ર કાગળ પર રહી જશે?

બેઠકમાં મામલતદાર કચેરી ખાતે પુરવઠા અધિકારીઓ અને ફરસાણ એસોસિએશન વચ્ચે સ્વચ્છતા, દાજીયા તેલનો મર્યાદિત ઉપયોગ અને ધોવાના સોડા (સોડિયમ કાર્બોનેટ) કે હાનિકારક રંગો ન વાપરવાની સલાહ આપવામાં આવી હતી. પરંતુ સવાલ એ છે કે જે તંત્ર ભાવ બાંધવામાં ફ્લોપ નીવડ્યું છે, તે તંત્ર તહેવારોના દિવસોમાં ફરસાણની ગુણવત્તાનું ચેકિંગ કરવા ક્યારેય રોડ પર ઊતરશે ખરું? સરકાર રાહત દરે વસ્તુઓ પૂરી પાડવાનો દાવો કરે છે, પરંતુ રાજકોટ પુરવઠા તંત્રના આ નિર્ણયથી વેપારીઓને ખુલ્લેઆમ ઊંચા ભાવે માલ વેચવાનો 'સત્તાવાર પરવાનો' મળી ગયો છે. જો તંત્ર દ્વારા આ ભાવ બાંધણાની પુનઃ સમીક્ષા કરવામાં નહીં આવે, તો આ જન્માષ્ટમીએ રાજકોટની જનતાને મીઠાઈ-ફરસાણ મોંઘા દાટે જ આરોગવા પડશે.

# આજી-૧માં ૪૮, ન્યારી ૧માં ૩૮ ટકા જળસ્રોત

## જિલ્લામાં ૪૪.૩૯ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ : ભાદરમાં પણ માત્ર ૨૩ ટકા જ પાણી



રાજકોટ, તા.૨૮

રાજકોટ સિંચાઈ વર્તુળ પૂર એકમ દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના આંકડા મુજબ રાજકોટ જિલ્લાના વિવિધ જળાશયોમાં પાણીની આવક અને સંગ્રહ સ્થિતિ નોંધપાત્ર જોવા મળી રહી છે. શહેરની મુખ્ય જીવાદોરી સમાન આજી-૧ અને ન્યારી-૧ જળાશયોમાં પણ પીવાના પાણીનો જરૂરી જથ્થો ઉપલબ્ધ છે. ભાદર ડેમ પણ મોટો છે અને તેમાં પણ હાલની સાંપ્રત પરિસ્થિતિમાં માત્ર ૨૩% જ પાણીનો જથ્થો ઉપલબ્ધ છે.

શહેરને પાણી પૂરું પાડતા આજી-૧ ડેમની કુલ ઊંચાઈ ૨૯.૦૦ ફૂટ છે, જેની સામે હાલમાં ૧૫.૭૦ ફૂટ ખાલી છે અને જીવંત ઊંચાઈ ૨૦.૭૦ ફૂટે પહોંચી છે. આજી-૧ ની કુલ સંગ્રહ ક્ષમતા ૯૩૩ મિલિયન ઘન ફૂટ છે, જેમાંથી હાલ ૪૩૯ મિલિયન ઘન ફૂટ જીવંત જળ જથ્થો ભરાયેલો છે. આ સાથે આજી-૧ ડેમ હાલ ૪૮.૬૫% જેટલો ભરાયેલો નોંધાયો છે.

બીજી તરફ, રાજકોટના બીજા મહત્વના ન્યારી-૧ ડેમની કુલ ઊંચાઈ ૨૫.૧૦ ફૂટ છે. ન્યારી-૧ માં હાલમાં ૯.૮૦ ફૂટ ઊંચાઈ બાકી છે અને ૧૫.૩૦ ફૂટ જીવંત સંગ્રહ થયો છે. આ ડેમની કુલ ૧૨૪૮ મિલિયન ઘન ફૂટ સંગ્રહ ક્ષમતા સામે હાલમાં ૪૧૯ મિલિયન ઘન ફૂટ જીવંત પાણી ઉપલબ્ધ છે, જેથી ન્યારી-૧ ડેમ કુલ ૩૮.૫૦% જેટલો ભરાયેલો છે.

જિલ્લાના અન્ય જળાશયોની વાત કરીએ તો, ન્યારી-૨ ડેમ ૧૦૦% ભરાઈને પૂર્ણ સપાટીએ પહોંચ્યો છે. ઉપરાંત લાલપરી (૯૮.૧૦%), છાપરવાડી-૨ (૮૮.૪૯%), અને ખોડાપીપર (૮૯.૯૮%) જેવા ડેમોમાં પણ વિપુલ પ્રમાણમાં પાણીનો સંગ્રહ થયેલો જોવા મળે છે. સમગ્ર રાજકોટ જિલ્લાના તમામ ૨૭ જળાશયોની કુલ સંગ્રહ ક્ષમતા ૨૧,૬૨૭ મિલિયન ઘન ફૂટ છે. આ તમામ જળાશયોમાં મળીને હાલ કુલ ૯,૬૦૦ મિલિયન ઘન ફૂટ ગ્રોસ જથ્થો અને ૮,૬૭૦ મિલિયન ઘન ફૂટ જીવંત જળ જથ્થો ઉપલબ્ધ છે. આમ, સમગ્ર રાજકોટ જિલ્લાના જળાશયોમાં હાલમાં ૪૪.૩૯% જેટલો પાણીનો જથ્થો ઉપલબ્ધ થયો છે.

# અકીલ સૈયદ પાસેથી વધુ બે હથિયાર જપ્ત

## અમદાવાદ મધ્યસ્થ જેલમાંથી આજીવન કેદના આરોપી અકીલ સૈયદનો કબજો મેળવી ૫ દિવસના રિમાન્ડ લેવાતા ખુલાસો : ૧૧ કાર્ટિજ પણ આ જ આરોપીએ આપ્યા હોવાનું ખુલ્યું : પી.સી.બી દ્વારા કુલ ૩ આરોપીઓ, ૪ દેશી બનાવટના હથિયાર અને ૧૧ જીવતા કાર્ટિજ સાથે ઝડપાયા





રાજકોટ, તા.૨૮

રાજકોટ શહેરમાં ગુનાખોરી ડામવા અને ગેરકાયદેસર હથિયારોની હેરાફેરી અટકાવવા માટે પ્રિવેન્શન ઓફ ક્રાઇમ બ્રાન્ચ (ૐઈ) દ્વારા સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝાની સ્પષ્ટ સૂચના અન્વયે મર્ડરના ગુનામાં આજીવન કેદની સજા ભોગવતા અમરેલી જિલ્લાના સાવરકુંડલાના વતની અને હાલ અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે મર્ડર કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા ૩૦ વર્ષીય આરોપી અકીલ વલીભાઇ સૈયદને પ્રોડક્શન વોરંટના આધારે રિમાન્ડ પર લઈ પોલીસે તેની પાસેથી વધુ બે ગેરકાયદેસર હથિયારો જપ્ત કર્યા છે.

આ સમગ્ર કાર્યવાહીની શરૂઆત ગત તા. ૧૮/૦૮/૨૦૨૬ ના રોજ થઈ હતી. પી.સી.બી. પીઆઈ એમ.આર. ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ એ.એસ.આઇ. મહીપાલસિંહ ઝાલા, ઘનશ્યામસિંહ ચૌહાણ અને હેડ કોન્સ્ટેબલ હરદેવસિંહ રાણાને મળેલી બાતમીના આધારે પોલીસે બે શખ્શને ગેરકાયદે દેશી બનાવટની ૨ પિસ્તોલ અને ૧૧ જીવતા કાર્ટિજ સાથે ઝડપી લીધા હતા. આ કેસની વધુ તપાસ પી.સી.બી.ના પીએસઆઈ આર.કે. જાડેજા ચલાવી રહ્યા હતા.

તપાસ દરમિયાન ચોંકાવનારો ખુલાસો થયો હતો કે પકડાયેલા શખ્સોને આ બંને પિસ્તોલ અને ૧૧ કાર્ટિજ અમરેલી જિલ્લાના સાવરકુંડલાના વતની અને હાલ અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે મર્ડર કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા ૩૦ વર્ષીય આરોપી અકીલ વલીભાઇ સૈયદએ આપ્યા હતા. આ હકીકત સામે આવતા પોલીસે તાત્કાલિક અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતેથી આરોપી અકીલનો કબજો મેળવ્યો હતો અને કોર્ટમાં રજૂ કરી દિન-૫ ના પોલીસ રિમાન્ડ મેળવ્યા હતા. રિમાન્ડ દરમિયાન આરોપી અકીલ સૈયદની સઘન પૂછપરછ કરવામાં આવતા તેણે છુપાવી રાખેલા વધુ હથિયારોની કબૂલાત આપી હતી. જેના આધારે પોલીસે આરોપી પાસેથી રૂપિયા ૨૫,૦૦૦ ની કિંમતની વધુ ૧ દેશી બનાવટની પિસ્તોલ અને રૂપિયા ૫,૦૦૦ ની કિંમતનો ૧ દેશી બનાવટનો કટ્ટો (તમંચો) કબ્જે કર્યો છે. આમ, પી.સી.બી. દ્વારા અત્યાર સુધીની તપાસમાં કુલ ૩ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે અને તેમની પાસેથી કુલ ૪ દેશી બનાવટના હથિયારો તથા ૧૧ જીવતા કાર્ટિજ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી આગળ ધપાવવામાં આવી છે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# ગાંઠિયા સાથે બુદ્ધિ તવામાં!

## ભાવ બાંધણાના નામે તંત્ર દ્વારા ખુલ્લેઆમ લૂંટનો પરવાનો અપાયો



રાજકોટ શહેર ખાણીપીણીની અનોખી સંસ્કૃતિ માટે જાણીતું છે. અહીં તહેવારોની ઉજવણી ખૂબ ઉત્સાહથી થાય છે. ખાસ કરીને જન્માષ્ટમીના પર્વ પર ફરસાણની માંગ વધી જાય છે. લોકો મોટા પ્રમાણમાં ફરસાણ અને મીઠાઈ ખરીદે છે. સામાન્ય નાગરિકોને વાજબી ભાવે ખોરાક મળે તે જરૂરી છે. આ માટે તંત્ર દ્વારા દર વર્ષે ભાવબાંધણું કરવામાં આવે છે. આ એક પરંપરા રહી છે. તેનો મૂળ ઉદ્દેશ્ય વેપારીઓની સંગ્રહખોરી રોકવાનો હતો.

તહેવારમાં વેપારીઓ મનસ્વી ભાવ ન વસૂલે તે જોવાનું કામ તંત્રનું છે. પરંતુ આ વર્ષે સ્થિતિ સાવ ઉલટી જોવા મળી રહી છે. તંત્રના નિર્ણયોથી લોકો આશ્ચર્યમાં મુકાયા છે. એવું લાગે છે કે ગાંઠિયા સાથે અધિકારીઓની બુદ્ધિ પણ તેલમાં તળાઈ ગઈ છે. ફૂડ માર્કેટના વાસ્તવિક ભાવ કરતાં પણ ઊંચા ભાવ નક્કી કરાયા છે. આ ભાવબાંધણાથી ગ્રાહકોને કોઈ ફાયદો થવાનો નથી. ઊલટાનું વેપારીઓને મોંઘા ભાવે માલ વેચવાની છૂટ મળી ગઈ છે.

રાજકોટના બજારમાં ફાફડા અને લાઈવ ગાંઠિયા રુ.૪૦૦થી રુ.૬૦૦માં મળે છે. તંત્રએ તેનો ભાવ રુ.૮૦૦ બાંધી આપ્યો છે. આ નિર્ણય ખૂબ જ હાસ્યાસ્પદ લાગી રહ્યો છે. બજારમાં બ્રાન્ડેડ વણેલા ગાંઠિયા માત્ર રુ.૨૦૦માં ઉપલબ્ધ છે. તો પછી રુ.૮૦૦નો ભાવ કોના હિત માટે નક્કી કરાયો?

અધિકારીઓ આ બાબતથી અજાણ હોય તે શક્ય નથી. તેમની પાસે બજારના તમામ આંકડા હોય જ છે. આમ છતાં આટલા ઊંચા ભાવ નક્કી કરાયા છે. આ પાછળ મોટા સેટિંગની પૂરી આશંકા છે. ભ્રષ્ટાચાર વગર આવો અજીબ નિર્ણય શક્ય જ નથી.

આ મૂર્ખાઈ જાહેર થઈ ગયા પછી પણ કોઈ સુધારો થયો નથી. કોઈ જવાબદાર અધિકારી સામે પણ પગલાં લેવાયા નથી. તહેવારના નામે વેપારીઓને લૂંટવાનો ખુલ્લો પરવાનો મળી ગયો છે.વ્યાપારી ધારે તો ઉંચા ભાવ લઈ શકે છે. અધિકારીઓ અને વેપારીઓની મિલીભગત સ્પષ્ટ દેખાય છે. દર વર્ષે ભાવબાંધણાના નામે આવા નાટક થાય છે.

સૌથી વધુ દુઃખની વાત એ છે કે રાજકોટના નેતાઓ ચુપ છે. પ્રજાના પ્રતિનિધિઓ આ લૂંટ સામે અવાજ ઉઠાવતા નથી. વિપક્ષ પણ આ મુદ્દે મૌન ધારણ કરીને બેઠો છે. ગ્રાહક હિતની મોટી વાતો કરતા સંગઠનો પણ ગાયબ છે. કોઈ સંસ્થા ગ્રાહકોના અધિકાર માટે આગળ આવતી નથી. પ્રજાએ આ સમગ્ર સ્થિતિની ગંભીર નોંધ લેવી પડશે. ગ્રાહકોએ પોતે જ જાગૃત થઈને આવી નીતિઓનો વિરોધ કરવો પડશે.

# રાષ્ટ્રપતિ મુર્મુ, વડાપ્રધાન મોદીએ વિદ્યાર્થીઓ સાથે ઉજવી રક્ષાબંધન

## રાષ્ટ્રપતિએ કહ્યું કે રાખડીનું મહત્વ ફક્ત ભાઈઓ અને બહેનો સુધી મર્યાદિત નથી.

નવીદિલ્હી, તા.૨૮

રક્ષાબંધનના ખાસ પ્રસંગે, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને યોગી આદિત્યનાથે શાળાના વિદ્યાર્થીઓ સાથે રાખડીની ઉજવણી કરી. ઉજવણીની પોસ્ટ શેર કરતા પ્રધાનમંત્રીએ લખ્યું, ''આજે રક્ષાબંધનની ઉજવણી દરમિયાન હાઈ-ફાઈવ, સ્મિત અને ઘણું બધું જોવા મળ્યું.'' રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રપતિ ભવન સાંસ્કૃતિક કેન્દ્ર ખાતે વિવિધ શાળાઓ અને સંગઠનોના બાળકો અને વિદ્યાર્થીઓ સાથે રાખડીની ઉજવણી કરી. રાષ્ટ્રપતિએ કહ્યું, ''રક્ષાબંધનનું મહત્વ ફક્ત ભાઈ-બહેન વચ્ચેના સંબંધ સુધી મર્યાદિત નથી. તેમણે કહ્યું કે રાખડીનો પવિત્ર દોરો પરિવારના સભ્યો, મિત્રો અને વૃક્ષો સાથે પણ બાંધી શકાય છે, જે પ્રેમ અને સંભાળના બંધનનું પ્રતીક છે. પર્યાવરણ સંરક્ષણના મહત્વ પર ભાર મૂકતા, તેમણે બાળકોને વૃક્ષો અને છોડની સંભાળ રાખવા વિનંતી કરી.

લખનૌમાં રક્ષાબંધન નિમિત્તે, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ''સ્નેહબંધન'' કાર્યક્રમમાં ભાગ લીધો હતો. તેમણે શાળાના બાળકો સાથે રાખડી પણ ઉજવી હતી. ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને ઈન્સ્ટાગ્રામ પર લખ્યું, ''રક્ષાબંધનના શુભ અવસર પર હાર્દિક શુભેચ્છાઓ.'' આ આનંદદાયક અવસર પ્રેમ, સ્નેહ અને પરસ્પર જોડાણના બંધનને





મજબૂત બનાવે અને કરુણા, સંવાદિતા અને પરસ્પર આદરના મૂલ્યોને જાળવી રાખવા પ્રેરણા આપે. હું બધા માટે સુખ, શાંતિ અને સમૃદ્ધિની કામના કરું છું.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને એક ડ-પોસ્ટમાં કહ્યું, ''રક્ષાબંધનના પવિત્ર તહેવાર પર તમામ દેશવાસીઓને હાર્દિક શુભેચ્છાઓ.'' ભાઈચારાના સ્નેહ, વિશ્વાસ અને એકબીજાનું રક્ષણ કરવાની પ્રતિજ્ઞાનો આ તહેવાર આપણા સાંસ્કૃતિક મૂલ્યો અને પારિવારિક બંધનોને વધુ મજબૂત બનાવે છે. આ શુભ પ્રસંગ દરેકના જીવનમાં પ્રેમ, ખુશી અને સમૃદ્ધિ લાવે.'' કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને ડ-પોસ્ટ પર પોસ્ટ કર્યું, ''ભાઈઓ અને બહેનો વચ્ચેના અતૂટ પ્રેમ, વિશ્વાસ અને સ્નેહના તહેવાર, રક્ષાબંધનના પવિત્ર તહેવાર પર તમામ દેશવાસીઓને હાર્દિક શુભેચ્છાઓ. આ પવિત્ર બંધન જીવનમાં હંમેશા પ્રેમ, ખુશી અને પરસ્પર વિશ્વાસ લાવે.'' આ રક્ષાબંધન, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે શાળાના વિદ્યાર્થીઓ સાથે આ તહેવારની ઉજવણી કરી. રાષ્ટ્રપતિએ સમજાવ્યું કે રાખડીનું મહત્વ ફક્ત ભાઈઓ અને બહેનો સુધી મર્યાદિત નથી.

# ભાજપ GEN-Zની નાડી માપવા આતૂર

## નીતિન નવીન આજે યુવા નેતાઓની બેઠક બોલાવશે

નવીદિલ્હી, તા.૨૮

ભારતીય જનતા પાર્ટી (ભાજપ) એ જનરલ-ઝેડને આકર્ષવાનું શરૂ કરી દીધું છે. ભાજપે યુવા મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે તેના યુવા નેતાઓની એક બેઠક બોલાવી છે. આ બેઠક ભાજપ પ્રમુખ નીતિન નવીન દ્વારા બોલાવવામાં આવી હતી. દેશભરમાંથી પસંદગીના નેતાઓ હાજરી આપશે. આ બેઠક ૨૯ ઓગસ્ટ, શનિવારના રોજ સવારે ૧૦ વાગ્યે પાર્ટી મુખ્યાલય ખાતે યોજાશે. આ બેઠક દેશના યુવાનોના મૂડને સમજવા, વર્તમાન પડકારોને સંબોધવા અને ઉકેલો શોધવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. પાર્ટી સૂત્રો કહે છે કે દેશભરમાંથી કુલ ૪૫ ભાજપ નેતાઓને આ બેઠકમાં આમંત્રણ આપવામાં આવ્યું છે, જેમાં દરેક રાજ્યમાંથી બે કે ત્રણ નેતાઓનો સમાવેશ થાય છે. કેટલાક વર્તમાન કેન્દ્રીય મંત્રીઓ, વર્તમાન સાંસદો, ભૂતપૂર્વ સાંસદો, ભૂતપૂર્વ મંત્રીઓ, ધારાસભ્યો અને વર્તમાન રાજ્ય મંત્રીઓને આમંત્રિત કરવામાં આવ્યા છે.



પાર્ટી સૂત્રોના જણાવ્યા અનુસાર, આ યુવા-કેન્દ્રિત બેઠકમાં દેશભરના એવા નેતાઓને આમંત્રણ આપવામાં આવ્યું છે જેમનો યુવા મન પર પ્રભાવ છે, યુવા મુદ્દાઓની મજબૂત સમજ છે, તેમને પ્રભાવિત કરવામાં સક્ષમ છે અથવા તેમને આકર્ષિત કરી શકે છે. આ બેઠકમાં ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી અને ભાજપ યુવા મોરચાના પ્રમુખ અનુરાગ ઠાકુર, વર્તમાન કેન્દ્રીય મંત્રી કમલેશ પાસવાન, વર્તમાન ગોરખપુર સાંસદ રવિ કિશન, મહામંત્રી હરીશ દ્વિવેદી, વર્તમાન કેન્દ્રીય રાજ્ય મંત્રી રક્ષા ખડસે, મુંબઈના ભૂતપૂર્વ સાંસદ પૂનમ મહાજન, મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મંત્રી પંકજા મુંડે, બેંગ્લોરના તેજસ્વી સૂર્યા અને દાર્જિલિંગના સાંસદ રાજુ બિસ્તા જેવા નેતાઓ હાજર રહ્યા હતા.

એ નોંધવું જોઈએ કે ભાજપની નવી કારોબારી સમિતિની રચના તાજેતરમાં કરવામાં આવી હતી અને પાર્ટી યુવાનોને પાર્ટીના કાર્યક્રમો સાથે જોડવા માટે સતત ઝુંબેશ ચલાવી રહી છે, તેમને પાર્ટીની નીતિઓ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશમાં થઈ રહેલા કાર્યથી વાકેફ કરી રહી છે. ભાજપે જનરલ-ઝેડ અને યુવાનો સુધી પહોંચવાના પ્રયાસો વધુ તીવ્ર બનાવ્યા છે. નીતિન નવીનની બેઠકમાં, ૪૫ નેતાઓ યુવા મુદ્દાઓ અને વ્યૂહરચના પર મંથન કરશે.

સીજેપીના પ્રવક્તાએ ભૂતપૂર્વ કેન્દ્રીય શિક્ષણ મંત્રી સ્મૃતિ ઈરાની વિશે પણ અનેક પ્રશ્નો ઉઠાવ્યા. તેમણે કહ્યું કે તે જાણીતું છે કે તેમને શિક્ષણ મંત્રાલયમાંથી દૂર કરવામાં આવ્યા હતા અને તેમના કાર્યકાળ દરમિયાન અનેક યુનિવર્સિટીઓ અંગે વિવાદો ઉભા થયા હતા. રોહિત વેમુલા આત્મહત્યા કેસનો ઉલ્લેખ કરતા દાસે કહ્યું કે આ ઘટનામાં સ્મૃતિ ઈરાનીની ભૂમિકા પર લાંબા સમયથી પ્રશ્ન ઉઠાવવામાં આવી રહ્યો છે. તેમણે કટાક્ષ કરતા કહ્યું, ''યુવાનોને સલાહ આપતા પહેલા, શિક્ષણ મંત્રી તરીકેના તેમના કાર્યકાળની આસપાસની ચર્ચાને પણ યાદ રાખવી જોઈએ.''

## કોંગ્રેસ સાંસદોની સંખ્યા વધારવા કેમ તૈયાર નથી?

# ૫૫ વર્ષમાં વસ્તી ૧૬૯% વધી

નવીદિલ્હી, તા.૨૮

ભારતમાં લોકસભા બેઠકોના સીમાંકન અંગેની ચર્ચા ફરી એકવાર તેજ બની છે. પ્રશ્ન એ છે કે, જ્યારે છેલ્લા કેટલાક દાયકાઓમાં દેશની વસ્તી ઝડપથી વધી છે, તો સંસદમાં પ્રતિનિધિઓની સંખ્યામાં પણ વધારો કેમ ન થવો જોઈએ? આજે, ૫૪૩ લોકસભા બેઠકો ૧.૪ અબજથી વધુ લોકોનું પ્રતિનિધિત્વ કરે છે. પરિણામે, પ્રતિ સાંસદ વસ્તી પરનો ભાર અનેકગણો વધી ગયો છે. કોંગ્રેસ અને દક્ષિણ ભારતના અનેક પક્ષો આનો વિરોધ કરી રહ્યા છે. ૧૯૭૧ની સત્તાવાર વસ્તી ગણતરી મુજબ, ભારતની વસ્તી આશરે ૫૪૮.૨ મિલિયન હતી. સંયુક્ત રાષ્ટ્ર અને અનેક સર્વે એજન્સીઓના અંદાજ મુજબ, ૨૦૨૬ સુધીમાં ભારતની વસ્તી આશરે ૧૪૭૬.૬ મિલિયન થઈ જશે. આનો અર્થ એ થયો કે ૧૯૭૧ થી ૨૦૨૬ વચ્ચેના ૫૫ વર્ષોમાં, દેશની વસ્તી આશરે ૯૨૮.૪ મિલિયન વધશે, જે આશરે ૧૬૯.૪% નો વધારો છે. કોંગ્રેસ અને દક્ષિણ ભારતના અનેક પક્ષો કહે છે કે તેમનો વિરોધ એ હકીકત પર આધારિત નથી કે સંસદમાં પ્રતિનિધિત્વ બિલકુલ વધારવું જોઈએ નહીં. તેમની મુખ્ય ચિંતા એ છે કે નવી બેઠકો કયા આધારે ફાળવવામાં આવશે અને કયા રાજ્યને તેનો લાભ મળશે.

આ જ કારણ છે કે, આજે પણ, ઉત્તર પ્રદેશ, બિહાર અને મધ્ય પ્રદેશ જેવા મોટા રાજ્યોની તુલનામાં, દક્ષિણના રાજ્યોને ૧૯૭૧ના રાજકીય સંતુલનના આધારે પ્રતિનિધિત્વ મળે છે, તેમની વર્તમાન વસ્તી કરતા ઓછી કે વધુ બેઠકો નહીં. જ્યારે ૧૯૭૧ની વસ્તી ગણતરીના આધારે સીમાંકન હાથ ધરવામાં આવ્યું હતું, ત્યારે બંધારણના અનુચ્છેદ ૮૧(૨)(ક) નો સિદ્ધાંત એ હતો કે દરેક લોકસભા મતવિસ્તારની વસ્તી અને તેને ફાળવવામાં આવેલી બેઠકનો ગુણોત્તર, શક્ય હોય ત્યાં સુધી, સમગ્ર દેશમાં સમાન રાખવો જોઈએ. ૧૯૭૧ના ડેટાના આધારે, આ ગુણોત્તર પ્રતિ લોકસભા બેઠક આશરે ૧૦ લાખ લોકો હતો.

૧૯૭૬ના ૪૨મા બંધારણીય સુધારાએ ૧૯૭૧ની વસ્તી ગણતરીના આધારે રાજ્યોમાં લોકસભા બેઠકોના પુનઃવિતરણને સ્થિર કરી દીધું. આનો અર્થ એ થયો કે વસ્તી વધતી રહી, પરંતુ રાજ્ય દીઠ લોકસભા બેઠકોની સંખ્યામાં પ્રમાણસર વધારો થયો નહીં. ૧૯૭૧માં, પ્રતિ લોકસભા બેઠક સરેરાશ વસ્તી ૧૦ લાખ જેટલી હતી, જ્યારે આજે, સાંસદના મતવિસ્તારમાં આશરે ૩૦ થી ૪૦ લાખ લોકોનો સમાવેશ થાય છે.



હવે સમસ્યા એ છે કે ૧૯૭૧ પછી ભારતની વસ્તીમાં નાટ્યાત્મક ફેરફાર થયો છે. કેટલાક રાજ્યોમાં વસ્તી વૃદ્ધિ ઝડપી હતી, જ્યારે ઘણા દક્ષિણ રાજ્યો, જેમ કે તમિલનાડુ, કેરળ, કર્ણાટક અને આંધ્રપ્રદેશ, મોટાભાગે પ્રજનન અને વસ્તી વૃદ્ધિને નિયંત્રિત કરી ચૂક્યા છે.

જો નવી સીમાંકન પ્રક્રિયા હાલની વસ્તીને વધુ મહત્વ આપે છે, તો ઝડપથી વધતી વસ્તી ધરાવતા રાજ્યોમાં તેમની લોકસભા બેઠકો વધશે, જ્યારે જેમણે તેમની વસ્તીને સફળતાપૂર્વક નિયંત્રિત કરી છે તેઓનું રાષ્ટ્રીય પ્રતિનિધિત્વ ઘટશે. આ દક્ષિણ રાજ્યોની સૌથી મોટી ચિંતા છે. તેઓ કહે છે કે તેઓએ દાયકાઓથી વસ્તી નિયંત્રણ, શિક્ષણ, આરોગ્ય અને કુટુંબ નિયોજનમાં રોકાણ કર્યું છે. પરિણામે, તેમની વસ્તી વૃદ્ધિ પ્રમાણમાં ઓછી રહી છે. હવે, જો નવી વસ્તીના આધારે બેઠકોનું પુનઃવિતરણ કરવામાં આવે, તો આ સફળતા તેમની વિરુદ્ધ જઈ શકે છે.

એક રાજ્યએ નાના પરિવારોને પ્રોત્સાહન આપ્યું અને પ્રજનન દર ઓછો કર્યો. બીજા રાજ્યની વસ્તી ઝડપથી વધતી રહી. જો, થોડા દાયકાઓ પછી, પ્રથમ રાજ્યની લોકસભા બેઠકો ઘટે અને બીજા રાજ્યની બેઠકો વધે, તો પ્રથમ રાજ્ય પ્રશ્ન કરી શકે છે કે શું વસ્તી નિયંત્રણ ભૂલ હતી. આ જ કારણ છે કે તમિલનાડુ અને કર્ણાટકમાં આ મુદ્દા પર રાજકીય સર્વસંમતિ ઉભરી રહી હોય તેવું લાગે છે. તમિલનાડુ વિધાનસભાએ ૫૪૩ બેઠકો જાળવી રાખવાની માંગ કરી છે, જ્યારે કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમારે પણ ૨૫ વર્ષ સુધી વર્તમાન બેઠકોની સંખ્યા જાળવી રાખવાનું સમર્થન કર્યું છે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# વાંચન વિશેષ

## ભૌમ અને દિવ્ય એ બે પ્રકારના નાગની આઠ પ્રજાતિ,વાસુકી,તક્ષક,શંખ,અનંત,પદ્મ, મહાપદ્મ, કુલીર અને કર્કટ છે



શ્રાવણ ભક્તિની તેજ ગતિએ આગળ વધી રહ્યો છે,અને તહેવારો ઉજવાઈ રહ્યાં છે. શિવાલયોમાં,

મહિમ્નઃ પારં તે પરમવિદુષો યદ્યસદશી,
સ્તુતિર્બ્રહ્માદીનામપિ તદવસન્નાસ્ત્વયિ ગિરઃ,
અથાડવાચ્યઃ સર્વઃસ્વમતિપરિણામાવધિ, ગૃણન્
મમાપ્યેષ સ્તોત્રે હર નિરપવાદઃ પરિકરઃ
ય ૧

નમામિ શમિસાન નિર્વાણ રૂપં , વિભુ વ્યાપકમં બ્રહ્મ વેદ સ્વરૂપં, ૐ નમો ભવાય શર્વાય, રુદ્રાય વરદાય ચ, પશુનામ પતયે નિત્યં, ઉગ્રાય ચ, કપર્દિને,આશુતોષ શશાંક શેખર ચન્દ્ર મૌલી ચિદંબરા, કોટી કોટી પ્રણામ શમ્ભુ કોટી નમન દિગમ્બરા. તેમજ શંભુ ચરણે પડી માગું ઘડી રે ઘડી, અને સત સૃષ્ટિ તાંડવ રચયિતા નટરાજ રાજ નમો નમઃ, જેવી શિવ સ્તુતિ ભક્તને ભક્તિ સભર કરે છે. શ્રાવણ વદ પાંચમને નાગ પંચમીનો તહેવાર આવશે. ભારતીય સંસ્કૃતિ મુજબ પ્રકૃતિના એકોએક જીવનું મહત્વ છે, અને એ રીતે ઝેરીલો સર્પ પણ ઈશ્વર અંશ છે, એ દર્શાવતું પર્વ એટલે નાગ પંચમી.

હવે નાગ પંચમી આવશે, અને ગઈ કાલે સાવ નજીકનાં સંબંધોમાં આ સર્પ, નાગ, કે ભુજંગ કેમ પ્રવેશી જાય છે! એની પર વિચારતી. તો થયું આજે નાગ વિશે જ ચિંતન કરીએ,અને આમ પણ શંકરનું તો તે પ્રિય આભૂષણ રહ્યું છે, માટે નાગ વિશે થોડી માહિતી અહીં રજૂ કરી છે

નાગના પ્રકાર

''આમ તો પૃથ્વી પર નાગની સંખ્યાબંધ પ્રજાતિ છે પરંતુ પૌરાણિક માન્યતા અનુસાર નાગના બે મુખ્ય પ્રકાર ભૌમ અને દિવ્ય છે. તેમાં વાસુકી અને તક્ષકની પણ ગણતરી થાય છે.

''આ ઉપરાંત ૮ પ્રજાતિને નાગના દેવ, એટલે તમામ નાગમાં તેને શ્રેષ્ઠ માનવામાં આવે છે. તેમાં વાસુકી, તક્ષક, શંખ, અનંત, પદ્મ, મહાપદ્મ, કુલીર અને કર્કટ શામેલ છે,

''આ આઠ પ્રજાતિને વર્ણ અનુસાર પણ વિભાજિત કરવામાં આવી છે. તેમાં અનંત અને કુલિક બ્રાહ્મણ, વાસુકી અને શંખપાલ ક્ષત્રિય, તક્ષક અને મહાપદ્મ વૈશ્ય તેમજ પદ્મ અને કર્કટ શુદ્ર હોવાનું માનવામાં આવે છે.

સાપ એક એવો જીવ છે જેને જોઈને ડર પણ લાગે છે, અને મનમાં જિજ્ઞાશા પણ થાય છે કે આખરે આની ઉત્પત્તિ કેવી રીતે થઈ હશે. સાપની ઉત્પત્તિ પાછળ એક રસપ્રદ પૌરાણિક કથા છે. મહાભારતમાં આ કથાનો ઉલ્લેખ મળે છે. કથા મુજબ મહર્ષિ કશ્યપે રાજા દક્ષ પ્રજાપતિની ૧૭ પુત્રીઓ સાથે લગ્ન કર્યાં હતાં. પરંતુ આ બધીમાંથી મહર્ષિને કદ્રૂ અને વિનતા સૌથી વધુ પસંદ હતી. એક વખત મહર્ષિએ બંનેને વરદાન માંગવા કહ્યું. કદ્રૂ અને વિનતાએ શું માગ્યું અને સાપોની ઉત્પત્તિ કેવી રીતે થઈ

કદ્રૂએ કહ્યું, 'મહર્ષિ હું એક હજાર પરાક્રમી અને શક્તિશાળી પુત્રોની મા બનવા માગું છું' જ્યારે વિનતાને આ વાત જાણવા મળી તો તેણે વરદાન માંગ્યું કે, 'સ્વામી મને તો એક જ પુત્ર જોઈએ, પણ તે એટલો શક્તિશાળી હોવો જોઈએ કે કદ્રૂના તમામ પુત્રોનો નાશ કરી શકે.' મહર્ષિએ બંને પત્નીઓને એમની ઈચ્છા મુજબ વરદાન આપી દીધાં. જેના ફળસ્વરૂપ કદ્રૂએ એક હજાર ઈંડા આપ્યા અને વિનતાએ ગરુડને જન્મ આપ્યો. કદ્રૂના ઈંડામાંથી સાપ નીકળ્યા અને આ રીતે સર્પવંશની ઉત્પત્તિ થઈ, અને આ વરદાન ને કારણે જ સર્પ અને ગરુડ ને વેર છે.

કદ્રૂના પુત્રોમાં શેષનાગ સૌથી વધુ તાકાતવર હતો. પરંતુ એણે પોતાની મા કદ્રૂ અને પોતાના ભાઈઓનો સાથ છોડી દીધો. શેષનાગે બ્રહ્માજીની કઠોર તપસ્યા કરી. બ્રહ્માજીએ પ્રસન્ન થઈને એને એક વરદાન માંગવા કહ્યું તો શેષનાગે કહ્યું કે પ્રભુ મારી બુદ્ધિ, ધર્મ, અને તપસ્યામાં જ બની રહે, બસ મારે આ જ જોઈએ છે. ત્યારે બ્રહ્માજીએ શેષનાગને સંપૂર્ણ ધરતીને પોતાના ફણ પર ધારણ કરવા કહ્યું. ત્યારથી જ માનવામાં આવે છે કે આ ધરતી શેષનાગના ફણ પર ટકી છે.

તક્ષકને પાતાળમાં નિવાસ કરતા ૮ નાગમાંથી એક માનવામાં આવે છે. પુરાણોમાં જણાવવામાં આવ્યું છે કે શ્રૃંગી ઋષિના શ્રાપના કારણે તક્ષકે રાજા પરીક્ષિતને દંસ માર્યો હતો, જેનાથી એનું મૃત્યુ થયું હતું. પરીક્ષિતના પુત્ર જનમેજયે બદલો લેવા માટે સર્પ મેઘ યજ્ઞ કર્યો તો તક્ષક ડરીને ઈન્દ્રના શરણોમાં ચાલ્યો ગયો હતો.

કાળિયા નાગ વિશે તો તમે બધા જાણતા જ હશો. યમુના નદીમાં પોતાની પત્નીઓ સાથે વાસ કરતા કાળિયા નાગને યુદ્ધમાં હરાવી ભગવાન કૃષ્ણએ એમના ફણ પર નૃત્ય કર્યું હતું. કાળિયા નાગની વિનંતી પર ભગવાન કૃષ્ણએ એને ક્ષમા આપી બીજે સ્થળે વસવા માટે કહ્યું હતું.

પૃથ્વીલોક જેમ જ પાતાળલોક પણ અસ્તિત્વમાં હતો, અને ત્યારે ત્યાં નાગ નું અનુશાસન હતું, એટલે કે નાગ એક એવી પ્રજાતિ છે જે ઇચ્છે ત્યારે મનુષ્ય શરીર પણ ધારણ કરી શકે. આપણે ત્યાં વેદ પુરાણ અને શાસ્ત્રોમાં નાગનું ખૂબ જ મહત્વ દર્શાવાયું છે અને તેના વર્ણનો પણ પુષ્કળ મળે છે જેની માહિતી આપણે ઉપર જોયું તે પ્રમાણે, ત્યાં નાગ નેં એક દેવ તરીકે પણ પૂજવામાં આવે છે, જેથી આપણે નાગ પંચમી જેવો તહેવાર પણ ઉજવીએ છીએ. તો આ છે શિવજીના આભૂષણ તરીકે આપણે જેને નિત્ય દર્શન કરીએ છીએ કે આપણી આ ધરતી જેના પર ટકી રહી છે તેના પૂર્વજોનો અથવા તેનો ઈતિહાસ.

આજે સમાજમાં સંબંધો એટલા પ્રેમાળ રહ્યાં નથી, અને લોકો કળિયુગ ને નામે બિલ ફાડી રહ્યા છે! પરંતુ હકીકતમાં અહમ નામનાં સર્પનો ફૂફાડો સતત વર્તાતો હોવાથી, અંદરોઅંદરના વ્યવહારમાં ઝેર વર્તાય છે,અને એને કારણે માનવ માનવતા ભૂલતો જાય છે.આ કળિયુગ પણ ચાલ્યો જાય,પરંતુ આપણે આપણી માનસિકતા બદલવી પડે, પણ એ માટે આપણે તૈયાર નથી. એક નાનકડું ઉદાહરણ જોઈએ સાઈકલ દ્વારા નિશ્ચિત સ્થળે પહોંચવું હોય તો, સાયકલ ચલાવવી પડે, આ એક સીધું સાદું સૌ કોઈ સમજી શકે એવું સત્ય છે. પણ જે તે વ્યક્તિ સાયકલ દોરીને જાય, તો સાયકલ તો ચાલશે, પણ વ્યક્તિને ચલાવવાનો થાક લાગે છે, પણ સમયે નિશ્ચિત મુકામે પહોંચી શકાતું નથી. બસ આપણી જીદ કે કોઈ પ્રત્યેનાં પૂર્વાગ્રહ કે પછી અન્ય કોઈ સ્વભાવના વિકારને ન બદલી શકવાને કારણે આટલું દોડવા છતાં આપણે ત્યાં ને ત્યાં જ ઉભા છીએ.

નાગ એટલે કે સર્પ, પણ આજે એ પોતાનાં ડંખ ભૂલતા જાય છે, કારણ કે આ કામ હવે મનુષ્ય કરવાં લાગ્યો છે. વગર કારણે તો આમ પણ તે કોઈને, હેરાન ન કરનારું પ્રાણી છે. તો મનુષ્ય તેનો આ સ્વભાવ ગ્રહણ કરીને શ્રાવણે શિવ શંકરનો મહિમા, આ નાગ લોકના સૌથી શક્તિશાળી નાગ એટલે કે શેષનાગની જેમ જાગૃત રહી, સંબંધોમાં પ્રવેશી ગયેલા ઈર્ષા નિંદા વેર, હિંસા જેવા વિષને શંકરનાં આભૂષણ સમા ભુજંગને અર્પણ કરીને શિવ શંકરને પ્રસન્ન કરીએ. ૐ નમઃ શિવાય.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### નકલી દૂધ, નકલી ચીઝ-પનીર, નકલી દારૂ પછી હવે આ બાકી રહી ગયું હતું

# લાતીપ્લોટના કારખાનામાં નકલી તમાકુનો અડ્ડો

## એસઓજીની ટીમે બે ભાઇઓના અવળાધંધાનો પર્દાફાશ કરી મુદ્દામાલ કબ્જે કર્યો: રાજકોટ અને આસપાસના ગામોમાં ડુપ્લીકેટ માલ આ બંને ભાઇઓના ફેરીયાઓ જ સપ્લાય કરતાં

રાજકોટ: નકલીની દુનિયામાં રોજબરોજ નીતનવા ગતકડા બહાર આવતા રહે છે. નકલી દારૂ, નકલી ચીઝ, નકલી પનીર,નકલી દૂધ પછી હવે નકલી તમાકુનું કારસ્તાન ખુલ્યું છે. રંગીલા રાજકોટ શહેરમાં ન થાય એટલુ થોડુ એમ કહીએ તો શહેર એસઓજીની ટીમે લાતી પ્લોટમાં ધમધમી રહેલા નકલી તમાકુ બનાવવાના કારખાનાનો પર્દાફાશ કર્યો હતો. બે સગા ભાઇઓ આ નકલી તમાકુ બનાવીને રાજકોટ સહિત આસપાસના ગામો શહેરોમાં સપ્લાય કરતાં હતાં. કોરોના કાળથી તેણે આવા ધંધા આદર્યા હોવાની પ્રાથમિક વિગતો ખુલી હતી.

વિગતો પર નજર કરીએ તો શહેરમાં ડુપ્લીકેટ વસ્તુઓ બનાવતા ધંધાર્થીઓ પર પોલીસે ધોંસ શરૂ કરી છે. લાતી પ્લોટ વિસ્તારમાં બાતમીના આધારે એસઓજીએ ગોડાઉનમાં ધમધમતાો ડુપ્લીકેટ તમાકુ બનાવવાના કારખાનામાં દરોડા પાડી રૂા.૧.૭૨ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો. આ કારખાનામાં બંને ભાઇઓએ કોરોના કાળથી નકલી તમાકુનો આ ધંધો શરૂ કર્યા પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું.

વધુ માહીતી અનુસાર કુવાડવા રોડ પર લાતીપ્લોટ શેરીનં. ૧૧માં ચૌહાણ વાડીમાં હિરેન પરફ્યુમરી વર્કસ નામના ગોડાઉનમાં હિરેન કાંતીલાલ સોનેજી (ઉ.વ. ૫૧ રહે. કરણસિંહજી હાઇસ્કુલ પાછળ, આશાપુરા રોડ અને તેનો ભાઇ રાજુ(ઉ.વ. ૪૯ રહે દર્શન એપાર્ટમેન્ટ ફલેટ નં. ૨૦૪, રાણીગાવાડી સામે કાંતાસ્ત્રી વિકાસ ગૃહ મેઇન રોડ ડુપ્લીકેટ તમાકુનું ઉત્પાદન કરી છુટક વેપારીઓને વેચાણ કરતા હોવાની એસઓજીના એએસઆઇ રાજેશભાઇ બાળા, સિધ્ધરાજસિંહ જાડેજા અને હેડ કોન્સ્ટેબલ સ્નેહભાઇ ભાદરકાને મળેલી બાતમીના આધારે પીઆઇ એન.વી. ચૌધરીની રાહબારીમાં ટીમે દરોડો પાડયો હતો.

બાદમાં એસઓજીની ટીમે કરેલી તપાસમાં બને ભાઇઓ લાયસન્સ વગર ડુપ્લીકેટ તમાકુનું ઉત્પાદન કરતા હોવાનું ખુલતા પોલીસે બને સામે કાર્યવાહી કરી હતી. પોલીસે ઘટના સ્થળેથી અલગ અલગ પ્લાસ્ટીકના ૫૦૦ ગ્રામના ૧૪૩ પેકેટ, ૫૦ ગ્રામની ૧૬૮ ડબ્બી, ૨૦૦ ગ્રામની ૧૫૩ ડબ્બી, ૪૦.૫૦૦ ગ્રામ તમાકુ ભરેલ જથ્થો, ૧૫૦ લીટર લીકવીડ, ૮૦૦ ગ્રામ સીલ્વર વરખ ભરેલ કોથળો, સુગંધીત દ્રવ્ય ભરેલ ૭ કેન, ૧૦ ખાલી કેરબા, સ્ટીલની થેલી, ગ્રેન્ડર મશીન, કેમીકલ અને તમાકુ મીક્ષ કરવાનું મિક્ષર કબ્જે કર્યા હતાં.

આ ઉપરાંત કારખાનામાંથી તમાકુ, મુખવાસ પેક કરવાનું ઈલેકટ્રીક મશીન, અલગ અલગ તમાકુ, મુખવાસ પેક કરવાનું ઈલેકટ્રીક મશીન, અલગ અલગ ડબ્બા, એલ્યુમીનીયમ, મુખવાસના ડબ્બા ભરવાના પુઠાના કાચા બોક્ષ, ગેસનો બાટલો, પ્લાસ્ટીકની બોટલો, તમાકુની ખાલી બેગ, ફોન, વજન કાંટો, ૪ કિલો







તમાકુનો જથ્થો મળી કુલ રૂા. ૧,૭૨,૭૭૦નો મુદામાલ પણ કબ્જે કરાયો હતો. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલીક, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઇમ ભરત બસીયાની સુચનાથી આ કામગીરી પી.આઇ એન.બી.ચૌધરી તથા એસ. ઓ.જી. શાખાના એ.એસ.આઇ. અરૂણભાઇ બાંભણીયા તથા સિધ્ધરાજસિંહ જાડેજા તથા રાજેશભાઇ બાળા તથા વિરેન્દ્રસિંહ ઝાલા તથા પો.હેડ. કોન્સ જયદિપસિંહ ચૌહાણ તથા સ્નેહભાઇ ભાદરડા તથા પો. કોન્સ. રવિરાજભાઇ ધગલ તથા જયપાલસિંહ ઝાલા એ કરી હતી

નકલી તમાકુ છે કે કેમ તેનું પ્રાથમિક પરીક્ષણ કરી એફ.એસ.એલ. અધિકારી સમીર જોષી તથા ફુડ સેફટી ઓફીસર કે.જે.સરવૈયાએ અભીપ્રાય આપ્યો હતો. આ બંને ભાઇઓ કારખાનામાં નકલી તમાકુનું ઉત્પાદન કરી પોતાના જ માણસો ફેરીયાઓ મારફત રાજકોટ ઉપરાંત ગોંડલ, જેતપુર, મોરબી, વાંકાનેર, જુનાગઢ સહિતના ગામોમાં નકલી તમાકુની સપ્લાય થતી હતી. હાલ બંનેને નોટીસ આપી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. લોકોના આરોગ્ય સાથે ચેડા કરવાના આવા અવળાધંધાઓનો અગાઉ પણ પર્દાફાશ થયો હતો. જેમાં નકલી ચીઝ-પનીર-દૂધ બનતા હોવાનું ખુલ્યું હતું. હવે તમાકુ પણ નકલી બનતું હોવાનું ખુલતાં ચકચાર જાગી હતી.

### દિકરીના નામે શંકાસ્પદ લખાણ સાથેનું પાર્સલ લાવનાર શખ્સે કૂરીયર કર્મીને માર માર્યો

રાજકોટ: શંકાસ્પદ લખાણ સાથે દિકરીના નામનું પાર્સલ લઇને આવેલા શખ્સને કૂરીયર કર્મચારીએ આવા લખાણ સાથેનું પાર્સલ મોકલવાની ના પાડતાં તેના પર હુમલો કરી આ શખ્સ ભાગી ગયો હતો. વિગતો જોઇએ તો કોઠારીયા રોડ હરિ ઓમ પાર્ક મેઇન રોડ પર હુડકો ચોકડી નજીક રહેતાં બત્રીસ વર્ષિય રાજુભાઇ લક્ષ્મણભાઇ નનેરા નામના સગર યુવાનને પોતે પંચનાથ પ્લોટમાં નંદન કૂરીયરની ઓફિસે હતો ત્યારે અજાણ્યા શખ્સે આવી પાર્સલ મોકલવા બાબતે ઝઘડો કરી હાથમાં પહેરવાના કડાથી માથામાં માર મારતાં રાજુભાઇ લોહીલુહાણ થઇ જતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં.

આ બનાવ અંગે રાજુભાઇના કહેવા મુજબ પોતે બે ભાઇમાં મોટા છે અને કુરીયરમાં નોકરી કરે છે. સવારે પોતે નોકરી પર હતાં ત્યારે એક શખ્સ આવેલ અને એક પાર્સલ આપી કૂરીયર કરવાનું કહ્યું હતું. પરંતુ આ પાર્સલ પરનું જે લખાણ હતું તે વાંચીને પોતાને શંકા જતાં આ શખ્સને આ લખાણનું સ્ટીકર કાઢી નાંખો પછી જ અમે પાર્સલ મોકલી શકીએ તેમ કહેતાં એ શખ્સે ઉશ્કેરાઇ જઇ મારા મારી કરી હતી. આ પાર્સલ ઉપર જે સ્ટીકર હતું તેમાં 'અપ્રિય દિકરી મનિષા, ખુબ જ ખરાબ ભેટ ગમે તો રાખજે, નહિતર ભંગારમાં દઇ દેજે' એવું લખાણ હતું. પોલીસે વિશેષ તપાસ હાથ ધરી હતી.

### ત્રણ કરૂણ ઘટનાઓ સપરમા તહેવારે જ પરિવારોને આપી ગઇ કારમો આઘાત

# સગર્ભાએ ગળાફાંસો ખાઇ જિંદગી ટૂંકાવી

## બીજા બનાવમાં ઈમિટેશનના વેપારીનું મોટરસાઇકલ સ્લીપ થવાથી અને ત્રીજા બનાવમાં ડોક્ટરનું બેભાન હાલતમાં મૃત્યુ

રાજકોટ: અનેક લોકો એવા હોય છે જે મહામુલી જિંદગનો અંત ગમે ત્યારે લાવતાં હોય છે. અલગ અલગ કારણોસર આપઘાત કરી લેવાના બનાવો બનતા રહે છે. અમુક ઘટનામાં તો જે તે માણસ દુનિયા છોડી દે પછી પણ કારણ બહાર આવતાં હોતા નથી. આવી જ એક ઘટના શહેરના રેલનગરમાં કર્ણાવતિ સ્કૂલ નજીક બની હતી. અહિ રહેતી એક નવોઢાએ ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. કરૂણતા એ છે કે આઠ મહિના પહેલા જ તેણીના લગ્ન થયા હતાં અને હાલમાં તેણીને પેટમાં બાળક પણ હતું. જો કે તેણીએ આ પગલુ ભર્યુ શા માટે તેની વિગતો બહાર આવી નહોતી. અન્ય કિસ્સામાં એક ઈમિટેશનના ધંધાર્થી યુવાનનું મોટરસાઇકલ સ્લીપ થઇ જવાને કારણે મૃત્યુ થયું હતું. તો એક બનાવમાં નેચરોપેથી ડોક્ટરનું બેભાન હાલતમાં મૃત્યુ થયું હતું. જ

કરૂણ ઘટનાની વિગતો જોઇએ તો રેલનગરમાં કર્ણાવતિ સ્કૂલ નજીક મનહરી એન્કલેવમાં રહેતી ત્રેવીસ વર્ષનાી જીયાબેન અમિતભાઇ દિનેશભાઇ રાઠોડ નામની પરિણીતાએ રૂમ બંધ કરી ચુંદડીથી ગળાફાંસો ખાઇ લીધો હતો. દરવાજો ખખડાવવા છતાં ખોલતી ન હોઇ પરિવારના સદસ્યએ બીજા રૂમની બારીમાંથી તપાસ કરતાં તેણીએ આ પગલુ ભરી લીધાની ખબર પડી હતી. બેભાન હાલતમાં નીચે ઉતારી સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. પરંતુ ટુંકી સારવાર બાદ મૃત્યુ થયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે કરતાં પ્ર.નગરના પીએસઆઇ ડી. એસ. ગજેરા અને સ્ટાફે જરૂરી કાર્યવાહી કરી હતી.

પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ આપઘાત કરનાર જીયાબેન રાઠોડ-સોનીના લગ્ન આઠ મહિના પહેલા થયા હતાં અને હાલમાં તેણી સગર્ભા હતી. તેણીના માવતર કટારીયા ચોકડી પાસે રહે છે. પિતાનું નામ વિનુભાઇ વાયા છે અને તે સોની કામ કરે છે. પતિ અમિતભાઇ રાઠોડ ચાંદી કામ કરી ગુજરાન ચલાવે છે. પોલીસના કહેવા મુજબ માવતર પક્ષ તરફથી પણ કોઇ આક્ષેપો કે કારણ જણાવાયું નથી. અંતિમવિધી બાદ પોલીસ વિશેષ નિવેદન નોંધવાની કાર્યવાહી કરશે. આ બનાવથી પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી.

બીજા બનાવ પર નજર કરીએ તો વાહન અકસ્માતના વધુ એક બનાવમાં એક પરિવારના યુવાન દિકરાનું મૃત્યુ થયું છે. આરટીઓ કચેરી પાસે રહેતા અને ઈમિટેશનનું કામ કરતાં ત્રીસ વર્ષના યુવાનનું સંત કબીર રોડ પર બાઇક સ્લીપ થતાં ગંભીર ઇજા થવાથી મોત થયું છે. ઈમીટેશનનો માલસામાન દેવા જતી



વખતે આ બનાવ બન્યો હતો. આરટીઓ પાસે શિવમ્ સોસાયટી-રમાં રહેતો ઉમેશભાઇ નાનજીભાઇ ડાભી નામનો ત્રીસ વર્ષનો યુવાન મોટર સાઇકલ હંકારીને ઘરેથી સંત કબીર રોડ પર જતો હતો ત્યારે માસુમ સ્કૂલ પાસે બગીચા નજીક કોઇપણ કારણોસર બાઇક સ્લીપ થઇ જતાં તે વાહન સહિત ફંગોળાઇ જતાં માથા, શરીરે ઇજાઓ થઇ હતી. તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. બનાવની જાણ થતાં બી-ડિવીઝન પોલીસે કાર્યવાહી કરી હતી.

મૃત્યુ પામનાર ઉમેશભાઇ બે બહેન અને ત્રણ ભાઇમાં નાનો હતો. તે ઘરે બેઠા ઈમિટેશન અને વેક્સનું કામ કરતો હતો. સંતાનમાં એક દિકરી છે. પોતે ઈમિટેશનનું કામ લેવા-દેવા માટે નીકળ્યો ત્યારે આ બનાવ બન્યો હતો. તેના પિતા હયાત નથી. પોતે માતા અને ભાઇ, પત્નિ, દિકરી સહિતના પરિવાર સાથે રહેતો હતો.

ત્રીજી ઘટનામાં કોઠારીયામાં રહેતાં નેચરોપેથી ડોક્ટરનું ઘરે બેભાન થઇ ગયા બાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. કોઠારીયામાં ડાયમંડ પાર્ટી પ્લોટ સામે રાધા પાર્ક-રમાં રહેતાં બાવન વર્ષના મહેશભાઇ બાબુભાઇ સોજીત્રા ગઇકાલે ઘરે બેભાન થઇ જતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ ટુંકી સારવાર બાદ મૃત્યુ થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને કરતાં પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો.

વધુ વિગત અનુસાર મૃત્યુ પામનાર મહેશભાઇ સોજીત્રા ત્રણ ભાઇ અને અકે બહેનમાં મોટો હતાં. સંતાનમાં અઢાર અને બાર વર્ષની બે દિકરી છે. પોતે નેચરોપેથી ડોક્ટર હતાં અને ગૌસેવાની પ્રવૃતિ સાથે પણ સકંળાયેલા હતાં. સગાના કહેવા મુજબ મહેશભાઇ સોજીત્રાને ૨૦૨૫માં બ્રેઇન સ્ટ્રોક આવી ગયો હતો અને તેના કારણે પેરેલાઇઝ થયા હતાં. આ પછી અલ્સર પણ થઇ ગયું હતું. ગઇકાલે એકાએક શ્વાસ લેવામાં તકલીફ થયા બાદ અર્ધબેભાન જેવા થઇ ગયા હતાં. સિવિલ હોસ્પિટલમાં તેમનું મૃત્યુ થયું હતું. બનાવથી સોજીત્રા પરિવારમાં અને તેમના બહોળા મિત્રવર્તુળ, સગા સંબંધીઓમાં ગમગીની વ્યાપી ગઇ હતી. આમ વધુ ત્રણ ઘટનાઓ અલગ અલગ પરિવરોને કારમો આઘાત આપી ગઇ હતી.

# DGP કપ બાસ્કેટબોલ સ્પર્ધાનો પ્રારંભ

## નવનિર્મિત સિન્થેટિક બાસ્કેટબોલ કોર્ટનું લોકાર્પણ: કમિશનર બ્રજેશ કુમાર ઝાના હસ્તે સ્પર્ધા ખુલ્લી મુકાઈ



રાજકોટ, તા.૨૮

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા તથા અધિક પોલીસ કમિશ્નર ચૈતન્ય મંડલિકના માર્ગદર્શન હેઠળ પોલીસ દળમાં શિસ્ત, શારીરિક ફિટનેસ અને ટીમ સ્પીરીટની ભાવના ખીલે તે હેતુથી રાજકોટ શહેર પોલીસ દ્વારા પ્રથમ વખત 'ડીજીપી કપ બાસ્કેટબોલ સ્પર્ધા - ૨૦૨૬-૨૭'નું ત્રિદિવસીય ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

સ્પર્ધા તારીખ ૨૮/૦૮/૨૦૨૬ થી ૩૦/૦૮/૨૦૨૬ દરમિયાન પોલીસ હેડક્વાર્ટર, રાજકોટ ખાતે યોજાઈ રહી છે. જેમાં ગુજરાત રાજ્ય પોલીસ દળની પુરુષોની ૦૫ તથા મહિલાઓની ૦૩ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો છે. આ સ્પર્ધાના અનુસંધાને ઓમ્નીટેક એન્જિનિયરીંગ લિમિટેડ, રાજકોટ અને અહેસાસ ટ્રસ્ટ, રાજકોટના સહયોગથી બાસ્કેટબોલ કોર્ટનું નવીનીકરણ કરી નવું સિન્થેટિક ગ્રાઉન્ડ તૈયાર કરવામાં આવ્યું છે, જેનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

હરીફાઈના ઓપનીંગ સેરેમનીમાં મુખ્ય મહેમાન તરીકે પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત નાયબ પોલીસ કમિશ્નર (ટ્રાફિક) હરપાલસિંહ જાડેજા, નાયબ પોલીસ કમિશ્નર (ક્રાઈમ) જગદીશ બાંગરવા, નાયબ પોલીસ કમિશ્નર (ઝોન-૨) રાકેશ દેસાઈ, ઓમ્નીટેક એન્જિનિયરીંગ લિમિટેડના કિંજરી ઉદયભાઈ પારેખ, અહેસાસ ટ્રસ્ટના નિથલભાઈ સંઘવી તથા તમામ એસીપી ઓ અને પી.આઈ. ઓ ખાસ હાજર રહ્યા હતા.

પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝાએ પોતાના ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, પોલીસની નોકરીના કલાકો નક્કી હોતા નથી, જેથી આવી તણાવયુક્ત નોકરીમાંથી રિલેક્સ થવા માટે રમતગમત તેમજ યોગ-મેડિટેશન જેવી પ્રવૃત્તિઓ શારીરિક અને માનસિક ફિટનેસ માટે ખૂબ જરૂરી છે. તેમણે ખેલાડીઓને ખેલદિલીથી રમી ઓલ ઈન્ડિયા પોલીસ ગેમ્સમાં સિલેક્ટ થઈ ગુજરાત પોલીસનું નામ રોશન કરવા પ્રોત્સાહિત કર્યા હતા અને ટૂર્નામેન્ટ ખુલ્લી જાહેર કરી હતી.

# રાજકોટમાં કાયમી લોક અદાલતના ચેરમેન બનતા નિવૃત્ત જજ પ્રફુલ ગોકાણી

## સુપ્રીમ કોર્ટના જસ્ટિસ વિક્રમનાથના હસ્તે સુરતથી રાજ્યવ્યાપી ઉદ્દઘાટન થશે

રાજકોટ, તા.૨૮

રાજ્યના મુખ્ય જિલ્લાઓમાં ન્યાયિક પ્રક્રિયાને વધુ સુલભ અને ઝડપી બનાવવાના હેતુથી કાયમી લોક અદાલત (પરમેનન્ટ લોક અદાલત) સેન્ટરનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. સુપ્રીમ કોર્ટના સીનિયર જસ્ટિસ વિક્રમનાથ આવતીકાલે સુરતથી આ રાજ્યવ્યાપી નવનિર્મિત સેન્ટરોનું ઉદ્દઘાટન કરશે. આ પ્રસંગે ગુજરાત હાઈકોર્ટના તમામ ન્યાયાધીશો સુરત ખાતે ખાસ ઉપસ્થિત રહેશે અને ત્યાંથી જ રાજકોટ સહિતના જિલ્લાઓમાં કાયમી લોક અદાલતનો વિધિવત પ્રારંભ થશે.

ન્યાયિક વહીવટને વધુ મજબૂત બનાવવા ગુજરાત સરકાર દ્વારા ચારેય મુખ્ય જિલ્લાઓ માટે કાયમી લોક અદાલતના ચેરમેનની નિમણૂક અંગેનું સત્તાવાર નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરાત મુજબ, રાજકોટ ખાતેની કાયમી લોક અદાલતના ચેરમેન તરીકે નિવૃત્ત ડિસ્ટ્રિક્ટ જજ પ્રફુલ ગોકાણીની નિમણૂક કરવામાં આવી છે. આ ઉપરાંત અમદાવાદના ચેરમેન તરીકે હીતાબેન ભટ્ટ, વડોદરાના ચેરમેન તરીકે ડી.પી. ગોહિલ અને સુરત ખાતે એસ.એમ. મહેતાની વરણી કરવામાં આવી છે.

નિમણૂક પામેલા આ ચારેય અનુભવી ન્યાયાધીશો અગાઉ વિવિધ જિલ્લાઓમાં પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજ તરીકે ફરજ બજાવી ચૂક્યા છે. આ તમામ ચેરમેન પોતપોતાના જિલ્લાની મુખ્ય જિલ્લા અદાલત ખાતેથી જ પોતાની સેવાઓ આપશે. જિલ્લા મથકો પર કાયમી લોક અદાલત કાર્યરત થવાથી સામાન્ય નાગરિકોને જાહેર ઉપયોગી સેવાઓને લગતા પ્રશ્નો અને વિવાદોનો સસ્તો, ઝડપી અને કાયમી ઉકેલ ઘરઆંગણે જ મળી રહેશે.

# મધ્યસ્થ જેલમાં છલકાયો ભાઈ-બહેનનો પ્રેમ

## ગંભીર ગુનાઓના ગુનેગારો પણ બહેનને જોઈને ધ્રુસ્કે ધ્રુસ્કે રડી પડ્યા

## પવિત્ર પર્વની ઉજવણી માટે જેલ પ્રશાસન દ્વારા વિશેષ વ્યવસ્થા ગોઠવાઈ

રાજકોટ, તા.૨૮

પવિત્ર રક્ષાબંધનના પર્વ નિમિત્તે રાજકોટના પોપટપરામાં આવેલી સેન્ટ્રલ (મધ્યસ્થ) જેલમાં અત્યંત લાગણીસભર અને ભાવુક વાતાવરણ સર્જાયું હતું. વિવિધ ગુનાઓ હેઠળ કાચા અને પાકા કામના ૨૩૬૪ કેદીઓને રાખડી બાંધવા બહેનો મોટી સંખ્યામાં ઉમટી પડી. કેદી તરીકે સજા કાપી રહેલા પોતાના ભાઈઓના કાંડે સ્નેહ અને સુરક્ષાનું પ્રતીક એવી રાખડી બાંધવા માટે બહેનો મોટી સંખ્યામાં ઉમટી પડી હતી. આ પવિત્ર પર્વની ઉજવણી શાંતિપૂર્ણ અને સુચારુ રીતે થાય તે માટે જેલ સત્તાવાળાઓ દ્વારા ભાઈ-બહેનના મિલન અને



રાખડી બાંધવા માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી.

લાંબા સમયથી જેલની ચાર દીવાલો વચ્ચે સજા ભોગવી રહેલા ભાઈઓને જ્યારે તેમની બહેનોએ રૂબરૂ મળીને રાખડી બાંધી ત્યારે ભારે લાગણીશીલ દૃશ્યો સર્જાયા હતા. જેલની ચાર દીવાલોમાં સજા કાપતા ૭૧ મહિલા સહિત ૨૩૬૪ કેદીઓ તેમજ હાર્ડકોર ગુનાના આરોપીઓ પણ પોતાની બહેનોને જોઇને ધ્રુસ્કે-ધ્રુસ્કે રડતા નજરે પડચા હતા. ભાઈ-બહેન વચ્ચેનો સ્નેહ બંનેની આંખોમાંથી આંસુ બનીને વરસતો જોવા મળ્યો હતો અને સમગ્ર જેલ પરિસર આ અદભુત મિલનનું સાક્ષી બન્યું હતું.

બહેનોએ ભાઈઓના કાંડે રક્ષાકવચ બાંધવાની સાથે જ ભીની આંખે તેઓ જેલમાંથી વહેલા મુક્ત થાય તેવી કામના કરી હતી. ઉપરાંત, ભવિષ્યમાં ક્યારેય કોઈ ખોટા રસ્તે ન જવાની તથા સજા પૂરી થયા બાદ નવેસરથી સન્માનજનક જીવન શરૂ કરવાની મહત્વપૂર્ણ શિખામણ પણ આપી હતી. આ ભાવુક ક્ષણે કેદી ભાઈઓએ પણ પોતાની બહેનોને ખાતરી આપી હતી કે તેઓ ગુનાખોરીનો માર્ગ કાયમ માટે છોડી દેશે અને સજા પૂરી થયા બાદ પોતાના પરિવારજનો સાથે રહીને સમાજના એક આદર્શ તેમજ જવાબદાર નાગરિક તરીકેનું જીવન વિતાવશે

### તહેવારના દિવસે જ પાંચ પરિવારો પર થયો વજ્રઘાતઃ સ્વજનો ગુમાવતાં શોકની કાલીમા

# યુવાનને સાપે દંશ મારી જીવ લીધો

### પ્રૌઢ પર લોખંડનો ડેલો મોત બનીને પડ્યો : યુવાન ઉંદર મારવા રાખેલુ બિસ્કીટ ભુલથી ખાતા જીવ ગયો : યુવાન-સગીરાના બેભાન હાલતમાં મોત



રાજકોટઃ અપમૃત્યુની સતત બની રહેલી ઘટનાઓ તહેવારના દિવસોમાં પણ અલગ અલગ પરિવારોને આઘાત આપી ગઇ હતી. જેમાં એક યુવાન સુતો હતો ત્યારે સાપે પડખામાં મારેલો ડંખ જીવલેણ નીવડ્યો હતો. અન્ય બનાવમાં એક પ્રૌઢ ડેલો રીપેર કરી રહ્યા હતાં ત્યારે લોખંડનો વજનદાર ડેલો માથે પડતાં તેનું મોત થયું હતું. ત્રીજી ઘટનામાં એક યુવાન ભુલથી ઘરમાં ઉંદરને મારવા માટે રાખેલુ બીસ્કીટ ખાઇ જતાં ઝેરી અસર થતાં તેનું મૃત્યુ થયું હતું. ચોથા અને પાંચમા બનાવમાં બેભાન હાલતમાં એક યુવાનનું અને એક પરિવારની સત્તર વર્ષની દિકરીનું મોત થયું હતું.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો ટંકારાના છત્તરમાં કંપનીમાં કામ કરતાં પરપ્રાંતિય મજુરનું પડખામાં સાપ કરડવાથી મોત થયું હતું. જાછત્તરમાં આવેલી પોલીકોટ કંપની પાસે રહેતો અને કંપનીમાં કામ કરતો મુળ બિહારનો ક્રિષ્નાકુમાર ભીલારામ રાજભર નામના છવ્વીસ વર્ષના યુવાનને રાતે બે વાગ્યે રૂમમાં સુતો હતો ત્યારે પડખામાં સાપે દંશ મારી દેતાં ટંકારા સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ સારવારમાં દમ તોડી દેતાં મજૂર પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે ટંકારા પોલીસને કરી હતી. મૃત્યુ પામનાર ક્રિષ્નાકુમાર બે બહેન અને ચાર ભાઇમાં મોટો અને પરિણીત હતો. કેટલાક સમયથી છત્તર ખાતે કંપનીમાં કામ કરતો હતો. ટંકારા પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

બીજા બનાવમાં લોધીકાના છાપરા ગામે લોખંડનો સ્લાઇડીંગ ડેલો રીપેર કરતી વખતે અકસ્માતે માથે પડતાં મુળ મધ્યપ્રદેશના પ્રૌઢનું મોત થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. છાપરામાં ટેકનોકાસ્ટ કારખાના પાસે રહેતાં અને કંપનીમાં મજુરી કરતાં સતાવન વર્ષના પરેશરામ ઇન્દુરામ કસલેકરે લોખંડના સ્લાઇડીંગ ડેલાના ટાયર ખરાબ થયા હોઇ તે રીપેર કરતાં હતાં ત્યારે ડેલો માથે પડતાં ઇજા થતાં સારવાર માટે રાજકોટ સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે લોધીકા પોલીસને જાણ કરી હતી. મૃતકને સંતાનમાં બે દિકરા અને એક દિકરી છે.

ત્રીજી ઘટના જોઇએ તો માળીયા હાટીના તાબેના આછીદરા ગામે રહેતાં યુવાને ઉંદર મારવાનું બીસ્કીટ ખાઇ લેતાં સારવાર દરમિયાન રાજકોટમાં મૃત્યુ થતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. ભુલથી તેણે આ બિસ્કીટ ખાઇ લીધાનું જણાવાયું હતું. આછીદરા ગામે રહેતાં ચંદુલાલ ઉર્ફે સંદિપભાઇ અમૃતભાઇ માવદીયા નામના છવ્વીસ વર્ષના યુવાને છવ્વીસમી રાતે નવેક વાગ્યે ઘરમાં પડેલુ ઉંદર મારવાનું બિસ્કીટ ખાઇ લેતાં ઉલ્ટીઓ થવા માંડતાં સારવાર માટે વેરાવળ અને ત્યાંથી જુનાગઢ હોસ્પિટલમાં ખસેડાયો હતો. વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ રક્ષાબંધનની સવારે દમ તોડી દેતાં પરિવારમા શોક વ્યાપી ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે બનાવની જાણ કરતાં ચોરવાડ પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર ચંદુલાલ ઉર્ફે સંદિપભાઇ ત્રણ ભાઇમાં નાનો હતો અને છુટક કડીયા કામની મજૂરી કરતો હતો. તેને સંતાનમાં એક દિકરી છે. ઘરમાં ઉંદર મારવાનું બિસ્કીટ પડ્યું હોઇ તે ભુલથી તે ખાઇ ગયાનું સગાએ કહ્યું હતું. પોલીસે વિશેષ કાર્યવાહી યથાવત રાખી હતી.

અપમૃત્યુના ચોથા અને પાંચમા બનાવમાંર મવડી પ્લોટના અમરનગર-૨માં રહેતાં રિક્ષાચાલક ચાલીસ વર્ષના રણજીતભાઇ ભુપતભાઇ ડાભી નામના યુવાન બેભાન જેવા થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો.બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કરતાં માલવીયાનગર પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર એક બહેનથી મોટા હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. તેમને કેન્સરની બિમારી હોવાનું સગાએ કહ્યું હતું. મોતનું કારણ જાણવા પોલીસે પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

જ્યારે ગાંધીગ્રામ ભારતીનગર-૪માં રહેતાં કિર્તીબા ઉપેન્દ્રસિંહ વાઘેલા નામના સત્તર વર્ષીય દિકરી બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. બનાવની જાણ ગાંધીગ્રામ પોલીસને કરવામાં આવી હતી. મૃત્યુ પામનાર કિર્તીબા ત્રણ બહેનમાં વચેટ હતાં. પિતા રાજકોટ ડેપોમાં એસટી ડ્રાઇવર છે. કિર્તીબાને નાનપણમાં આંચકી આવી ગઇ હોઇ ત્યારથી બિહાર રહેતાં હોવાનું સગાએ કહ્યું હતું. આમ અપમૃત્યુની વધુ ચાર ઘટનાઓ પરિવારજનોને આઘાત આપી ગઇ હતી.

# સ્પામાં-મકાનોમાં જૂગટું ખેલતાં ૨૭ ઝબ્બે

### એ-ડિવીઝન પોલીસ, બી-ડિવીઝન, ડીસીબી, એલસીબી ઝોન-વન ટીમના ઠેકઠેકાણે દરોડા

રાજકોટઃ શહેરમાં જૂગારના દરોડાનો દોર યથાવત રાખી પોલીસે વધુ ચાર દરોડામાં ૨૭ પત્તાપ્રેમીઓને પકડી લીધા હતાં. જેમાં એક સ્પામાં પણ જૂગારધામ ચાલતુ પકડાયું હતું. મોટે ભાગે સ્પામાં કૂટખણાના પકડાતા હોય છે પણ હવે જૂગાર રમાડવાનું ચાલુ થયુ હતું. એ-ડીવીઝન પોલીસે વિવેકાનંદ રોડ પર બગીચા પાસે ચંદન કોમ્પલેક્ષમાં બીજા માળે આવેલા ક્રાઉન સ્પામાં દરોડો પાડી મહિલા સહિત ૭ ને જુગાર રમતા દબોચી લીધા હતા. અન્ય ત્રણ દરોડામાં બીજા વીસ ઝડપાઇ ગયા હતાં.

પ્રથમ દરોડાની વિગતો અનુસાર વિવેકાનંદ રોડ પર બગીચા પાસે આવેલા ચંદન કોમ્પલેક્ષમાં બીજા માળે સ્પા ચલાવતા ચીરાગ રાજેશભાઇ ખુશલાણી (રહે. રેફયુજી કોલોની પાસે, પરસાણાનગર શેરી નં. ૧)ના સ્પામાં એ ડીવીઝન પોલીસના પીઆઇ જે.વી.વાઢીયાની રાહબરીમાં પીએસઆઇ એસ.આર.ચાવડા અને કોન્સ્ટેબલ મયુરધ્વજસિંહ જાડેજા સહિતના બાતમીના આધારે દરોડો પાડવામાં આવ્યો હતો. સ્પાના હોલમાં જુગાર રમતા ચીરાગ ઉપરાત રોહીત મનસુખભાઇ ખંધેરા, (રહે. રાજનગર ચોકી, માનવ સંજયભાઇ ગોંડલીયા (રહે. પરસાણાનગર શેરી નં. ૩, રેલનગર, પ્રતિક લલીતભાઇ પીઠડીયા (ઉ.વ.૨૬) રહે. બ્લોક નં. ૨૯, કવાટર નં. ૨૩/૭, પાર્થ પ્રવિણભાઇ શુકલા (રહે. ચામુંડાનગર શેરી નં. ૧, ખીજડાવાળી શેરી, બ્રિજેશ ચંદુભાઇ વિરોજા (રહે. કુંવરગઢ, તા. બાબરા અને અંજલીબેન હરેશભાઇ અગ્રાવત (રહે. ભુમેશ્વરી સોસાયટી, કોઠારીયાને રૂ. ૧૫,૩૦૦ની રોકડ સાથે પકડી લીધા હતા.

બીજા દરોડામાં રૈયાધારમાં ઇન્દીરાનગરમાં જાહેરમાં જુગાર રમતા સચીન પ્રવિણભાઇ વોરા (ઉ.વ.૨૩) અજય શીવાભાઇ બાબરીયા (ઉ.વ.૩૨), નિલેશભાઇ લક્ષ્મીભાઇ પરમાર (ઉ.વ.૩૩) અને હીતેશ જેન્તીભાઇ જાદવ (ઉ.વ.૨૭) રહે. બધા ઇન્દીરાનગર મફતીયાપરા, રૈયાધારને યુનિવર્સિટી પોલીસના પીએસઆઇ આઇ.એ.બેલીમ હેડ કોન્સ્ટેબલ નિલેશભાઇ વાવેચા સહિતના સ્ટાફે રૂ.૭૬ લાખ રોકડ સાથે પકડી લીધા હતા. ત્રીજા દરોડામાં રૈયાધાર મફતીયાપરામાં ચાર માળીયા કવાર્ટર મફતીયાપરામાં જાહેરમાં જુગાર રમતાં પ્રકાશ સોમાભાઇ સોલંકી (ઉ.વ.૨૧), લાલા બિજલભાઇ સોલંકી (ઉ.વ.૩૦), વિપુલભાઇ મુકેશભાઇ ઉગરેજીયા (ઉ.વ.૨૦) અને મહેશભાઇ હિરાભાઇ પરમાર (ઉ.વ.૩૫) રહે. બધા ચાર માળીયા કવાર્ટર રૈયાધારને યુનિવર્સિટી પોલીસના હેડ કોન્સ્ટેબલ નિલેશ વાવેચા, કોન્સ્ટેબલ ઉમંગભાઇ જોષી સહિતના સ્ટાફે રૂ. ૧૦,૨૦૦ની રોકડ સાથે પકડી લીધા હતા.

ચોથા દરોડામાં રાજકોટ નજીક પીપળીયા ગામે જાહેરમાં જુગાર રમતા કિશોર દેવશીભાઇ જંજવાડીયા (ઉ.વ.૩૫), નરેશ ધરમશીભાઇ જંજવાડીયા (ઉ.વ.૨૭), રમેશ મનસુખભાઇ જંજવાડીયા (ઉ.વ.૩૭) રાજેશ ઉર્ફે રાજુ વાલજીભાઇ જંજવાડીયા (ઉ.વ.૩૮) રહે. બધા શુકલ પીપળીયા શૈલેષ સાગરામભાઇ ખરગીયા (ઉ.વ.૩૨) રહે. પોરવાળા,ભાવેશ રવજીભાઇ ખરગીયા ઉ.વ.૩૮), જયેશ સગરામભાઇ ખરગીયા (ઉ.વ.૩૧) રહે. બંને પીપળીયા અને વિપુલ ધરમશીભાઇ જંજવાડીયા (ઉ.વ.૨૦) રહે. શુકલ પીપળીયા)ને ક્રાઇમ બ્રાચના હેડ કોનસ્ટેબલ અમીતભાઇ ટુંડીયા, સંજયભાઇ અલગોતર સહીતના સ્ટાફે રૂ. ૨૭,૨૦૦ની રોકડ સાથે પકડી લીધા હતા.

તેમજ પાંચમા દરોડામાં જુના મોરબી રોડ પર રામેશ્વર સિલ્વર પાર્ક શેરી નં.૧ માં ભાડે રહેતા મહિપત ભોળાભાઇ હદાણી (ઉ.વ.૨૬) ના મકાનમાં એલસીબી ઝોન-૧ ની ટીમે દરોડો પાડી જુગાર રમતા મહિપત ઉપરાંત ગોપાલ છેલાભાઇ બાંભવા (ઉ.વ.૩૭) રહે. શિવનગર સોસાયટી શેરી નં. ૨, ગ્રીનલેન્ડ ચોકડી, કિશોર દેવશીભાઇ આસોદરીયા (ઉ.વ.૬૦) રહે. જમના પાર્ક શેરી નં.૩, મોરબી રોડ જકાતનાકા પાસે અને બલરામ પ્રહલાદભાઇ કાલાણી (ઉ.વ.૪૨) રહે. ગાયકવાડી શેરી નં. ૫/૮ ને રૂ. ૧૭,૨૦૦ની રોકડ સાથે પકડી લીધા હતા. આ કામગીરી એમ.કે.મોવલીયા, હેડ કોન્સ્ટેબલ વિરદેવસિંહ જાડેજા સહિતના સ્ટાફે કરી હતી.

જ્યારે એક દરોડામાં રેસકોર્ષ રીગ રોડથી સરકીટ હાઉસ તરફ જતા રોડ ઉપર ગેલેક્સી એપાર્ટમેન્ટ સામેથી પીસીબીના હેડ કોન્સ્ટેબલ નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી સહીતના સ્ટાફે મોબાઇલમાં આઇડી વડે જુગાર રમતા યશ પ્રફુલભાઇ જાદવ (ઉ.વ.૨૪ રહે. આનંદનગર કોલોની કવાર્ટર નં. ૫-એચ, કોઠારીયા રોડ)ને પકડી મોબાઇલ કબ્જે કરાયો હતો.

### માંગરોળ પાસે કાર ઝાડમાં અથડાતાં બે સદસ્યના જે તે દિવસે મૃત્યુ થયા હતાંઃ કુલ મૃત્યુઆંક ત્રણ

# મવડીના વૃધ્ધાનું અકસ્માતમાં મોત

રાજકોટઃ વાહન અકસ્માતની ઘાત વધુ એક પરિવારને નડી હતી. રાજકોટના અને જુનાગઢના સેમરાળા ગામના પરિવારના સભ્યોની કાર મેંદરડાના ચીરોડા ગામ પાસે નવ દિવસ પહેલા ઝાડ સાથે અથડાતાં જે તે દિવસે જ પતિ-પત્નિના મૃત્યુ થયા હતાં. જ્યારે અન્ય ત્રણ લોકોને ગંભીર ઇજા થઇ હતી. સારવારમાં મવડી વિસ્તારમાં રહેતાં વધુ એક વૃધ્ધાનું મૃત્યુ થતાં મૃત્યુ આંક ત્રણ થયો હતો. આ પરિવારના લોકો બેસણામાં હાજરી આપીને પરત આવી રહ્યા હતાં ત્યરો આ અકસ્માત સર્જાયો હતો.

વિગતો પર નજર કરીએ ગત ઓગણીસમી ઓગષ્ટનાના રોજ મેંદરડાના ચિરોડા ગામ પાસે સર્જાયેલા એક ગંભીર માર્ગ અકસ્માતમાં બે લોકોના કરૂણ મોત નીપજ્યા હતા. જ્યારે અન્ય ત્રણ સભ્યો ગંભીર રીતે ઘાયલ થતાં તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જેમાંથી રાજકોટ મવડી શીલ્પ એપાર્ટમેન્ટમાં રહેતાં સાંઇઠ વર્ષના રીનાબેન રમણીકભાઇ ચોવટીયા નામના વૃધ્ધાએ રાજકોટમાં સારવારમાં દમ તોડી દેતાં મૃત્યુઆંક ત્રણ થયો હતો. આ બનાવમાં જુનાગઢ તાલુકાના સેમરાળા ગામના રજનીકાંતભાઈ વિઠ્ઠલભાઈ ચોવટીયાએ મેંદરડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

જેમાં જણાવાયું હતું કે પરિવારના સભ્યો ઝીંઝુડા ગામે શારદાબેન ચીખલીયાના બેસણામાં હાજરી આપીને જીજે૦૩એમઇ-૧૯૪૬ નંબરની કારમાં પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન મેંદરડા નજીક આવેલ ચીરોડા-ચોરવાડ રોડ પર ગાડી ચાલક ભરતભાઈ ઠાકરસીભાઈ કળથરીયાએ કાર પરનો સ્ટેરીંગ પરથી કાબૂ ગુમાવતાં કાર રોડ નીચે ઉતરી ગઈ હતી અને રસ્તા પરના ઝાડ સાથે જોરદાર ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે ઘટનાસ્થળે જ રમણીકભાઈ ગોવિંદભાઈ ચોવટીયા (ઉ.વ.૬૫)નું મોત નીપજ્યું હતું. જ્યારે ગંભીર રીતે ઘવાયેલા કાંતાબેન ભરતભાઈ કળથરીયા, રીનાબેન રમણીકભાઈ, હિનાબેન મહેશભાઈ અને ચાલક ભરતભાઈને તાત્કાલિક મેંદરડા સરકારી દવાખાને ખસેડાયા હતા. વધુ ગંભીર હાલત જણાતાં જૂનાગઢની એક હોસ્પિટલ મોકલવામાં આવ્યા હતા.

જ્યાં સારવાર દરમિયાન કાંતાબેનનું પણ મોત નીપજ્યું હતું. અન્ય ઈજાગ્રસ્તોમાં ભરતભાઈ, હીનાબેન અને રીનાબેનને રાજકોટ ખસેડાયા હતાં. અહિ ૬૦ વર્ષિય રીનાબેન ચોવટીયાએ પણ દમ તોડી દીધો હતો. બનાવની જાણ હોસ્પિટલ મારફત મેંદરડા પોલીસને કરવામાં આવી હતી. મૃત્યુ પામનારને સંતાનમાં બે પુત્ર છે. આમ બેસાણામાંથી આવતી વખતે અકસ્માત નડતાં બે લોકોના ઘટનાના દિવસે મૃત્યુ થયા બાદ વધુ એક સ્વજનનું મૃત્યુ થતાં ગમગીની છવાઇ ગઇ હતી.

અપમૃત્યુની અન્ય એક ઘટના જોઈએ તો જામનગર રોડ પર પર ભીસ્તીવાડ હુડકો ક્વાર્ટરમાં રહેતાં મહિલાનું પડધરીના ન્યારા ગામે પિતાના ઘરે આટો દેવા ગયા ત્યાં એકાએક બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થતાં પરિવારમાં માતમ છવાઇ ગયો હતો. જાણવા મળ્યા મુજબ ભીસ્તીવાડ ક્વાર્ટરમાં રહેતાં ચોત્રીસ વર્ષના રૂબીનાબેન રફીકભાઇ દલ નામના મહિલા પડધરીના ન્યારા ગામે રહેતાં પિતા હાસમભાઇ છછરના ઘરે આટો દેવા ગયા ત્યારે ત્યાં એકાએક તબિયત બગડતાં બેભાન જેવા થઇ જતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

પરંતુ અહિ ટુંકી સારવારમાં દમ તોડી દીધો હતો. મૃત્યુ પામનાર રૂબીનાબેનને સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. પતિ રફીકભાઇ સ્કૂલવેન હંકારી ગુજરાન ચલાવે છે. બનાવથી પરિવારમાં માતમ છવાઇ ગયો છે. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં પડધરી પોલીસે કાર્યવાહી કરી મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

ત્રીજા અપમૃત્યુના બનાવમાં ૨ વાણીયાવાડીમાં ભક્તિનગર સર્કલ નજીક રહેતાં રતાભાઇ ભગવાનજીભાઇ ટોળીયા નામના એંસી વર્ષના વૃધ્ધ ૨૫મીએ સાંજે વાળુ કરીને બેઠા હતાં ત્યારે બીડી સળગાવતાં જ એકાએક ચક્કર આવતાં ઢળી પડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ આજે સવારે મૃત્યુ થયું હતું. તેઓ સાત ભાઇ અને એક બહેનમાં પાંચમાં હતાં. સંતાનમાં ત્રણ દિકરી અને એક દિકરો છે. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કરતાં ભક્તિનગર પોલીસે કાર્યવાહી કરી હતી. વડીલના મૃત્યુથી પરિવારમાં શોકશ છવાઇ ગયો હતો.

# ફેસ પેક જેલના ડબ્બામાં દારૂના ચપલા ભર્યા!

### ડબલા ખોલતાં ૨ લાખ ૬૫ હજારના ૯૨૪ નંગ દારૂના ચપલા નીકળ્યા

રાજકોટઃ શહેરમાં દેશી વિદેશી દારૂના ધંધાર્થીઓ પર સતત પોલીસ ધોંસ બોલાવી રહી છે. ભાવનગરના લઠ્ઠાકાંડ પછી વિદેશી દારૂની ગેરકાયદે સપ્લાયને ભારે અસર પડી છે. આ કારણે પ્યાસીઓમાં દેકારો બોલી ગયો છે. બીજી તરફ બૂટલેગરો સપ્લાયરો નવા નવા નુસખાઓ અજમાવીને દારૂની સપ્લાય કરી રહ્યા છે. આવી જ એક હેરાફેરીનો પર્દાફાશ થયો હતો. જેમાં ઢેબર રોડ પર રાજકમલ ફાટક પાસે આવેલ શ્રી નાથજી માર્બલ નજીકથી એક શંકાસ્પદ સફેદ કલરના કેરી માલવાહક વાહન જીજે૦૩બીએક્સ-૬૨૨૬માંથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. કીમીયો અજમાવી સપ્લાયરોએ ફેસ પેક સ્કીન કેર જેલના નામે પતરાના ડબલામાં લાકડાના ભુસા સાથે ચપલા છુપાવી મોકલાયા હતાં.

વિગતો પર નજર કરીએ તો દિલ્હીથી ફેસ પેક સ્કીન કેર પ્રીપરેશન જેલના નામે બોગસ બિલ બનાવી ટ્રાન્સપોર્ટ મારફતે દારૂ ઘુસાડવાના કૌભાંડનો પીસીબીએ પર્દાફાશ કર્યો છે. ફેસપેકના ડબ્બાઓ અંદર છુપાવેલા વ્હીસ્કીના ચપલા પોલીસે બહાર કાઢી ગણતરી કરતાં ૯૨૪ ચપલા થયા હતાં. જેની કિંમત રૂ. ૨,૬૫,૧૮૮ થતી હતી. પીસીબીની ટીમ દારૂ જૂગારના કેસ શોધવા પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડકોન્સ. કિરતસિંહ ઝાલા અને વાલજીભાઇ જાડાને બાતમી મળી હતી.

તેના આધારે વાહન આંતરી તપાસ કરતાં તેમાંથી અઠ્ઠાવીસ જેટલા પ્લાસ્ટિકના કોટેડ બોક્સ-પાર્સલ મળી આવ્યા હતા. આ બોક્સ ખોલીને જોતા પતરાના ડબ્બામાં લાકડાના ભુસા વચ્ચે સંતાડેલી ૧૮૦ એમ.એલ.ની વિદેશી દારૂ પાર્ટી સ્પેશીયલ ગોલ્ડ પ્રીમીયમ વ્હીસ્કીના ૯૨૪ ચપલા મળી આવ્યા હતાં. જેની કુલ કિંમત રૂ. ૨,૬૫,૧૮૮ ગણવામાં આવી હતી. તપાસ દરમિયાન સામે આવ્યું છે કે આ મોકલેલ પાર્સલો પર દિલ્હીની સ્નેહા ટ્રેડીંગ કંપની દ્વારા રાજકોટની સેન એન્ટરપ્રાઇઝના નામે રૂ. ૩૦,૧૦૦નો ટેક્સ ઇન્વોઇસ બીલ બનાવવામા આવ્યું હતું.

જેમાં પ્રોડક્ટ તરીકે ફેસ પેક દર્શાવવામાં આવ્યું હતું. આ બોગસ બિલનો ઉપયોગ કરી શ્રી શ્યામ ટ્રાન્સપોર્ટ એજન્સી મારફતે માલ મંગાવવામાં આવ્યો હતો. વાહન ચાલક અને સાથીદારની પોલીસે પુછતાછ કરતાં કરતા જાણવા મળ્યું હતું કે તેઓને ભાડું આપીને માત્ર આ પાર્સલો ટ્રાન્સપોર્ટમાંથી ઉપાડી લાવવા જણાવાયું હતું. તેઓ આ પાર્સલોમાં દારૂ હોવાની જાણકારીથી અજાણ હોવાથી બંને સામે અટકાયતી કે ધરપકડની કાર્યવાહી કરવામાં આવી નથી, પરંતુ વાહન અને દારૂનો જથ્થો જપ્ત કરાયો છે.

આ ઉપરાંત વધુ તપાસ થતાં સામે આવ્યું હતું કે આ બોગસ બિલ બનાવી ગેરકાયદેસર દારૂ ઘુસાડવાના ગુનામાં સામેલ દિલ્હી અને રાજકોટના મોબાઇલ નંબર ધારકો તેમજ તપાસમાં ખુલનારા તમામ સામે ગુનો નોંધી શોધખોળ શરૂ કરવામાં આવી છે. પતરાના ડબ્બા ખોલી ખોલીને દારૂના ચપલા બહાર કાઢવાની કામગીરીથી પોલીસને પણ પરસેવો વળી ગયો હતો. અગાઉ પણ ટ્રાન્સપોર્ટની આડમાં આ રીતે દારૂનો જથ્થો રાજકોટ મોકલાયો હતો અને તે પકડાઇ ગયો હતો. વધુ એક વખત આવી હેરાફેરી પકડાઇ જતાં સપ્લાયરો, બૂટલેગરોની મનની મનમાં રહી ગઇ હતી.

આ કામગીરી પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાની સુચના અંતર્ગત પીઆઇ એમ. આર. ગોંડલીયા, પીએસઆઇ પી. બી. ત્રાજીયા, પીએસઆઇ આર. કે. જાડેજા, એએસઆઇ મયુરભાઇ પાલરીયા, સંતોષભાઇ મોરી, મહિપાલસિંહ ઝાલા, ઘનશ્યામસિંહ ચૌહાણ, હરદેવસિંહ રાઠોડ, અનિલભાઇ સોનારા, હેડકોન્સ. કિરતસિંહ ઝાલા, વાલજીભાઇ જાડા, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા, ઉમેશભાઇ ચાવડા, દિલીપભાઇ બોરીચા, રાહુલગીરી ગોસ્વામી, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી, સંજયભાઇ રૂપાપરા, કોન્સ. યુવરાજસિંહ રાણા, દેવરાજભાઇ કલોતરા, હિરેન્દ્રસિંહ પરમાર, વિશાલભાઇ દવે, હરપાલસિંહ જાડેજા, ડ્રા. હેડકોન્સ. જયેશભાઇ ગઢવીએ કરી હતી. મોબાઇલ નંબને આધારે પોલીસ હવે આ માલ મોકલનાર અને મંગાવનારને શોધશે.

# નકલી લગડી ધાબડી વેપારીને સવા બે કરોડનો ડામ

### બીજી તરફ શેરબજાર, રીયલ એસ્ટેટમાં મોટા નફાની લાલચ આપી મંદિરો, ગુરૂદ્વારાઓમાં પણ ઠગાઇ આચરતો ગઠીયો ઝડપાયો

રાજકોટઃ ઠગાઇના રોજબરોજ બની રહેલા કિસ્સાઓ વચ્ચે વધુ એક વખત સોની વેપારી સાથે સવા બે કરોડની ઠગાઇ થઇ છે. જેમાં સસ્તા સોનાના બદલામાં નકલી લગડીઓ પધરાવી દઇ ગઠીયા ગાયબ થઇ ગયો હતો. શરૂઆતમાં આ ગઠીયાએ વેપારી સાથે સંપર્ક કેળવી વિશ્વાસ ઉભો કરી નાના પાયે વેપાર શરૂ કર્યો હતો. આ પછી છેલ્લે તેણે પોત પ્રકાશ્યુ હતું અને બે કરોડથી વધુની ઠગાઇ કરી નકલી સોનાની લગડીઓ ધાબડીને ભાગી ગયો હતો

વિગતો પર નજર કરીએ તો અમદાવાદના ઈસનપુર વિસ્તારમાં રહેતા અને રતનપોળમાં સોનાના દાગીનાનો વેપાર કરતા વેપારી સાથે આસામના ચાર ગઠિયાઓએ રૂ. ૨.૧૯ કરોડની છેતરપિંડી આચરી છે. આરોપીઓએ શરૂઆતમાં નાનો વેપાર કરી વિશ્વાસ જીત્યા બાદ રૂ. ૨,૧૯,૬૨,૫૦૦ની કિંમતના ૧૬૨૪ ગ્રામ સોનાના દાગીનાનો મોટો ઓર્ડર આપ્યો હતો. ગુવાહાટી ખાતે દાગીના મેળવી લીધા બાદ અસલી પેમેન્ટના બદલે માત્ર સોનાનો વરખ ચડાવેલી અન્ય ધાતુની નકલી ૯ લગડી પધરાવીને ઠગો ફરાર થઈ ગયા હતા, જે અંગે પોલીસ ફરિયાદ નોંધાતાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. ઈસનપુરમાં રહેતા અને રતનપોળના સહજાનંદ માર્કેટમાં જૈનમ જ્વેલર્સ નામે દુકાન ધરાવતા રાકેશભાઈ સોનીનો સંપર્ક આસામના મુનીર, જેબુદ્દીન અને તાલૂ સહિત ચાર વ્યક્તિઓ સાથે થયો હતો.

ત્યારબાદ આ ગઠિયાઓએ નાનું કામ આપી સમયસર રોકડા ચૂકવી રાકેશભાઈનો વિશ્વાસ કેળવ્યો હતો. ત્યારબાદ વોટ્સએપ મારફતે ૨૨ કેરેટના ૧૬૨૪ ગ્રામ સોનાના દાગીનાનો મોટો ઓર્ડર આપ્યો હતો. રાકેશભાઈ તેમના મિત્ર સાથે મળીને રૂ. ૨.૧૯ કરોડના દાગીના તૈયાર કરી ડિલિવરી આપવા ગુવાહાટી ગયા હતા. ત્યાં ચારેય આરોપીઓએ દાગીના લઈ લીધા હતા અને રોકડ નાણાં ન હોવાનું કહી બદલામાં ચોવીસ કેરેટ સોનાની ૧૬૬ ગ્રામની નવ લગડીઓ આપી હતી. રાકેશભાઈએ હોટલ પર જઈને તપાસ




કરતા આ લગડીઓ અંદરથી અન્ય ધાતુની અને માત્ર ઉપર સોનાનો વરખ ચડાવેલી નકલી માલૂમ પડી હતી.

નકલી સોના અંગે આરોપીઓનો સંપર્ક કરતાં તેમણે શરૂઆતમાં લગડીઓ બદલી આપવાના વાયદા કર્યા હતા. પરંતુ બાદમાં પોતાના ફોન સ્વીચ ઓફ કરી દીધા હતા. વિશ્વાસઘાત અને છેતરપિંડી થયાનો અહેસાસ થતાં રાકેશભાઈ સોનીએ આસામના ચારેય ઠગો સામે કાયદેસરની પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

બીજી ઘટના જોઇએ તો સુરતમાં મંદિરો અને ગુરુદ્વારાઓમાં જઈ ધાર્મિકતાનો ઢોંગ રચી, ભોળા લોકોને રોકાણના નામે લાખો રૂપિયાનો ચૂનો ચોપડનાર ૨૪ વર્ષીય રીઢા ઠગ રીપૂ સુદાન ઉર્ફે રીપ્સા ઉર્ફે રાહુલ ઉર્ફે રૂપેશ ઉર્ફે રઘુ ભૈરૂલાલજી ખીચીને સુરતની ડુમસ પોલીસે પંજાબના અમૃતસર ખાતે આવેલી હોટલમાંથી દબોચી લીધો હતો. પાલ આરટીઓ પાસે રહેતા મૂળ રાજસ્થાનના ચિત્તોડગઢના આ ભેજાબાજ આરોપીએ સુરતના એક જાગૃત નાગરિક સાથે કોઈ પણ નુકસાન વગર મોટું વળતર આપવાની લાલચ આપી ૨૮,૧૩,૫૦૦ની ઓનલાઇન ઠગાઈ આચરી હતી. રૂપિયા પરત માંગતા જાનથી મારી નાખવાની ધમકી આપી ખંડણી માંગવા બદલ ડુમસ પોલીસ સ્ટેશનમાં તેની સામે બીએનએસ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

આરોપી રીપૂ સુદાન લોકોને જાળમાં ફસાવવા માટે નિયમિત મંદિરો અને ગુરુદ્વારાઓમાં જઈ ભક્તિભાવનો ઢોંગ કરતો હતો. ભક્તોનો વિશ્વાસ જીતવા મોંઘી લક્ઝુરિયસ કાર લઈને ફરતો અને પોતે અત્યંત ધનિક ખાનદાનનો હોવાનો -ભાવ પાડતો હતો. ત્યારબાદ તે લોકોને પોતાના અને પિતાના મોટા શેરબજાર તેમજ રિયલ એસ્ટેટના બિઝનેસ હોવાની વાતો કહી રોકાણ કરવા સમજાવતો હતો. શરૂઆતમાં મોટો નફો આપવાની લોભામણી વાતો કરી ગૂગલ પે જેવા ઓનલાઇન માધ્યમોથી લાખો રૂપિયા મેળવી લેતો હતો. રોકાણકારો જ્યારે પોતાના નાણાં કે નફો પરત માંગતા ત્યારે આરોપી માર્કેટ ડાઉન છે, વધારે રોકાણ કરશો તો જૂના રૂપિયા -ોફિટ સાથે પાછા આવશે તેમ કહી વધુ રકમ પડાવી લેતો હતો.

જો કોઈ રોકાણકાર નાણાં પરત મેળવવા દબાણ કરે અથવા પોલીસ ફરિયાદ કરવાની વાત કરે, તો આરોપી અગાઉના પૈસા ડુબાડી દેવાની તેમજ જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ખંડણી ઉઘરાવતો હતો. પોલીસની ટેકનિકલ તપાસમાં સામે આવ્યું છે કે આરોપી ગુજરાત ઉપરાંત પંજાબ, હરિયાણા, રાજસ્થાન, મુંબઇ, કર્ણાટક જેવા રાજ્યોમાં સતત ફરતો રહેતો હતો. અન્ય રાજ્યોમાં પણ તેણે આવી ગુનાહિત પ્રવૃત્તિઓ આચરી હોવાની આશંકાએ પોલીસે ડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે. ડુમસ પોલીસે જાહેર જનતાને અપીલ કરી છે કે આ આરોપી દ્વારા અન્ય કોઈ વ્યક્તિ છેતરાયા હોય તો તાત્કાલિક ડુમસ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા જણાવાયું હતું.

### બોસના નામે મેસેજ કરી ફ્રોડ આચરવાની વધુ એક ઘટના આવી સામે

# એકાઉન્ટન્ટ પાસેથી ચાલીસ લાખ ઉસેડ્યા

## ગઠીયાઓએ વધુ રકમ ટ્રાન્સફર કરવા મેસેજ ચાલુ રાખ્યા : અન્ય કિસ્સામાં રોકાણના નામે સાડા નવ લાખની ઠગાઇમાં બે પકડાયા

રાજકોટઃ સાયબર ફ્રોડની રોજબરોજ બની રહેલી ઘટનાઓ વચ્ચે વધુ એક કિસ્સામાં વ્હોટ્સએપથી કંપનીના વયોવૃધ્ધ સંચાલકને ઝીપ ફાઇલ મોકલી મેસેજ કરી એકાઉન્ટમાંથી ચાલીસ લાખ ઉસેડી લીધા હતાં. આ નવતર પ્રકારની ઠગાઇમાં સાયબર ક્રાઇમ પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

વિગતો જોઇએ તો સુરત અઠવાલાઇન્સમાં રહેતા અને સચિન જીઆઇડીસીમાં વિઘ્નેશ્વર સિન્થેટિક્સ પ્રાઇવેટ લિમિટેડ નામે કંપની ચલાવતા ચોસઠ વર્ષીય જતીનભાઈ શાહ સાયબર ઠગાઈનો ભોગ બન્યા છે. ઠગોએ તેમની સાથે ૪૦ લાખની સાયબર ઠગાઈ આચરી હતી. સાયબર કૌભાંડીઓએ પહેલાં જતીનભાઈ શાહના વોટ્સએપ પર એક શંકાસ્પદ ઝિપ ફાઇલ મોકલી હતી. ત્યારબાદ તેમના જ ફોટોવાળું ફેક વોટ્સએપ પ્રોફાઇલ બનાવી કંપનીના એકાઉન્ટન્ટનો સંપર્ક કર્યો હતો. માલિકના વોટ્સએપ પરથી આવેલો મેસેજ જોઇ તેના પર વિશ્વાસ મૂકી એકાઉન્ટન્ટે કંપનીના બેંક અકાઉન્ટમાંથી ૪૦ લાખ રૂપિયા ટ્રાન્સફર કરી દીધા હતા.

પોલીસ સુત્રોએ જણાવ્યા મુજબ વિઘ્નેશ્વર સિન્થેટિક્સના જતીનભાઈ શાહના મોબાઇલ પર અજાણ્યા નંબર પરથી ઝિપ ફાઇલ આવી હતી. ફાઇલ ન ખુલતાં તેમણે તે એકાઉન્ટન્ટ મનીષ પટેલને મોકલી આપી હતી. બીજા દિવસે મનીષને એક બીજા નંબર પરથી જતીનભાઈના ફોટોવાળા વોટ્સએપ પ્રોફાઇલમાંથી મેસેજ મળ્યો હતો. ઠગે પહેલાં કંપનીના બેંક એકાઉન્ટ્સનું બેલેન્સ પૂછ્યું હતું. બેલેન્સની માહિતી મળતાં જ તેણે ઇન્ડસઇન્ડ બેંકના એક અકાઉન્ટમાં ૪૦ લાખ આરટીજીએસ કરવા કહ્યું હતું અને પોતે મિટિંગમાં હોવાનું જણાવ્યું હતું.

ત્યારબાદ એકાઉન્ટન્ટ મનીષ પટેલે માલિક જતીનભાઈ શાહનો મેસેજ સમજીને આઇસીઆઇસીઆઇ બેંકના કંપની એકાઉન્ટમાંથી ૪૦ લાખ રૂપિયા ટ્રાન્સફર કરી દીધા હતા. જોકે બાદમાં આ અંગે પરિવાર સાથે પૂછપરછ થતાં ઠગાઈ થઈ હોવાનો ખુલાસો થયો હતો. જોકે ફરિયાદીએ તુરંત જ બેંક અકાઉન્ટ ફ્રીઝ કરાવ્યું હતું અને સાયબર હેલ્પલાઇન ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી. ટોળકીએ કંપનીના બીજા એકાઉન્ટન્ટને પણ છેતરવાનો પ્રયાસ કર્યો હતો.

આ કિસ્સામાં ૪૦ લાખ ટ્રાન્સફર કરાવ્યા બાદ પણ સાયબર ઠગો અટક્યા નહોતા. ઠગોએ જતીનભાઈના ફોટોવાળા ફેક વોટ્સએપ પ્રોફાઇલથી બીજા એકાઉન્ટન્ટ કલ્પેશ તિવારીને મેસેજ કર્યો હતો અને કંપનીના બેંક એકાઉન્ટ્સનું બેલેન્સ પૂછ્યું હતું. જોકે કલ્પેશને ઠગાઈ થઈ હોવાની જાણ પહેલેથી થઈ ગઈ હોવાથી તેણે કોઈ માહિતી આપી નહોતી




અને તુરંત જતીનભાઈને જાણ કરી હતી. સૌથી પહેલાં જતીનભાઈના વોટ્સએપ પર સ્ટેટમેન્ટના નામે ઝિપ ફાઇલ મોકલી હતી. ફાઇલ ન ખુલતાં તેમણે એકાઉન્ટન્ટ મનીષ પટેલને મોકલી હતી.

મનીષથી પણ તે ફાઇલ ખુલી નહોતી. બીજા જ દિવસે ફેક વોટ્સએપ પ્રોફાઇલથી મનીષને મેસેજ આવ્યો હતો. પોલીસ ચોપડે નોંધાયેલા ગુના મુજબ, આ ઝિપ ફાઇલ જ સાયબર ઠગાઈની પહેલી કડી હતી. જોકે, તેમાં વાસ્તવમાં કોઈ માલવેર હતો કે નહીં તે તપાસ બાદ સ્પષ્ટ થશે. રાજકોટ સહિતના શહેરોમાં પણ આવી જ રીતે બોસના નામે મેસેજ કરી રૂપિયા ઉસેડી લેવાની ઘટનાઓ બની ચુકી હતી. જેમાં તાજેતરમાં સાયબર ક્રાઇમ પોલીસમાં આવા બે ગુના નોંધાયા હતાં.

અન્ય એક કિસ્સામાં સુરત શહેરમાં શેરબજારમાં ચા વળતરની લાલચ આપી નિર્દોષ રોકાણકારોને છેતરતી આંતરરાજ્ય સાયબર માફિયા ગેંગનો સુરત સાયબર ક્રાઇમ સેલે પર્દાફાશ કર્યો છે. ફરિયાદી પાસેથી આયોજનબદ્ધ રીતે ૯,૫૮,૯૯૮ રૂપિયા પડાવી લેવાના ગંભીર ગુનામાં પોલીસે મહારાષ્ટ્રના પરભણી ખાતેથી ૨ આરોપીઓની ધરપકડ કરી છે. પકડાયેલા શખ્સોમાં ૨૭ વર્ષીય ઉદ્ધવ ઉર્ફે રામચંદ્ર ગોંધલી અને ૨૩ વર્ષીય વિદ્યાર્થી ગોપેન્દ્ર ઉર્ફે ગોપુ દશરથરાવ શિંદે સામેલ છે. આ ગેંગ બોગસ દસ્તાવેજોના આધારે બેંક એકાઉન્ટ ખોલાવી સાયબર ગઠિયાઓને કમિશન પર પૂરા પાડવાનું મોટું નેટવર્ક ચલાવતી હતી.સાયબર ગઠિયાઓએ પૂર્વ આયોજિત કાવતરાના ભાગરૂપે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઇન્સ્ટાગ્રામ પર શેરમાર્કેટ ઇન્વેસ્ટમેન્ટની લોભામણી જાહેરાત પોસ્ટ કરી હતી.

ફરિયાદીએ આ લિંક પર ક્લિક કરતાં જ તેમને એક ટેલિગ્રામ ગ્રૂપમાં જોડી દેવામાં આવ્યા હતા. ત્યારબાદ ફૂટલેખનવાળી નકલી વેબસાઈટની લિંક મોકલી ફરિયાદીનું રજિસ્ટ્રેશન કરાવી બોગસ ડીમેટ એકાઉન્ટ ખોલાવવામાં આવ્યું હતું. શેરના ખરીદ-વેચાણમાં મોટો નફો દર્શાવી વિશ્વાસમાં લઈ ફરિયાદી પાસેથી અલગ અલગ બેંક એકાઉન્ટ્સમાં કુલ ૯.૫૮ લાખ રૂપિયા જમા કરાવી લીધા હતા. જ્યારે ફરિયાદીએ પોતાના ફેક ડીમેટ એકાઉન્ટમાં દેખાતો નફો અને મૂળ મુદ્દલ રકમ ઉપાડવા માટે વિડ્રોઅલ રિક્વેસ્ટ મૂકી, ત્યારે સાયબર ઠગોએ નાણાં આપવાના બદલે પ્રોસેસિંગ ફી અને વધારાના ચાર્જિસના નામે વધુ પૈસાની માંગણી કરી હતી.

વારંવારના પ્રયાસો છતાં રકમ પરત ન મળતાં પોતે છેતરાયા હોવાની ખાતરી થતાં ભોગ બનનારે સુરત સાયબર ક્રાઇમ સેલનો સંપર્ક કર્યો હતો. ટેકનિકલ એનાલિસિસ દરમિયાન સામે આવ્યું કે ઠગાઈની મોટી રકમ મહારાષ્ટ્રના પરભણી સ્થિત બેંક ઓફ ઈન્ડિયાના એક કરંટ એકાઉન્ટમાં ટ્રાન્સફર થઈ હતી. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપી ઉદ્ધવ ગોંધલીએ પોતાના નામે બોગસ ફર્મ બનાવી, ઉદ્યમ સર્ટિફિકેટ મેળવી બેંક ઓફ ઈન્ડિયામાં કરંટ એકાઉન્ટ ખોલાવ્યું હતું. આ એકાઉન્ટ તેણે ૫,૦૦૦ રૂપિયાના કમિશન પેટે વિદ્યાર્થી ગોપેન્દ્ર શિંદેને આપ્યું હતું. ગોપેન્દ્ર શિંદે વધારાની આવકની લાલચમાં ટેલિગ્રામ મારફતે અન્ય સાયબર ઠગો સાથે જોડાયો હતો અને આ બેંક એકાઉન્ટની કીટ રાજકોટ ખાતે રહેતા ફરાર સાથીદારને કુરિયર મારફતે પહોંચાડી દીધી હતી. આ બેંક એકાઉન્ટમાં ૧ સપ્ટેમ્બર ૨૦૨૫ થી ૨૧ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન ૧,૪૭,૧૦,૦૦૫ રૂપિયાના શંકાસ્પદ આર્થિક વ્યવહારો થયા હોવાનું સામે આવ્યું હતું. સુરત સાયબર ક્રાઇમ ડીસીપી બિશાખા જૈને સમગ્ર મામલે માહિતી આપતાં જણાવ્યું હતું કે, રોકાણના નામે થયેલી છેતરપિંડીની ફરિયાદ આધારે મહારાષ્ટ્રના પરભણીથી બે આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. આરોપીઓ વિરૂધ્૧૩ જેટલી ગંભીર ફરિયાદો નોંધાયેલી છે, જેમાં કુલ ૪૦,૪૮,૬૩,૦૩૩ રૂપિયાનું જંગી ફ્રોડ આચરવામાં આવ્યું હોવાનો ખુલાસો થયો હતો.

### રેઢુ ઘર ભાળતાં જ ત્રાટકી જતાં હોય છે તસ્કરીયાઓઃ વધુ એક મોટો હાથફેરો

# બાવીસ લાખના હાથફેરા પછી ઘરમાં બેસી સિગાર ફૂંકી

## વેપારીના ઘરમાં થયેલી ચોરીના દ્રશ્યો સીસીટીવીમાં કેદ થયાઃ ભેદ ઉકેલવા ટીમો લાગી કામે



રાજકોટઃ ચોર ગઠીયાઓનો ઉપાડો ચાલુ જ રહે છે ગમે ત્યારે ગમે ત્યાં ત્રાટકી જતાં તસ્કરો જે મળે એ ઉસેડી જતાં હોય છે અને ઘણીવાર તો લાખોની માલમત્તાનો લાભ પણ થઇ જતો હોય છે. ઘણા ચોર તો એવા હોય છે કે જ્યાં ત્રાટકે ત્યાં શાંતિથી ચોરી કરી પછી ફ્રીઝમાંથી કે પછી ડબ્બાઓમાંથી ખોરાક નાસ્તો શોધીને પણ આરામથી ઝાપટતા હોય છે. તો ઘણાને પોલીસનો ડર જ ન હોય તેવુ વર્તન કરતાં હોય છે. એક ઘરમાં ત્રાટકેલા બે ચોરોએ આરામથી બાવીસ લાખનો હાથફેરો કર્યો હતો. પછી નિરાંતે ટેબલ પર બેઠી સિગારેટ પીધી હતી અને બાદમાં મુદ્દામાલ લઇ નીકળી ગયા હતાં. સીસીટીવીમાં કેદ થયેલા આ બંનેને શોધવા પોલીસે ટીમો કામે લગાડી હતી.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદના પાલડીમાં પાર્શ્વનગર સોસાયટીના બંધ મકાનને નિશાન બનાવી ૨ અજાણ્યા તસ્કરોએ રૂ. ૨૨,૮૮,૫૦૦ની ચોરી કરી હતી. વેપારી હિતેશકુમાર શાહના ઘરમાંથી સોના-ચાંદીના દાગીના, રોકડ રકમ, બ્રાન્ડેડ ઘડિયાળો સહિતનો મુદ્દામાલ ચોરાયો છે. રાત્રે બારી તોડી ઘુસેલા ચોરોએ કબાટના તાળા તોડી હાથફેરો કર્યો હતો. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ હાથ ધરી હતી. પાલડી વિસ્તારમાં આવેલી એક સોસાયટીના બંધ મકાનને નિશાન બનાવીને બે અજાણ્યા તસ્કરોએ લાખો રૂપિયાની ચોરી કરી હોવાની ઘટના ઘટી હતી. રાત્રીના સમયે ઘરમાં ઘૂસેલા આ ચોરોએ સોના-ચાંદીના દાગીના, રોકડ રકમ તેમજ અન્ય કિંમતી ચીજવસ્તુઓ મળીને કુલ રૂપિયા ૨૨,૮૮,૫૦૦ના મુદ્દામાલ પર હાથફેરો કર્યો છે.

આ સમગ્ર ઘટના મામલે પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરી તસ્કરીયાઓને શોધી કાઢવા મહેનત શરૂ થઇ હતી. વધુ માહિતી અનુસાર આ ચોરીની ઘટના પાલડી વિસ્તારમાં નવા શારદા મંદિર રોડ પર આવેલી પાર્શ્વનગર સોસાયટીના મકાન નંબર ૧માં બની હતી. અહીં રહેતા અને નરોડા ખાતે શાહ ઇલેક્ટ્રોનિક્સ નામની કંપની ધરાવતા ઓગણસિત્તેર વર્ષીય વેપારી હિતેષકુમાર જયંતીલાલ શાહે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ અનુસાર, તેઓ છેલ્લા એક મહિનાથી તેમના આ મકાનની સામે આવેલા નંદિની હાઇટ્સ લેટમાં પોતાની પત્નિ સાથે રહે છે.

તેઓ વારે તેઓ પત્નિને બસમાં બેસાડીને સવા સાતેક વાગ્યે પોતાના ઘરે પક્ષીઓને ચણ નાખવા આવ્યા ત્યારે તેમણે ઘરનો મેઈન દરવાજો ખોલતા સામાન વેરવિખેર જોયો હતો. પોતાના ઘરમાં ચોરી થઈ હોવાની જાણ થતાં તેમણે પોલીસ કંટ્રોલ રૂમમાં અને પોતાના પરિવારજનોને આ બાબતે જાણ કરી હતી. બે ચોર મકાનની લોખંડની ગ્રિલના તાળાનો નકુચો કોઈ સાધન વડે તોડી, એલ્યુમિનિયમની કાચની બારી ખોલીને ઘરમાં પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ તેઓએ ડ્રોઇંગરૂમથી લઈને માસ્ટર બેડરૂમ સુધીના અલગ અલગ રૂમમાં રહેલા લાકડાના કબાટના તાળા તોડ્યા હતા.

આ ચોરોએ કબાટમાંથી ૧૧૮.૪૮ ગ્રામ વજનના સોનાના દાગીના, સોનાનો ઢોળ ચડાવેલી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ, ૩ કિલો વજનના ચાંદીના વાસણો અને સિક્કા, રૂપિયા ૪ લાખ રોકડા તેમજ વીસ બ્રાન્ડેડ ઘડિયાળો અને ૧૦૦ કીચેઇન મળીને કુલ રૂપિયા ૨૨,૮૮,૫૦૦ની ચોરી કરી હતી. સમગ્ર ઘટના મામલે પોલીસે સીસીટીવી તપાસતા આ બે અજાણ્યા ચોરોએ ભેગા મળીને આ ગુનાને અંજામ આપ્યો હોવાનું જોવા મળ્યું હતું. પોલીસે ગુનો નોંધી સીસીટીવીના આધારે વધુ તપાસ હાથ ધરી હતી. આ રીતે તસ્કરીયાઓ ગમે ત્યાં ગમે ત્યારે ત્રાટકી જતાં હોય છે. આ ચોરીમાં તો તસ્કરોએ હાથફેરો કરી લીધા બાદ ઘરમાં જ ટેબલ પર બેસી નિરાંતે સિગારેટના કસ માર્યા હતાં અને પછી નીકળી ગયા હતાં. આ દ્રશ્યો કેમેરામાં કેદ થયા હતાં. તેના આધારે આ બંને સુધી પહોંચવા પોલીસની ટીમો કામે લાગી હતી.

# કાગદડીમાં ધોળે દહાડે ચોર બન્યા મહેમાન : પાંચ લાખનો લાભ

## યુવાન માતાને લઇને બહેનના ઘરે ગયા ને ચોરટાઓને મળી તક



રાજકોટઃ તસ્કરો સમયાંતરે પોતાની હાજરીનો પરચો પોલીસને આપતા રહે છે. શહેરમાં અને ક્યારેક શહેરની ભાગળો ત્રાટકીને હાથફેરો કરતાં જ રહે છે. આ દરમિયાન રાજકોટ નજીક આવેલા કાગદડી ગામે બસ સ્ટેશન પાછળ રહેતા વેપારીના બંધ મકાનને ધોળે દિવસે નિશાન બનાવી તસ્કરો રૂ. ૪,૯૫,૦૦૦ ની માલમત્તા ચોરી જતાં પોલીસે તપાસ હાથ ધરી હતી. વેપારી યુવાન માતાને લઇ બહેખના ઘરે બપોરે ગયા અને સાંજે પરત આવ્યા ત્યાં સુધીમાં રેઢા રહેલા ઘરમાં તસ્કરો મહેમાન બની રોકડ દાગીના ઉસેડી ગયા હતાં.

વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં કુવાડવા રોડ પોલીસે કાગદડી ગામમાં બસ સ્ટેશ પાછળ ૧૦૦ વારીયા પ્લોટ મધુરમ્ એગ્રો સામે રહેતાં ધર્મેન્દ્રભાઇ પરષોત્તમભાઇ રામાણી નામના એકત્રીસ વર્ષીય વેપારી યુવાનની ફરિયાદ પરથી ચોરીનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. ધર્મેન્દ્રભાઇ રામાણી પરિવાર સાથે રહે છે અને ગવરીદળ ગામે શીવ એન્ટરપ્રાઇઝ નામની આરઓ પ્લાન્ટની દુકાન ચલાવે છે. તેણે ફરિયાદમાં જણાવ્યું છે કે મારા પિતા હયાત નથી. મારે ત્રણ બહેનો છે જે સાસરે છે. મારા લગ્ન થયા નથી. મારા બહેન બીનાબેન જે રતનપર સાસરે છે તે તથા તેમના પતિ નોકરી કરતાં હોઇ ઘરે ઓછુ રહેવાનું થતું હોઇ જેથી તેમના સોનાના દાગીના તેણે મારા માતા ભાનુબેનને સાચવવા આપ્યા હતાં.

આ દરમિયાન ગઇકાલે બપોરના આશરે બારેક વાગ્યાની આસપાસ તેઓ તથા તેમના માતા ભાનુબેન ખોડાપીપર ગામે દિકરી અનિતાબેનના ઘરે ગયા હતા. તે સમયે ઘરની અંદરની ઓસરીના મેઈન દરવાજે તથા બહાર ડેલીના દરવાજે તાળું લગાવવામાં આવ્યું હતું. સાંજે આશરે છએક વાગ્યે જ્યારે તેઓ પરત આવ્યા ત્યારે અંદરની ઓસરીનો દરવાજો તુટેલો જોવા મળ્યો હતો. ઘરમાં અંદર જઈને તપાસ કરતા પ્રથમ રૂમમાં રહેલ લોખંડના કબાટનું લોક તૂટેલું હતુ અને સામાન વેર-વિખેર પડેલો હતો.

કબાટમાં તપાસ કરતા અંદરથી રોકડ રકમ અને સોના-ચાંદીના કિંમતી ઘરેણાં ગાયબ હોવાનું જાણવા મળ્યું હતું. તસ્કરો કબાટમાં રાખેલા રોકડા રૂ. ૧૧,૦૦૦, બહેન બીનાબેનના ઘરેણાં કિંમત રૂ. ૮૮,૦૦૦ના જેમાં સોનાનું મંગળસૂત્ર, સોનાની બુટી આશરે ૧.૫ તોલા, ૩ સોનાના પેન્ડલ ૧.૫ તોલ અને ૨ સોનાની વીંટી ૧ તોલાની મળી મળી કુલ સાડા પાંચ તોલા સોનાના ઘરેણાં હતાં.

તેમજ માતા ભાનુબેનના ઘરેણાં કિંમત રૂ. ૩,૬૬,૦૦૦ના જેમાં સોનાનું મંગળસુત્ર સાડા ચાર તોલા, સોનાનો પેન્ડલ સેટ ૨ તોલા અને સોનાના ૩ દાણા સાડા સાત તોલા તેમજ ચાંદીના દાગીના કિંમત રૂ. ૩૦,૦૦૦, ચાંદીના ૩ જોડી સાંકળા, ૨ લક્કી, ૧ કંદોરો અને ૩ સિક્કા હતાં. કુલ મળી તસ્કરો રૂ. ૪,૯૫,૦૦૦ના દાગીના-રોકડ ચોરી ગયા હતાં. હેડકોન્સ. વી. ડી. મકવાણાએ ગુનો નોંધતા આગળની તપાસ ઇન્સપેક્ટર કે. પી. તરેટીયા અને સ્ટાફે હાથ ધરી હતી. આમ ધોળે દિવસે તસ્કરો હાથફેરો કરી પડકારો કરી ગયા હતાં.

### તમને સિનીયર સિટીઝન બેનીફીટ કાર્ડની સ્કીમમાં સામેલ કરાયા છે, તમારી ક્રેડીટ કાર્ડની લિમીટ દસ લાખ થઇ જશે કહી ફસાવ્યા

# APK ફાઇલ મોકલી ૧૪ લાખની છેતરપિંડી

## વૃધ્ધે પોતાને મળેલી એપીકે ફાઇલ ઇન્સ્ટોલ કરતાં જ ફોન હેક થયો અને બેંક ખાતામાંથી ધડાધડ રૂપિયા ઉપડી ગયા

રાજકોટઃ અવાર-નવાર લોકોને સાયબર ગઠીયાઓ ઇ-ચલણની કે અન્ય એપીકે ફાઇલ મોકલી મોબાઇલ હેક કરી બેંક ખાતા ખાલી કરી નાખતા હોય છે. આવી વધુ એક ઘટના સામે આવી હતી. જેમાં એક વૃધ્ધને ક્રેડીટ કાર્ડ પર દસ લાખની લિમીટની લાલચ આપી એપીકે ફાઇલ મોકલી ઇન્સ્ટોલ કરાવી તેમનો ફોન હેક કરી તેમના ખાતામાંથી પોણા પંદર લાખ ઉસેડી લીધા હતાં. આવી ઠગાઇ વારંવાર બની રહે છે. આમ છતાં લોકોમાં જાગૃકતાનો અભાવ હોવાથી તેઓ આવા ગઠીયાઓની જાળમાં આવી જાય છે.

વિગતો જોઇએ તો સુરતના શાહપોરના વૃદ્ધને ક્રેડિટ કાર્ડ પર ૧૦ લાખની લિમીટ લાલચ આપી ટોળકીએ તેમના ક્રેડિટ કાર્ડમાંથી ૧૪.૭૪ લાખની રકમ પડાવી લીધી છે. આ અંગે સાયબર ક્રાઇમમાં ફરિયાદ કરાતા પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી. એકસઠ વર્ષીય સિનીયર સિટીઝન પાલ ખરીદી કરવા ગયા હતા. આ દરમિયાન તેમના વોટ્સએપ પર અજાણ્યાના બે મેસેજ આવ્યા હતા, જેમાં એચડીએફસી બેંકનો ડિસ્પ્લે પિક્ચર હતો. ત્યારબાદ બપોરે એ જ નંબર પરથી વિડીયો કોલ આવ્યો હતો.

સામેવાળાએ પોતાની ઓળખ એચડીએફસીના અધિકારી તરીકે આપી સિનિયર સિટીઝન બેનિફિટ કાર્ડની સ્કીમ બતાવી હતી. આ કાર્ડ મેળવ્યા બાદ પેટ્રોલ પંપ પર ડિસ્કાઉન્ટ તેમજ રેલવે ટિકિટ બુકિંગમાં મોટા લાભ મળશે,




ઠગે ક્રેડિટ કાર્ડની લિમિટ રૂ. ૧૦ લાખ કરી આપવાની લાલચ આપી હતી. પછી વોટ્સએપ પર એચડીએફસી બેંકના નો એપીકે બનાવટી ફાઈલ મોકલી હતી. જે ફાઇલ ઇન્સ્ટોલ કરતા ફોન હેક થયો હતો. ત્યાર પછી ટોળકીએ નિવૃતના ક્રેડિટ કાર્ડમાંથી હિંદુસ્તાન પેટ્રોલિયમ નામે ૧૪.૧૪ લાખ અને ફોનપેના વોલેટમાં ૬૦ હજાર મળી ૧૪.૭૪ લાખની રકમ ટ્રાન્સફર કરી લીધી હતી.

રૂપિયા કપાયેલાના મેસેજ આવતા સિનીયર સિટીઝને તાત્કાલિક સાયબર ક્રાઇમના ૧૯૩૦ પર કોલ કરી ફરિયાદ કરી હતી. પેટ્રોલ પંપ પર ભારે ડિસ્કાઉન્ટ અને રેલવે ટિકિટ બુકિંગમાં મોટા લાભ બતાવી લાખોની રકમ માત્ર પોણા બે કલાકમાં જ નીકળી ગઈ વૃદ્ધને સિનિયર સિટીઝન બેનિફિટ કાર્ડની સ્કીમ બતાવી હતી. ઠગે દાવો કર્યો હતો કે આ કાર્ડ મેળવવાથી પેટ્રોલ પંપ પર ભારે ડિસ્કાઉન્ટ અને રેલવે ટિકિટ બુકિંગમાં મોટા લાભ મળશે.

આથી વૃદ્ધ લાલચમાં આવી પોતાના ક્રેડિટ કાર્ડની વિગતો વિડીયો કોલ પર જ શેર કરી દીધી હતી. ત્યાર પછી બનાવટી એપીકે ફાઈલ ઈન્સ્ટોલ કરાવતા વૃદ્ધનો ફોન હેક થયો અને લાખોની રકમ માત્ર પોણા બે કલાકમાં જ નીકળી ગઈ હતી. આ રીતે આરટીઓના ઇ-ચલણ સહિતની નકલી એપીકે ફાઇલો મોકલીને પણ અનેક ઠગાઇ અગાઉ થઇ હતી. આ કિસ્સામાં બેંકના નામે એપીકે ફાઇલ મોકલી વૃધ્ધા લાખો રૂપિયા ઉસેડી લેવામાં ગઠીયાઓ સફળ થઇ ગયા હતાં.

## અવાસ્તવિક લાલચ અને ડિજિટલ અજ્ઞાનતાઃ સાયબર માફિયાઓ માટે મોકળું મેદાન

# ડિજિટલ ઠગાઈનો બોમ્બ : ઓગસ્ટના પંદર દિવસમાં જ ૪૫.૮૯ કરોડનું ફ્રોડ

### વળતરની લાલચમાં ૧૫ કરોડ અને કરોડોની આજીવન કમાણી ધોવાઈ : ટેલિગ્રામ અને ઓનલાઈન ટાસ્ક દ્વારા ૨.૧૫ કરોડની ઠગાઈ

રાજકોટ, તા..૨૮

સાયબર ક્રાઈમ અને આર્થિક છેતરપિંડીના સતત વધી રહેલા કિસ્સાઓએ સમગ્ર રાજ્યમાં સુરક્ષા અને જાગૃતિ અંગે ગંભીર પ્રશ્નાર્થો ઊભા કર્યા છે. ડિજિટલ યુગમાં જેમ જેમ ઓનલાઈન સેવાઓ અને વ્યવહારો સરળ બન્યા છે, તેમ તેમ સાયબર ગુનેગારોની મોડસ ઓપરેન્ડી પણ વધુ જટિલ અને ચાલાક બની છે. તાજેતરમાં સામે આવેલા ૧૪ જેટલાં અલગ-અલગ કિસ્સાઓનું ગહન વિશ્લેષણ કરવામાં આવે તો સ્પષ્ટ થાય છે કે ઠગબાજોએ સામાન્ય નાગરિકોથી લઈને મોટા રોકાણકારો સુધીના તમામ વર્ગના લોકોને નિશાન બનાવ્યા છે. આ તમામ કિસ્સાઓનો કુલ નાણાકીય સરવાળો કરીએ તો સાયબર ગુનેગારો દ્વારા આચરવામાં આવેલી છેતરપિંડીનો આંકડો ૪૫.૮૯ કરોડ જેટલી માતબર રકમ સુધી પહોંચે છે, જે આર્થિક ગુનાખોરીની ગંભીરતા દર્શાવે છે. આ સમગ્ર આંકડાકીય ચિત્ર પરથી સ્પષ્ટ થાય છે કે સાયબર ગુનેગારો લોકોની લાલચ, ભય અને અજ્ઞાનતાનો પૂરતો લાભ ઉઠાવી રહ્યા છે. ૪૫.૮૯ કરોડની આ વિશાળ રકમ દર્શાવે છે કે માત્ર કાયદાકીય કાર્યવાહી પૂરતી નથી, પરંતુ નાગરિકોએ પોતે પણ ડિજિટલ વ્યવહારો કરતી વખતે અત્યંત સાવચેત રહેવું જરૂરી છે. કોઈપણ અજાણી લિંક, અડઉં ફાઈલ, અવાસ્તવિક રોકાણ સ્કીમ કે અનધિકૃત કોલ્સથી દૂર રહેવું એ જ આજના યુગમાં આર્થિક સુરક્ષાની શ્રેષ્ઠ જડીબુટ્ટી છે.



### વિવિધ હેડ હેઠળ થયેલ નાણાકીય ફ્રોડ

- ઓનલાઈન ફ્રોડ આશરે : ૧૪.૮૭ કરોડ
- છેતરપિંડી આશરે : ૯.૫૫ કરોડ
- પોન્ઝી સ્કીમ : ૧૫ કરોડ
- ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ : ૧.૭૫ કરોડ
- વર્ક પરમિટ/વીઝા ફ્રોડ : ૨૯.૯૦ લાખ
- ક્રેડિટ કાર્ડ ફ્રોડ : ૪.૪૪ લાખ
- ટેલિગ્રામ ફ્રોડ : ૧.૨૪ લાખ
- એપીકે ફાઈલ : ૧.૨૦ લાખ
- જોબ ફ્રોડ : ૧૦.૨૫ લાખ

### ઠગાઈ સીમલેસ કેમ? મુખ્ય કારણો

- નિયંત્રણ અને અમલીકરણમાં મોટો ગેપ : બેન્ક એકાઉન્ટ ખોલવા, KYC પ્રક્રિયાઓ અને સિમ કાર્ડના વેરિફિકેશનમાં કડક નિયમો હોવા છતાં બોગસ શેલ એકાઉન્ટ્સ અને ફેક સિમ કાર્ડ સરળતાથી એક્ટિવ થઈ જાય છે.
- સિસ્ટમ કરતાં ઠગો એક ડગલું આગળ : ઓનલાઈન પોન્ઝી સ્કીમ, એપીકે ફાઈલો, ક્રેડિટ કાર્ડ લિમિટ વધારવાના બહાના અને બનાવટી વિઝા/વર્ક પરમિટ જેવા રોજેરોજ નવા કસબ અજમાવાઈ રહ્યા છે. ટેકનોલોજી જેટલી ઝડપે વધી રહી છે, તેટલી ઝડપે ડિજિટલ રક્ષણના પગલાં અમલી નથી બનતા.
- આંતરરાષ્ટ્રીય અને આંતરરાજ્ય નેટવર્ક : ટેલિગ્રામ, ડાર્કવેબ અને અન્ય સિક્યોર પ્લેટફોર્મ્સ થકી ચાલતી આ લૂંટમાં આરોપીઓ સરહદ પાર કે અન્ય રાજ્યોમાંથી ઓપરેટ કરે છે, જેના કારણે સ્થાનિક પોલીસ કાયદાકીય મર્યાદાઓ અને ધીમી પ્રક્રિયાને લીધે તેમને પકડવામાં નિષ્ફળ રહે છે.
- રિકવરી દર અત્યંત નહિવત : એકવાર પૈસા ખાતામાંથી ઉપડી ગયા પછી બેન્ક ફ્રીઝિંગ સિસ્ટમ અને નાણાકીય ટ્રેસિંગ એટલું ધીમું છે કે પીડિતને પોતાના નાણાં પરત મેળવવાની આશા બહુ ઓછી રહે છે. આ સફળતા જ ઠગોની હિંમત બેવડાવે છે.

### રોકાણ અને પોન્ઝી કૌભાંડો

સાયબર છેતરપિંડીમાં સૌથી મોટું નાણાકીય નુકસાન રોકાણના નામે ચાલતી લોભામણી સ્કીમો દ્વારા થયું છે. લોકોની ઓછી મુદતમાં વધુ વળતર મેળવવાની માનસિકતાનો ફાયદો ઉઠાવીને ગુનેગારોએ જાળ બીછાવી હતી. આંકડાકીય રીતે જોઈએ તો, માત્ર એક જ ગેરકાયદેસર પોન્ઝી સ્કીમમાં લોકોએ ₹૧૫ કરોડ જેવી તોતિંગ રકમ ગુમાવી છે. આ ઉપરાંત અન્ય ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડના કિસ્સાઓમાં ₹૨.૫૦ કરોડ, ₹૧.૭૫ કરોડ અને ₹૩૭ લાખ જેવી મોટી મૂડીઓ ધોવાઈ ગઈ છે. ઠગબાજો શરૂઆતમાં નાનું વળતર આપીને વિશ્વાસ જીતે છે અને ત્યારબાદ રોકાણકારોની આજીવન કમાણી હડપ કરી લે છે.

### ઓનલાઈન-મીડિયા ફ્રોડ

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ અને મેસેજિંગ એપ્સ પણ સાયબર ઠગો માટે મોટું હથિયાર બની ગયા છે. ઓનલાઈન ટાસ્ક, શોપિંગ કે અન્ય ડિજિટલ માધ્યમોના નામે ₹૨.૧૫ કરોડ, ₹૧.૭૫ કરોડ, ₹૧ કરોડ, ₹૭૫ લાખ, ₹૭૧ લાખ અને ₹૩૦ લાખ જેવા અનેક બનાવો બન્યા છે. ટેલિગ્રામ જેવા પ્લેટફોર્મ પર ગુપ્ત રીતે ચાલતા ગૃપ્સ દ્વારા ₹૧.૨૪ લાખ થી લઈને લાખો રૂપિયા સુધીની છેતરપિંડી આચરવામાં આવી છે. આ પ્રકારના ફ્રોડમાં ગુનેગારો પોતાનું અસ્તિત્વ છુપાવીને ભોળપણનો લાભ લે છે અને બેંક ખાતાઓમાંથી નાણાં ગાયબ કરી દે છે.

### વીઝા-વર્ક પરમિટ ફ્રોડ

વિદેશ જવાની ઘેલછા અને રોજગારી મેળવવાની જરૂરિયાતનો ગેરલાભ ઉઠાવીને પણ મોટી રકમો સેરવી લેવામાં આવી છે. વિદેશના વર્ક પરમિટ અપાવવાના બહાને ₹૧૧ લાખ અને વીઝા પ્રોસેસિંગના નામે ₹૧૨.૫૦ લાખ, ₹૩.૭૫ લાખ તથા ₹૨.૬૫ લાખ ની ઠગાઈ થઈ છે. બીજી તરફ, ઘરે બેઠા પાર્ટ-ટાઈમ કે ઓનલાઈન જોબ આપવાની લાલચ આપીને યુવાનો પાસેથી ₹૧૦.૨૫ લાખ પડાવી લેવાયા છે. આ આંકડા દર્શાવે છે કે સપના પૂરા કરવાની આશામાં લોકો પોતાની મહેનતની કમાણી ગુમાવી રહ્યા છે.

### ક્રેડિટ કાર્ડ અને APK ફાઈલ ફ્રોડ

ટેકનોલોજીના અજ્ઞાનનો ફાયદો ઉઠાવીને પણ ડિજિટલ લૂંટ ચલાવવામાં આવી રહી છે. ક્રેડિટ કાર્ડની લિમિટ વધારવા કે ડિસ્કાઉન્ટની લાલચ આપીને ₹૨.૧૯ લાખ અને ₹૨.૨૫ લાખ નો ચૂનો લગાડવામાં આવ્યો છે. આ ઉપરાંત, મોબાઈલમાં શંકાસ્પદ અડઉં ફાઈલો ડાઉનલોડ કરાવીને હેકિંગ દ્વારા ₹૧.૨૦ લાખ નો ઉપાડ કરી લેવાયો છે. આવી એપ્સ ડાઉનલોડ થતાં જ મોબાઈલનો ડેટા અને ઓટીપી ગુનેગારો પાસે પહોંચી જાય છે, જેનાથી બેંક એકાઉન્ટ ખાલી થઈ જાય છે.

### સુવિધાઓ અને સિક્યોરિટી પર સવાલો

ડિજિટલ ઈન્ડિયા અને કેશલેસ ઈકોનોમી તરફ વધતા પગલાં આવકારદાયક છે, પરંતુ તેની સાથે સાયબર ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કાયદાકીય અંકુશ અત્યંત નબળા સાબિત થઈ રહ્યા છે. માત્ર ''સાવચેત રહો''ના મેસેજ મોકલીને સરકાર પોતાની જવાબદારીમાંથી મુક્ત થઈ શકે નહીં. જ્યાં સુધી બોગસ સિમ કાર્ડ ધારકો, શેલ બેન્ક એકાઉન્ટ્સ બનાવનારાઓ અને ફ્રોડ એપ્લિકેશન્સ પર કડક ડિજિટલ સરપ્રાઈઝ ઓડિટ અને ઝડપી કાયદાકીય કાર્યવાહી નહીં થાય, ત્યાં સુધી આ લૂંટનો સિલસિલો અટકવો મુશ્કેલ છે.

# ખાંડની સંગ્રહખોરી સામે તંત્રની લાલ આંખ

### ૧૫ ટીમોએ પાડેલા દરોડાથી વેપારીઓમાં ફફડાટ



રાજકોટ, તા. ૨૮

રાજ્યભરમાં આવશ્યક ચીજવસ્તુઓના ભાવ નિયંત્રણમાં રહે અને સામાન્ય નાગરિકોને વ્યાજબી ભાવે વસ્તુઓ મળી રહે તે માટે સરકાર દ્વારા સતત વિવિધ પગલાં લેવામાં આવતા હોય છે. ખાસ કરીને તહેવારોની મોસમ કે વર્તમાન બજાર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ખાંડનો પૂરતો જથ્થો બજારમાં જળવાઈ રહે અને કોઈ વેપારી કૃત્રિમ અછત ઊભી ન કરે તે હેતુથી ખાંડના જથ્થાબંધ તથા છૂટક વેપારીઓ માટે ચોક્કસ સ્ટોક મર્યાદા નક્કી કરવામાં આવી છે. આ આદેશનું પાલન થાય છે કે નહીં તે ચકાસવા માટે રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વ્યાપક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે.

સરકારના નિયમોનું કડકપણે અમલીકરણ કરાવવા માટે રાજકોટ જિલ્લા અને શહેર પુરવઠા વિભાગ દ્વારા વિશેષ એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો હતો. જે અંતર્ગત પુરવઠા અધિકારીઓની કુલ ૧૫ જેટલી અલગ-અલગ ટીમોની રચના કરવામાં આવી છે. આ ટીમોએ રાજકોટ શહેર તેમજ જિલ્લાના મુખ્ય વેપારી મથકો, દાણાપીઠ, અને ઔદ્યોગિક વિસ્તારોમાં આવેલા ગોડાઉનો પર એકસાથે દરોડા પાડીને આકસ્મિક તપાસ હાથ ધરી હતી. તંત્રના આ અચાનક પગલાંને કારણે કાળાબજારી અને સંગ્રહખોરી કરતા તત્વોમાં ભારે અફરાતફરી મચી ગઈ છે.

તપાસ દરમિયાન પુરવઠા વિભાગની ટીમો દ્વારા વિવિધ વેપારીઓની દુકાનો, પેઢીઓ અને સંગ્રહ સ્થાન (ગોડાઉન) ખાતે રૂબરૂ જઈને તપાસ કરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન નીચે મુજબના મુખ્ય મુદ્દાઓ પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું હતું. વેપારી પાસે હાજરમાં રહેલા ખાંડના ભૌતિક જથ્થાની ચકાસણી. ચોપડે દર્શાવેલ સ્ટોક અને સ્થળ પરના વાસ્તવિક જથ્થાનું બારીકાઈથી મિલન. સરકારે નક્કી કરેલી મહત્તમ સ્ટોક મર્યાદા કરતાં વધુ જથ્થો રાખવામાં આવ્યો છે કે નહીં તેની ખાતરી.

બજારમાં ખાંડનો કૃત્રિમ અભાવ ઊભો કરીને કાળોબજાર કરવાનો કે ઊંચા ભાવ વસૂલવાનો વેપારીઓનો હીન પ્રયાસ સફળ ન થાય તે માટે રાજકોટ જિલ્લા કલેક્ટર અને પુરવઠા વિભાગ સંપૂર્ણપણે સતર્ક છે. તંત્ર દ્વારા સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે નિયમભંગ કરનાર કે બિનઅધિકૃત સ્ટોક રાખનાર વેપારીઓ સામે આવશ્યક ચીજવસ્તુ ધારા હેઠળ કડકમાં કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. આ પ્રકારની સરપ્રાઇઝ ચેકિંગ ઝુંબેશ આગામી દિવસોમાં પણ સતત ચાલુ રહેશે.

# ન્યુસન્સ પોઈન્ટ નાબૂદ કરવા તંત્ર આક્રમક

### ૧૮૬ સ્થળો પર ચાલશે મહાસફાઈ ઝુંબેશ : છોટુનગર-રંગ ઉપવનમાંથી ગેરકાયદે દબાણો દૂર કરાશે

રાજકોટ, તા. ૨૮

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરને ગંદકીમુક્ત કરવા માટે એક વિશેષ અને કડક એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. શહેરના ૧૮ વોર્ડમાં ઓળખવામાં આવેલા ૧૮૬ જેટલા ન્યુસન્સ પોઈન્ટ્સને કાયમી ધોરણે દૂર કરવા માટે તંત્ર હવે એક્શન મોડમાં આવી ગયું છે.વોર્ડ નંબર ૨ માં આવેલા છોટુનગર, રંગ ઉપવન સોસાયટી, ઈષ્ટાનગર અને અમરજીત નગર જેવા વિસ્તારોમાં દબાણ અને ગંદકી ફેલાવતા ભંગારના અને શાકભાજીના વેપારીઓને હટાવવાની કામગીરી હાથ ધરાશે. આ વિસ્તારોમાં અવારનવાર સમજાવટ છતાં સ્થિતિ ન સુધરતાં હવે મનપા તંત્ર દ્વારા કડક હાથે સફાઈ અને દબાણ હટાવો ઝુંબેશ શરૂ કરવામાં આવશે. સુશોભન અને પ્લાન્ટેશન દ્વારા વિસ્તારનો કાયાકલ્પ જે સ્થળો પર વારંવાર કચરો ફેંકવામાં આવે છે તેને કાયમી ધોરણે ન્યુસન્સ મુક્ત કરવા માટે બ્યુટીફિકેશનનો માર્ગ અપનાવાશે.

કચરો ફેંકવાના સ્થળો પર બેંચ (બાંકડા) મૂકવામાં આવશે અને વોલ પેઈન્ટિંગ કરાશે. અમરજીત નગર અને ભીલવાસ જેવા સાંકડા વિસ્તારોમાં છોડ વાવીને પ્લાન્ટેશન કરવામાં આવશે. સુરક્ષા માટે સીસીટીવી કેમેરા પણ ગોઠવવામાં આવશે. પીડીએમ કોલેજ મામલતદાર કચેરી પાસે, પી એન્ડ ટી કોલોની અને શાસ્ત્રીનગર વેલનાથ ચોક જેવા વિસ્તારોમાં રાત્રિના સમયે બહારના લોકો દ્વારા કચરો નાખવાની ફરિયાદો મળી છે. આ પ્રવૃત્તિ અટકાવવા માટે એક્શન પ્લાન હેઠળ સિક્યુરિટી ગાર્ડ તૈનાત કરવાનું આયોજન કરાયું છે.



સંતોષીનગર અને રેલનગર મેઈન રોડ સહિતના બજારોમાં જે વેપારીઓ કે દુકાનદારો જાહેરમાં કચરો ફેંકશે તેમની સામે આકરા પગલાં લેવાશે. તંત્ર દ્વારા નોટિસ પાઠવીને વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવશે. આ ઉપરાંત સાંકડી શેરીઓ અને બજારોમાં વેપારીઓની અનુકૂળતા મુજબ સમયસર ટિપરવાન દોડાવવાની સૂચના આપવામાં આવી છે. સફાઈ વ્યવસ્થાને પહોંચી વળવા માટે ત્રણેય ઝોનમાં કુલ ૯૪ ટિપરવાન ફાળવવામાં આવી છે. જેમાં સૌથી વધુ ૧૨૯ ન્યુસન્સ પોઈન્ટ ધરાવતા ઈસ્ટ ઝોનમાં ૩૩ ટિપરવાન, ૬૧ ન્યુસન્સ પોઈન્ટ ધરાવતા સેન્ટ્રલ ઝોનમાં ૩૩ ટિપરવાન અને સૌથી ઓછા ૫૭ ન્યુસન્સ પોઈન્ટ ધરાવતા વેસ્ટ ઝોનમાં ૨૮ ટિપરવાન ફાળવવામાં આવી છે.

# રાજકોટમાં જન્માષ્ટમી પૂર્વે જળ સંકટ

### સેન્ટ્રલ-વેસ્ટ ઝોનના વિવિધ વિસ્તારોમાં બે દિવસ પાણી કાપ

રાજકોટ, તા. ૨૮

રાજકોટ શહેરમાં ચાલુ વર્ષે પૂરતા વરસાદના અભાવે જળાશયોમાં પૂરતા પ્રમાણમાં નવા પાણીની આવક થઈ નથી, જેના પગલે મહાનગરપાલિકા દ્વારા આગામી વર્ષ સુધી પાણી પુરવઠો જાળવી રાખવા માટે સરકાર પાસે અગાઉથી જ પાણીની માંગણી કરી લેવામાં આવી છે. આવી પરિસ્થિતિ વચ્ચે વિવિધ ઈજનેરી અને ટેકનિકલ કામગીરીના કારણે જન્માષ્ટમીના તહેવારો પૂર્વે જ શહેરના ૧૪૦થી વધુ વિસ્તારોમાં તબક્કાવાર પાણી કાપ ઝીંકાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ભાદર યોજનાના ગોંડલ પમ્પિંગ સ્ટેશન ખાતે ઈલેક્ટ્રો-મિકેનિકલ મશીનરી ઓગ્મેન્ટેશન અંતર્ગત નવી ૯૦૦ એમ.એમ. હેડર લાઈનનું જોડાણ કરવાનું હોવાથી આવનારી



૩૦ ઓગસ્ટ, રવિવારના રોજ સેન્ટ્રલ ઝોન હસ્તકના ગુરુકુળ હેડવર્કસ આધારિત ઢેબર રોડ સાઈડના વોર્ડ નં. ૭ (પાર્ટ), ૧૪ (પાર્ટ) અને ૧૭ (પાર્ટ)ના ૪૦થી વધુ વિસ્તારોમાં પાણી વિતરણ સંપૂર્ણપણે બંધ રહેશે. આ ઉપરાંત, આજીથી મવડી તરફ જતી ૯૦૦ એમ.એમ.ની મુખ્ય લાઈન સાથે નવી ૧૦૧૬ એમ.એમ. ડાયા પાઈપલાઈનના જોડાણની કામગીરી સબબ ૧ સપ્ટેમ્બર, મંગળવારના રોજ મવડી હેડવર્કસ હેઠળ આવતા ન્યૂ રાજકોટના વોર્ડ નં. ૮ (પાર્ટ), ૧૦ (પાર્ટ), ૧૧ (પાર્ટ), ૧૨ (પાર્ટ) અને ૧૩ (પાર્ટ)ના ૯૯થી વધુ વિસ્તારોમાં સવારના સેશનમાં પાણી પુરવઠો બંધ રાખવામાં આવશે.

સાતમના આઠમના તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે જ મહાપાલિકા દ્વારા હાથ ધરાયેલા આ શટડાઉનના લીધે તહેવારના દિવસોમાં સ્થાનિક રહીશો અને ગૃહિણીઓએ પાણીનો અગાઉથી સંગ્રહ કરી રાખવો પડશે, જેથી મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતાને આ મુશ્કેલી અંગે નોંધ લઈ સહકાર આપવા અપીલ કરવામાં આવી છે.